સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત


# સ્વામિનારાયણ પ્રકાશ


વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
ડિસેમ્બર, ૨૦૧૮





તીર્થધામ બોચાસણમાં
શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને
મહંત સ્વામી મહારાજે અર્પણ કરી -

## શ્રી સ્વામિનારાયણ આરતી, મહાપૂજા અને સહજાનંદ નામાવલિ










## અક્ષરતીર્થ ગોંડલ ખાતે યોજાયા દીપાવલિ-અન્નકૂટોત્સવ

અક્ષરતીર્થ ગોંડલ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં દીપાવલિ અને અન્નકૂટોત્સવ પર્વ શાનદાર રીતે ઊજવાયા. હજારો હરિભક્તોએ સાક્ષાત્ સ્થાન શ્રી અક્ષરદેરી તથા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ ધરવામાં આવેલા અન્નકૂટનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. નૂતન વર્ષારંભના પવિત્ર પ્રભાતે મહાપૂજા સાથે સૌ પર આશીર્વાદનો અભિષેક કરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌનાં સુખ-શાંતિ માટે મંગલ પ્રાર્થનાઓ કરી હતી...




**તાજેતરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નૂતન શ્રી સ્વામિનારાયણ મહાપૂજા, શ્રી સ્વામિનારાયણ આરતી અને શ્રી સહજાનંદ નામાવલિની રચના કરવામાં આવી છે. તેઓના આદેશ મુજબ આગામી તા. ૧૫ ડિસેમ્બરના રોજ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવની ઉજવણી કરીને લાખો ભક્તો નિત્ય જીવનમાં આ સ્વામિનારાયણ આરતી તથા મહાપૂજા-નામાવલિને અનુસરશે. તા. ૨૪-૧૧ના રોજ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને તે અર્પણ કરવામાં આવી તે વેળાએ હર્ષભર્યા પરમ પૂજ્ય સ્વામીશ્રીનો સૌને આશીર્વાદ-આદેશ પાઠવતો મહિમાસભર પત્ર માણીએ...**



HH MAHANT SWAMI MAHARAJ
(Swami Keshavjivandas)

સ્વામી-શ્રીજી
પ.પૂ. પ્રમુખ સ્વામી

બોચાસણ
કાર્તિક વદ પડવો
૨૪-૧૧-૧૮
શનિવાર

વિજયના ડંકા — આરતીના ડંકા


પ્રતિ
મહારાજ સ્વામીના સર્વે આશ્રિતો
[illegible] સપ્રેમ પ્રેમપૂર્વક
જયશ્રી સ્વામિનારાયણ.

આજે મને અને સર્વે સંતો હરિભક્તોને ખૂબ ખૂબ આનંદ થયો. કેમકે અક્ષર-પુરુષોત્તમ મહારાજના મહિમાની આરતી, મહાપૂજા અને નામાવલી થઈ. શાસ્ત્રીજી મહારાજના મનમાં જે આરતી હતી તે આજે સાકાર થઈ. મહારાજ-સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને પ્રમુખ સ્વામી મહારાજ સાક્ષાત્ આવેલા હતા. શાસ્ત્રીજી મહારાજના દર્શને નિહાળવા [illegible] ન આવે.

અક્ષર-પુરુષોત્તમની આરતી ભવ્ય છે. મહિમા અને શ્રદ્ધાથી જે તેને [illegible] મહારાજ સ્વામી તેડવા આવશે અને તેને પરમ શાંતિનો અનુભવ થશે.

અક્ષર-પુરુષોત્તમની મહાપૂજામાં શબ્દે શબ્દે મહિમા ભર્યો છે તેને જે સાચા ભાવથી કરશે — કરાવશે તેના બધા સંકલ્પો પૂર્ણ થશે અને તને — અને — ધને સુખી થશે. તેના અંતરમાં પરમ શાંતિ, શાંતિ શાંતિ થશે અને ખરેખર તો આધ્યાત્મિક પ્રગતિ થશે.

B.A.P.S. Swaminarayan Mandir, Shahibaug Road, Ahmedabad – 380 004. Gujarat. India
Email: [illegible] – www.baps.org



HH MAHANT SWAMI MAHARAJ
(Swami Keshavjivandas)

નામાવલીમાં મહારાજનો મહિમા છે તેમાં બધું આવી ગયું. આનો પાઠ કરવાથી દુઃખમાત્ર દૂર થશેને પરમ સુખની પ્રાપ્તિ થશે.

મૂળ તો અંતરમાં અક્ષર-પુરુષોત્તમ, અક્ષર-પુરુષોત્તમ થયા કરેને અક્ષર-પુરુષોત્તમનો મહિમા જીવમાં દૃઢ થાય તે કરવાનું છે.

હવે આ આરતી, મહાપૂજાને નામાવલી હજારો વર્ષ ચાલશે. અને હજારો વર્ષ સુધી ભક્તોને પરમ સુખ આપશે.

જયશ્રી સ્વામિનારાયણ


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૦, અંક : ૧૨,**
**ડિસેમ્બર, ૨૦૧૮**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**

લેખ-૧૦

પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત

# અક્ષરપુરુષોત્તમ દર્શન

લેખમાળા





■ મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ

### પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શ્રી મહંત સ્વામી મહારાજે રચાવેલ

## શ્રી સ્વામિનારાયણ આરતી

### આસ્વાદ અને અર્થબોધ

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય, દર્શન સર્વોત્તમ... જય સ્વામિનારાયણ....ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્,
સર્વોપરી કરુણાકર, માનવ તનુધારમ્... જય સ્વામિનારાયણ.... ૧.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ,
અક્ષરબ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ... જય સ્વામિનારાયણ.... ૨.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા,
ધર્મ એકાંતિક સ્થાપક, ભક્તિ પરિત્રાતા... જય સ્વામિનારાયણ.... ૩.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ,
સુહૃદભાવ અલૌકિક, સ્થાપિત શુભ રીતિ... જય સ્વામિનારાયણ.... ૪.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્,
યજ્ઞપુરુષ પ્રવર્તિત સિદ્ધાન્તં સુખદમ્... જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
જય સ્વામિનારાયણ.... ૫.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે રચાવેલ આ આરતી શ્રી સ્વામિનારાયણ ભગવાનની એટલે કે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી છે. સ્વામી સહિત વિરાજમાન એવા નારાયણની આ આરતી છે. અક્ષરે સહિત વિરાજમાન એવા પુરુષોત્તમની આ આરતી છે.

સાચા ભક્તનું અંતર સતત પરમાત્માના જયજયકારથી ગુંજતું હોય છે. સદા સર્વત્ર પરમાત્માનો જ જય છે – એવા પરમ સત્યથી તેનું હૈયું છલકાતું રહે છે. 'જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ' – આરતીની પ્રથમ પંક્તિના આ શબ્દોમાં સ્વામિનારાયણ ભગવાનનો એટલે કે અક્ષર-પુરુષોત્તમ મહારાજનો જયજયકાર ગુંજી રહ્યો છે.

વળી, શ્રીજીમહારાજે પોતે જ પોતાના હૃદ્ગત સિદ્ધાંતને સમાવતો સ્વામિનારાયણ મહામંત્ર આશ્રિતોને જપવા માટે આપ્યો હતો. તેમાં 'સ્વામિ' શબ્દથી અક્ષરબ્રહ્મને સમજવા અને 'નારાયણ' શબ્દથી પુરુષોત્તમ-પરબ્રહ્મને સમજવા એમ પોતે જ સ્પષ્ટતા કરી હતી. આમ, સ્વામી સહિત વિરાજતા નારાયણ એટલે સ્વામિનારાયણ અને અક્ષર સહિત વિરાજતા પુરુષોત્તમ એટલે અક્ષરપુરુષોત્તમ – એમ 'સ્વામિનારાયણ' અને 'અક્ષરપુરુષોત્તમ' શબ્દોનો અહીં અર્થ થાય છે.

આ રીતે સ્વામિનારાયણ અને અક્ષરપુરુષોત્તમ આ બંને શબ્દો એકબીજાના પર્યાય શબ્દો બને છે. આથી, સ્વામિનારાયણનો જયજયકાર એટલે અક્ષરપુરુષોત્તમનો જયજયકાર અને અક્ષરપુરુષોત્તમનો જયજયકાર એટલે સ્વામિનારાયણનો જયજયકાર એ પરમ સત્ય અહીં છલકાય છે. વળી, અત્ર-તત્ર-સર્વત્ર સ્વામિનારાયણ ભગવાનનો એટલે કે અક્ષરપુરુષોત્તમ મહારાજનો જય થાવ એવી ભક્તની લાગણી પણ આ શબ્દોમાં પડઘાઈ છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ તેમના ઉત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ સાથે બિરાજતા હોય તે મૂર્તિમાન નિહાળવા મળે તેથી ઉત્તમ બીજું શું જોવા જેવું હોઈ શકે? સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમનાં એકસાથે દર્શન થાય તે જ આપણાં નયનોની સાર્થકતા છે. આવાં દર્શન તો ભાગ્યશાળીને થાય અને આ દર્શન કરે તેનાં ભાગ્ય ઊઘડી જાય. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રત્યેક મંદિરમાં આવાં દર્શન થાય છે. તેથી જ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં – સ્વામિનારાયણ ભગવાનનાં આ દિવ્ય અને અલૌકિક દર્શન સર્વોત્તમ દર્શન - સર્વશ્રેષ્ઠ દર્શન છે, એમ અહીં કહેવામાં આવ્યું છે.

વળી, 'દર્શન' શબ્દનો અર્થ તત્ત્વજ્ઞાન - તત્ત્વસિદ્ધાંત પણ થાય છે. સ્વામીરૂપ થઈ નારાયણની દાસભાવે ઉપાસના-ભક્તિ કરવી એટલે કે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની દાસભાવે ઉપાસના-ભક્તિ કરવી એ શ્રીજીમહારાજે સ્થાપેલા દાર્શનિક તત્ત્વસિદ્ધાંતનું રહસ્ય છે. આથી, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત આ અક્ષરપુરુષોત્તમ દર્શન પણ સર્વોત્તમ દાર્શનિક તત્ત્વસિદ્ધાંત છે, એવી ભાવના અહીં પ્રતિબિંબિત થઈ છે.

આમ, આરતીના આરંભની પંક્તિનો આ ભાવાર્થ છે.

ત્યારપછીની પંક્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થયો છે.

- પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતાના અક્ષરધામને વિશે સદા સાકાર સ્વરૂપે વિરાજમાન છે. તેમનું દિવ્ય સ્વરૂપ સર્વાંગ સંપૂર્ણ છે અને સુંદર છે. અક્ષરના સાધર્મ્યને પામેલા અનંત મુક્તો એ પુરુષોત્તમ નારાયણની પૂજા એટલે કે ઉપાસના-ભક્તિ કરે છે.
- આવા સ્વામિનારાયણ ભગવાન એટલે કે અક્ષરપુરુષોત્તમ મહારાજ તેઓ કેવળ કરુણાએ કરીને જ આ લોકમાં મનુષ્ય શરીર ધારણ કરી પધારે છે.
- આપણા માટે અહોભાગ્યની વાત તો એ છે કે શાસ્ત્રોમાં જેને પુરુષોત્તમ, નારાયણ કે પરબ્રહ્મ કહ્યા છે તેઓ સ્વયં સહજાનંદ શ્રીહરિરૂપે અવતર્યા ને આપણને તેમનો આશરો મળ્યો.

  વળી, શાસ્ત્રોમાં જેને અક્ષર, બ્રહ્મ કે અક્ષરબ્રહ્મ કહ્યા છે તેઓ પણ સ્વયં ગુણાતીતાનંદ સ્વામીરૂપે સહજાનંદ શ્રીહરિની સાથે આ લોકમાં અવતર્યા અને આપણને તેમની ઓળખાણ થઈ. એટલે આપણા માટે પુરુષોત્તમ નારાયણ અને અક્ષરબ્રહ્મ આ બે તત્ત્વો પરોક્ષ નથી પણ પ્રગટ પ્રમાણ છે એ સિદ્ધાંત અહીં ઘૂંટાઈ રહ્યો છે.
- તેમાં પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ શ્રીહરિ સર્વોપરી ભગવાન છે, સર્વકર્તા છે. તેમણે જ આ લોકમાં પધારી એકાંતિક ધર્મની સ્થાપના કરી, બ્રહ્મરૂપે ભક્તિ-પ્રીતિ કરવાનો સિદ્ધાંત સ્થાપ્યો અને તેઓ જ આપણા પરમ મુક્તિના દાતા બન્યા. એટલું જ નહીં, પોતે સ્થાપેલા આ વિશિષ્ટ સિદ્ધાંતને, પરમ મુક્તિના માર્ગને અનંત કાળ સુધી અખંડિત રાખવા સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુઓ દ્વારા સદા પ્રગટ રહ્યા.
- સ્વામિનારાયણ ભગવાન અને આપણા ગુણાતીત ગુરુઓએ આપણને સાધનાનો માર્ગ પણ સ્પષ્ટ કરી આપ્યો. તેમની કૃપાથી આપણી ભક્તિમાં દાસત્વનો વૈભવ ભળ્યો. તેમની કૃપાથી આપણી દૃષ્ટિમાં દિવ્યતાનાં પીયૂષ પુરાયાં. તેમની જ કૃપાથી આપણે બ્રહ્મરૂપતા પ્રાપ્ત કરી પરબ્રહ્મની ઉપાસનાના અધિકારી બન્યા. તેમણે જ આપણને સંપ-સુહૃદભાવ અને એકતાના પાઠ શિખવાડી સત્સંગના સાચા સુખમાં ગરકાવ કર્યા. આ બધું તેમણે જ કર્યું. આ અલૌકિક રીત તેમણે અનંત મુમુક્ષુઓના કલ્યાણ માટે સ્થાપી.
- ખરેખર, આજે આપણું જીવન ધન્યતા અને પરમ સુખ અનુભવે છે, કારણ કે સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું અને તેમના અખંડ ધારક સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને ગુણાતીત ગુરુપરંપરાનું દિવ્ય અલૌકિક શરણું પ્રાપ્ત થયું.

● પરંતુ આ બધું થયું તેમાં આપણે બ્રહ્મસ્વરૂપ યજ્ઞપુરુષદાસજી એટલે કે શાસ્ત્રીજી મહારાજનો સાચા અંતરથી અનંત ઉપકાર માનવો જોઈએ. કારણ કે તેમણે જ સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો દૃઢ પ્રસંગ કરી પ્રાપ્ત કર્યો. સહજાનંદ શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને ગુણાતીતાનંદ સ્વામીના મૂળ અક્ષરપણાના પ્રવર્તન માટે તેમણે પોતાનું સમગ્ર જીવન ન્યોચ્છાવર કરી દીધું. ગગનચુંબી શિખરબદ્ધ મહામંદિરો બાંધી તેના મધ્યખંડમાં સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ શ્રીહરિની સાથે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી મહારાજની પંચધાતુની ભવ્ય મૂર્તિઓ પધરાવી. અખિલ સ્વામિનારાયણ સંપ્રદાય માટે આ અભૂતપૂર્વ, અદ્વિતીય અને સર્વોચ્ચ કાર્ય હતું. સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વસિદ્ધાંતને 'અક્ષરપુરુષોત્તમ' નામાભિધાન સાથે તેમણે જ મૂર્તિમાન કર્યું.

પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને અતિ કૃપા કરીને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત પ્રબોધ્યો અને સ્થાપ્યો એ વાત પરમ સત્ય છે, સાથે સાથે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જે તેનું પ્રવર્તન કર્યું તે પરમ ઉપકારક સત્યને પણ ક્યારેય ભુલાય તેમ નથી. આથી જ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે અતિ આગ્રહપૂર્વક આ આરતીના પદમાં અંતે અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રખર પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજનું નામ યજ્ઞપુરુષ મુકાવ્યું છે.

### ઉપસંહાર

આ રીતે આરતીના આ પદમાં –

● પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનનો મહિમા છે. તેઓ સદા સાકાર છે, સર્વોપરી છે, સર્વકર્તા છે અને અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુઓ દ્વારા સદા પ્રગટ છે ઇત્યાદિ દિવ્ય ગુણોનું ચિંતવન છે.

● શાસ્ત્રોમાં જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે તે સહજાનંદ શ્રીહરિ પોતે છે અને જેને અક્ષરબ્રહ્મ કહ્યા છે તે ગુણાતીતાનંદ સ્વામી છે, તે સંપ્રદાયમાં પ્રસિદ્ધ વાતનું અનુસંધાન છે.

● એકાંતિક ધર્મનું સ્થાપન, બ્રહ્મરૂપે ભક્તિ તથા પરમ મુક્તિ ઇત્યાદિ વિશિષ્ટ સિદ્ધાંતોનું સ્મરણ છે.

● દાસત્વ, દિવ્યદૃષ્ટિ, સુહૃદયભાવ તથા બ્રહ્મરૂપતા ઇત્યાદિ સ્વામિનારાયણીય સાધના-માર્ગનું વર્ણન છે.

● અલૌકિક પ્રાપ્તિ અને આશરાથી જન્મેલી જીવનની ધન્યતાનો - પૂર્ણકામપણાનો અનુભવ છે.

● સિદ્ધાંત પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજને વિશેષ અંજલિ છે.

આમ, આ આરતી પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની સ્વામિનારાયણ ભગવાન એટલે કે અક્ષરપુરુષોત્તમ મહારાજ પ્રત્યેની, અને સ્વામી સહિત નારાયણને, અક્ષર સહિત પુરુષોત્તમને ગગનચુંબી શિખરબદ્ધ મંદિરના મધ્ય ખંડમાં ધાતુની મૂર્તિરૂપે પધરાવનાર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ - યજ્ઞપુરુષદાસજી પ્રત્યેની અતિ દિવ્યતાસભર સર્વોચ્ચ સ્મરણાંજલિ છે.

આ આરતી પરબ્રહ્મ સ્વામિનારાયણના અનન્ય આશ્રિતોનો અંતર્નાદ છે, પ્રાર્થના છે.

આ આરતી પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને વરેલા ભક્તોનાં કેફ-મસ્તીનો પ્રતિધ્વનિ છે.


આ આરતી ઇષ્ટભક્તિ, ગુરુભક્તિ અને સિદ્ધાંતભક્તિનો ત્રિવેણી સંગમ છે.

આ આરતી સાચા અર્થમાં સ્વામિનારાયણની આરતી છે.

આ આરતી સમગ્ર બી.એ.પી.એસ. પરિવારનો હૃદયોદ્‌ગાર છે.


અને, સૌથી વિશેષ તો એ જ કે આ આરતી આપણા સૌના પ્રાણપ્યારા ગુરુહરિ શ્રી પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે તેમનાં જ ચરણે ભદ્રભાવે અર્પણ કરેલું એક ભક્તિઅર્ઘ્ય છે.


◆



## અક્ષરધામ રોકડું છે...

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય પ્રતાપથી અક્ષરપુરુષોત્તમ મહારાજના સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ આરતીના ડંકા વાગ્યા, તેનો અપાર હર્ષ અનુભવતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અનંત ઉપકારોની સ્મૃતિઓમાં દિવસ-રાત રમમાણ રહે છે. તાજેતરમાં તા. ૨૭-૧૧-૨૦૧૮ના રોજ બોચાસણ ખાતે તેઓશ્રી નાદુરસ્ત સ્વાસ્થ્ય વચ્ચે હળવો આરામ કરી રહ્યા હતા. આ દરમ્યાન તેઓને સ્વપ્નમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની દિવ્ય અનુભૂતિ થઈ. એ અનુભૂતિથી રોમાંચિત થતાં સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા સ્વીકારીને નાદુરસ્ત સ્વાસ્થ્ય વચ્ચે પણ સતત દોઢ કલાક સુધી શ્રમ લઈને આ મહિમાસભર પત્ર લખ્યો છે. શાસ્ત્રીજી મહારાજના દિવ્ય ગુણો, અક્ષરપુરુષોત્તમ પ્રત્યેની તેમની અપાર અને અનન્ય નિષ્ઠા, દાસત્વની ચરમસીમા વગેરેનો નિર્દેશ કરી તેમણે અક્ષરપુરુષોત્તમના સર્વોપરિ સ્વરૂપની વાત અહીં લખી છે. સ્વામીશ્રીના પ્રાસાદિક હસ્તાક્ષરમાં જ પ્રસ્તુત છે એ પત્ર...


HH MAHANT SWAMI MAHARAJ
(Swami Keshavjivandas)
HH MAHANT SWAMI MAHARAJ
(Swami Keshavjivandas)
-૨-
HH MAHANT SWAMI MAHARAJ
(Swami Keshavjivandas)
-૩-
HH MAHANT SWAMI MAHARAJ
(Swami Keshavjivandas)
-૪-



# આરતી

## પ્રેમ-જ્યોતિથી પરમાત્માને વધાવતી મહિમાવંતી આરતીની મર્મ-ઇતિહાસગાથા

■ સાધુ અક્ષરવત્સલદાસ

આ ભારતની ભૂમિ છે. અહીં વહેલી સવારે પક્ષીઓનો કલરવ ગુંજે તે પહેલાં ગામડે ગામડે આરતીની ઘંટડીઓ ખણખણવા લાગે છે. અહીં આજેય કરોડો પરિવારોની સવાર ઊઘડે છે આરતીથી. કરોડો પરિવારોમાં સાંજ પડે છે આરતીથી. મંદિરોમાં ગુંજતા આરતીનાદ અને નગારાં-શંખ-ઝાલર-ઘંટના ધ્વનિથી ભારત આજેય અલંકૃત બનતું રહ્યું છે. સદીઓથી હિંદુ પરંપરામાં આરતી એવી રગરગમાં પ્રવર્તી ચૂકી છે કે અહીં બધા જ માંગલિક પ્રસંગોનો આરંભ કે પૂર્ણાહુતિ આરતીથી જ થાય છે.

આરતી હિંદુ ધર્મની એક આધ્યાત્મિક વિરાસત છે.

આરતી એક વૈદિક પરંપરા છે, એક દૈનિક સાધના છે.

આરતી એટલે પરમાત્માની અનન્ય ભક્તિ કરવાની એક વિશિષ્ટ વેળા.

આરતીને સંસ્કૃતમાં 'आरात्रिकम्' અથવા 'आरार्तिकम्' કે 'नीराजनम्' પણ કહે છે. આરતીમાં જે ભાવ મુખ્યત્વે સમાયા છે તે 'આરતી', 'આરાત્રિકમ્', 'નીરાજનમ્' શબ્દમાં અભિવ્યક્ત થાય છે.

આરતી શબ્દમાં 'आ' અને 'रति' જેવા બે શબ્દોનું સંયોજન છે. 'रति' એટલે પ્રેમ. 'आ' ઉપસર્ગ લાગતાં તે પ્રેમમાં પૂર્ણતા ઉમેરાય છે. ટૂંકમાં 'आ+रतिः' એટલે પૂર્ણ પ્રેમ. 'आ+रतिः' એટલે પરમાત્મા કે ગુરુ પ્રત્યેના પૂર્ણ પ્રેમમાંથી ઉદ્‌ભવેલ ભક્તિક્રિયા. આરતી એટલે પરમાત્મા, ગુરુ, શ્રદ્ધેય વ્યક્તિ પ્રત્યે પ્રેમસભર કૃતજ્ઞતાની ભાવના.

આરતી માટે વપરાતા नीराजनम् શબ્દનો અર્થ થાય છેઃ निःशेषेण राजनम् प्रकाशनम्। અર્થાત્ વિશેષરૂપે પ્રકાશિત કરવું. 'આરાત્રિક'નો અર્થ થાય છેઃ 'રાત્રીને અર્થાત્ અંધકારને દૂર કરે છે તે આરતી.' અંધકારમાંથી પ્રકાશ તરફ જવાની પ્રેરણા આપે છે આરતી.

એક કે તેથી વધુ દીપ પ્રગટાવીને તેના દ્વારા પરમાત્માની મૂર્તિનાં અંગ અંગને પ્રકાશિત કરવા માટે એ દીપસમૂહને પરમાત્માના

શ્રીવિગ્રહની ચારે તરફ ફેરવવો - એનું નામ આરતી. બીજા શબ્દોમાં કહો તો પરમાત્માનાં દર્શનનો દિવ્ય આનંદ મેળવવા, તેમના શ્રીવિગ્રહને પૂર્ણપણે પ્રકાશિત કરવાની ભક્તિક્રિયા એટલે આરતી.

ભગવાનની મૂર્તિ સમક્ષ આરતી ઘુમાવવાની પ્રક્રિયાનો મર્મ એ પણ છે કે પરમાત્માના કેન્દ્રની આસપાસ સમગ્ર જીવન કે જગત ઘૂમે છે. આપણા જીવનના કેન્દ્રમાં પરમાત્મા છે, તેની યાદ અપાવે છે આરતી. પ્રત્યેક ક્ષણે જીવનના કેન્દ્રમાં પરમાત્મા રહે તો સકલ જીવન પરમાત્માની આરતી બની રહે છે. એવી વ્યક્તિ સુખ-દુખનાં ચઢતાં-ઊતરતાં મોજાંઓથી પર થઈને નિત્ય દિવ્ય આનંદમાં મહાલે છે. પરમાત્માની આરતી ઉતાર્યા બાદ અંતે ચારે દિશાઓમાં ફરીને આરતી કરવાનો પણ ઉદ્દેશ્ય એટલો જ છે કે મારી ચારેય તરફ સર્વત્ર-સર્વમાં પરમાત્માનો વાસ છે, તેમની અનુભૂતિ કરીને હું એમને આરતીથી વધાવું છું.

આરતી એ ભગવાનની ૧૬ રાજોપચારોથી થતી પ્રેમસભર પૂજાવિધિમાંનો એક ઉપચાર છે. એમ માનવામાં આવે છે કે પૂજનવિધિમાં જે કાંઈ ત્રુટિ રહી ગઈ હોય તે બધી જ ત્રુટિ આરતીથી પૂર્ણ થઈ જાય છે.

સ્કંદપુરાણમાં કહેવાયું છેઃ

मन्त्रहीनं क्रियाहीनं यत् कृतं पूजनं हरेः।
सर्वं सम्पूर्णतामेति कृते नीराजने हरौ॥

અર્થાત્ કદાચ આપણે મંત્રપાઠ ન કરી શકીએ કે કર્મકાંડ ન કરી શકીએ તો પણ ભક્તિભાવથી આરતી કરી લેવાથી તેમાં બધાનો સમાવેશ થઈ જાય છે.

આરતી એટલે તમામ વિધિ-વિધાનોનો સરવાળો.

પુરાણકાળથી આરતીનું એટલું બધું મહત્ત્વ પ્રવર્ત્યું છે કે આરતી કરવામાં તો અપાર પુણ્યફળ છે જ, પરંતુ આરતીનાં દર્શનનું પણ એવું જ પુણ્યફળ પ્રાપ્ત થાય છે.

વિષ્ણુધર્મોત્તર ઉચ્ચારે છેઃ

धूपं चारात्रिकं पश्येत् कराभ्यां च प्रवन्दते।
कुलकोटिं समुद्धृत्य याति विष्णोः परं पदम्॥

અર્થાત્ ભગવાનને અર્પણ થતી ધૂપ-આરતી વેળાએ જે તેનું યથાર્થ મહિમાપૂર્વક દર્શન કરે છે અને બંને હાથોથી તેની આશકા લે છે તે કોટિ કોટિ પેઢીઓનો ઉદ્ધાર કરે છે અને પરમપદ એટલે કે મોક્ષ પ્રાપ્ત કરે છે.

ભગવાનની મૂર્તિના આવર્તનથી આરતીની જ્યોત વિશિષ્ટ 'વિદ્યુત જ્યોત' બની રહે છે. એવી વિદ્યુત જ્યોતની અસરને પોતાના હાથ દ્વારા ઝીલીને, પોતાની જ્ઞાનેન્દ્રિયોના કેન્દ્રસમા મુખ અને મસ્તકે ધારણ કરવાથી આપણી જ્ઞાનેન્દ્રિયો અને મસ્તિષ્ક દિવ્યત્વથી વધુ તેજસ્વી બને છે.

વિષ્ણુધર્મોત્તર ગ્રંથ નોંધે છેઃ

यथैवोर्ध्वगतिर्नित्यं राजन् दीपशिखा शुभा।
दीपदातुस्तथैवोर्ध्वं गतिर्भवति शोभना॥
निराजनबलिर्विष्णोर्यस्य गात्राणि संस्पृशेत्।
यज्ञलक्षसहस्राणां लभते स्नानजं फलम्॥

અર્થાત્ આરતી કરનાર ભક્ત, તેની જ્યોતની જેમ ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે. આરતી જેના ગાત્રને સ્પર્શે છે તેને હજારો યજ્ઞોના અંતે થતા અવભૃથ સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. આરતી, સાચા અર્થમાં હૃદયની ભાવપૂર્ણ પ્રાર્થના બની રહે તો એનાં અનંત સુખદ પરિણામોની જ્યોતિ આપણા જીવનપથને ઉજાળે જ ઉજાળે એ ચોક્કસ છે.

## આરતીનો પૂર્વ ઇતિહાસ અને પરંપરા

ભારતની ભક્તિ પરંપરામાં આરતીનો પ્રારંભ ક્યારથી થયો હશે તેની ચોક્કસ વિગતો ઉપલબ્ધ નથી, પરંતુ વિદ્વાનો માને છે કે આરતીનું મૂળ ઘણું પ્રાચીન છે. વૈદિક યુગ દરમિયાન થતા હોમ-યજ્ઞનાં વિધિ-વિધાનોમાંથી આરતી ઊતરી આવી હોવાનું વિદ્વાનો માને છે. યજ્ઞનો જ અગ્નિ દેવતાઓ સમક્ષ ધરીને તેમને વધાવવાનો વિધિ તરીકે પ્રચલિત બન્યો આરતી રૂપે. ધીમે ધીમે આરતી એવો પૂજા-ક્રમ બની ગયો કે કોઈપણ મંગલ કાર્ય આરતી વિના ન હોય.

આરતીના પ્રારંભ વિશે એક અન્ય મત પણ પ્રવર્તે છે.

વૈદિક યજ્ઞ-યાગાદિકમાંથી જ મંદિરોની પરંપરા વિકસી ત્યારે પ્રાચીન મંદિરોમાં ગર્ભગૃહોની રચના એવી કરવામાં આવતી હતી કે, બહારથી ક્યાંય પ્રકાશ અંદર જઈ શકે નહીં. જો કે તેની પાછળ એક દાર્શનિક ચિંતન પણ છે.[1] પરંતુ મોટે ભાગે અંધકારયુક્ત ગર્ભગૃહમાં બિરાજમાન પરમાત્માની મૂર્તિનાં દર્શન કરવા દીપનાં અજવાળાંની અનિવાર્યતા હતી. પરંતુ અખંડ દીવો રાખવામાં અનુકૂળતા નહોતી, કારણ કે ત્રણેય બાજુથી બંધ ગર્ભગૃહની અંદર અખંડ દીવો પ્રજ્વલિત રહેવાથી જ્યોતની મેશ તેમજ દૂષિત વાયુની સમસ્યા સર્જાય. આથી, દર્શનાર્થીઓને નિશ્ચિત સમય આપવામાં આવે અને ત્યારે ભગવાનના અંગ અંગ પર પ્રજ્વલિત દીપ ઘુમાવીને પરમાત્માની મૂર્તિનાં સાંગોપાંગ દર્શન કરાવવામાં આવે. તેમાંથી જ ધીમે ધીમે આરતીની પ્રથાએ આકાર લીધો છે એમ પણ માનવામાં આવે છે. ઘણાં દક્ષિણ ભારતનાં મંદિરોમાં આજેય તે પ્રથા જોવા મળે છે.

આમ, આરતીનો મુખ્ય હેતુ પ્રેમપૂર્વક પરમાત્માની

1. Kramrisch, Stella, 1976, *The Hindu Temple, Motilal Banarasidas, Delhi, p. 161-165.*

મૂર્તિનાં સાંગોપાંગ દર્શન કરવાનો રહ્યો છે. પરંતુ ભગવાનના દિવ્ય અંગ અંગનાં દર્શનની સાથે સાથે તેમના મહિમાનું સ્તવન ગવાય, તેમની સ્તુતિ થાય તો તે દર્શનમાં ભક્તિભાવનાની અભિવૃદ્ધિ થાય છે. આથી જ આરતી વખતે સ્તુતિરૂપે મંત્રગાન કે આરતીપદો ગાવાની પરંપરા પણ સમાંતરપણે વિકસતી રહી.

વૈદિક કર્મકાંડની પરંપરાને અનુસરીને શતાબ્દીઓ સુધી આરતી સમયે વૈદિક મંત્રો અથવા પૌરાણિક શ્લોકો ગાવાની રીત અસ્તિત્વમાં હતી. જેમ કે, 'न तत्र सूर्यो भाति, न चंद्र तारकम्, नेमा विद्युतो भान्ति, कुतोयम् अग्निः, तमेव भान्तम् अनुभाति सर्वम्, तस्य भासा सर्वमिदं विभाति ।' (કઠ. ૨-૨-૧૫)

અર્થાત્ પરમાત્મા એ સર્વોપરિ અક્ષરધામમાં બિરાજે છે, જેને સૂર્ય, ચંદ્ર, તારા પ્રકાશિત કરી શકતા નથી, તો પછી અગ્નિની શી વાત કરવી? આ સમગ્ર સૃષ્ટિમાં જે કાંઈ ચમકે છે, તે બધું જ હે પરમાત્મા! આપના પ્રકાશથી પ્રકાશિત થયેલું છે. આપના એ પ્રકાશથી અમે પણ પ્રકાશિત થઈએ. – એવી કંઈક પ્રાર્થનાઓ સાથે આરતી કરાતી હતી.

પાછળથી વિવિધ સંપ્રદાયના આચાર્યો દ્વારા રચિત સ્તુતિ-શ્લોકો ગાવાની પ્રથા પણ પ્રચલિત રહી હતી.

ભક્તિ આંદોલન દરમ્યાન ભક્તકવિઓએ આરતીનાં પદો લખવાનું શરૂ કર્યું. તેમાં ઉત્તર ભારતમાં તુલસીદાસજીનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. સમયે સમયે જે તે સંપ્રદાયના તત્ત્વજ્ઞાન કે ઉપાસનાના સિદ્ધાંત મુજબ આરતીપદોની રચનાઓ થઈ અને તે મુજબ તે ગાવાની પરંપરા રૂઢ થતી રહી. 'આરતીકલ્પદ્રુમ'[૨] નામના ગ્રંથમાં આવી કુલ ૭૫ આરતી-રચનાઓ પ્રકાશિત કરવામાં આવી છે.

વળી, તમામ ભારતીય ભાષાઓમાં પણ આરતીપદો રચાયાં. હિન્દી, મરાઠી, બંગાળી, પંજાબી, વ્રજ-અવધ, ઓડિયા, તમિલ, તેલુગુ, કન્નડ વગેરે સ્થાનિક ભાષાઓમાં આરતીપદો રચાયાં તેથી દરેક પ્રદેશમાં તેનો મહિમા વધુ ને વધુ ઘુંટાતો રહ્યો. આજે આરતીના સમયે જે તે ઉપાસ્ય દેવો કે ઈષ્ટદેવનાં આરતીપદ ગાવાની પરંપરા ભક્તિ-સંપ્રદાયોમાં સુપ્રચલિત બની ચૂકી છે. આરતી વેળાએ પરમાત્માની મહિમાસભર સ્તુતિરૂપે ગવાતાં આ પદો સંપૂર્ણ શરણાગતિની પ્રેરણા આપે છે.

અહીં નોંધવું જોઈએ કે ભિન્ન ભિન્ન આરાધ્ય દેવતાઓ-સ્વરૂપોનાં ભિન્ન ભિન્ન આરતીપદો પણ ઘણાં પ્રચલિત છે. જેમ કે, સ્વામી શિવાનંદજી રચિત *'જય જગદીશ હરે...'* આરતીપદ ખૂબ જ પ્રચલિત છે. આ રીતે શિવ-પાર્વતીની દ્વાદશ જ્યોતિર્લિંગોની વિવિધ આરતીઓ પ્રાંતીય અસર તળે રચાઈ છે. જેમાં મહાકાલેશ્વરની 'ભસ્મ આરતી' ઘણી પ્રચલિત છે. એ જ રીતે લક્ષ્મીનારાયણ, બદરિનારાયણ, નરનારાયણ, સત્યનારાયણ, રાધાકૃષ્ણ, સીતારામ, બાલકૃષ્ણ, દશાવતાર, સૂર્ય, ગણપતિ, હનુમાનજી તેમજ અંબા, દુર્ગા, લક્ષ્મી વગેરે દેવીઓનાં વિવિધ આરતીપદો પણ જે તે સંપ્રદાયોમાં પ્રસિદ્ધ છે.

ધીમે ધીમે આરતી આદર-શ્રદ્ધા વ્યક્ત કરવાનું એક અનોખું માધ્યમ બની રહી. પરિણામે માત્ર ભગવાન કે દેવ-દેવીઓની જ આરતી નહીં, પરંતુ તે ઉપરાંત સદ્ગુરુ, શ્રીમદ્ ભાગવત કે ભગવદ્ ગીતા જેવા ગ્રંથો કે તીર્થોની પણ ઉતારવામાં આવે છે અને તેનાં આરતીપદો રચાયાં છે જે આજપર્યંત પ્રચલિત છે. ગંગા, યમુના અને નર્મદા જેવી પવિત્ર નદીઓની કે માનસરોવર જેવાં પવિત્ર સરોવરોની પણ આરતી ઉતારવામાં આવે છે અને તેનાં આરતીપદો પણ પ્રચલિત છે. કૈલાસ, ગોવર્ધન કે નીલકંઠ જેવા પવિત્ર પર્વતોની અને ગાય, વટવૃક્ષ કે તુલસીછોડની પણ આરતી ઉતારવામાં આવે છે. આ ઉપરાંત માતા-પિતા કે પૂર્વજોની પણ આરતી ઉતારવાની પરંપરા રહી છે. ઘણા પરિવારોમાં નવદંપતી પરણીને ઘરે આવે અને ગૃહપ્રવેશ કરે ત્યારે અથવા સ્વજનો વિદેશ યાત્રા કે તીર્થયાત્રાએથી આવે ત્યારે તેમની આરતી ઉતારવાની પણ પ્રથા છે. બાળકનો જન્મ થયા પછી તેનું ઘરમાં આગમન થાય ત્યારે તેની પણ આરતી ઉતારવાની રીત પુરાણી છે. અતિથિઓના સત્કારમાં પણ આરતી ઉતારવાની પ્રથા ઘણા ઉત્તર ભારતીય પરિવારોમાં આજે પણ જીવે છે. ક્યારેક શસ્ત્રો, નવાં વાહનો કે સાધનોની પણ આરતી ઉતારવાની પ્રથા જોવા મળે છે.

અહીં નોંધવું જોઈએ કે ભારતભરમાં આરતી ઉતારવાની પ્રથામાં ઘણી એકરૂપતા હોવા છતાં તેમાં વૈવિધ્ય પણ ઘણું જોવા મળે છે. જેમ કે, ગૌડીય પરંપરામાં દીપ સાથેની આરતી ઉપરાંત જળપૂરિત શંખ, ધૂપ, પુષ્પ, મોરપીંછ, વીંઝણો વગેરેથી પણ આરતી ઉતારવામાં આવે છે. બંગાળીઓમાં દુર્ગાપૂજા નિમિત્તે ઢાકીના નાદ સાથે નૃત્યપૂર્વક આરતી ઉતારવાની પરંપરા છે. અમૃતસરી શીખધર્મ પરંપરામાં પણ ગુરુનાનક, રવિદાસ વગેરે દ્વારા રચિત શબદના ગાન સાથે ગ્રંથસાહેબની આરતીનો રિવાજ છે.

આરતી દીવાની એક સામાન્ય વાટથી લઈને હજારો દીવડાની જ્યોતિ સુધીનાં વિવિધ રૂપ ધારણ કરે છે. ક્યારેક પીપળના પાનમાં, ક્યારેક ખાખરાના પડિયામાં, ક્યારેક

૨. 'આરતીકલ્પદ્રુમ', સં. જગન્નાથ શર્મા, પ્રકાશકઃ ભાલચંદ્ર જગન્નાથ દ્વિવેદી, સુરત, સન ૧૯૭૨

આરતી માત્ર એક કર્મકાંડ કે યાંત્રિક ક્રિયા ન બની રહે તે માટે ઘણું ચિંતન કરવામાં આવ્યું છે. આરતીનો મુખ્ય આશય પરમાત્માનાં દર્શનને પ્રેમપૂર્વક હૈયે ઉતારવાનો છે. એ જ આશયને લક્ષમાં રાખીને આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ શ્રીહરિલીલામૃત ગ્રંથ(૬-૪-૬)માં આરતી ઉતારવાની સુંદર રીત વર્ણવે છેઃ

પ્રથમ ભગવાનનાં ચરણ આલોકિત થાય, ત્યારબાદ ક્રમે ક્રમે ભગવાનનાં એક એક અંગ આલોકિત થાય અને ભક્ત તેનું દર્શન કરીને ચિત્તમાં તે ઉતારે તેવી રીતે આરતી ઉતારવાની રીત કહી છે. પ્રથમ દાસભાવની પ્રાર્થના સાથે ત્રણવાર ભગવાનનાં ચરણમાં આરતી ફેરવવી. ત્યારબાદ નાભિસ્થળ પર બે વાર આરતી ફેરવીને જ્યોતિને ભગવાનના મસ્તકે લઈ જવી. પછી મસ્તક ઉપર એકવાર આરતી ફેરવીને સાત વખત ભગવાનના સમગ્ર શ્રીવિગ્રહ પર આરતી ઘુમાવવી અને છેલ્લે પુનઃ ભગવાનનાં ચરણમાં મસ્તક નમાવીને આરતીની જ્યોતિ લાવવી.

માટીના કોડિયામાં, ક્યારેક સાદી કે સુશોભિત થાળીમાં, ક્યારેક લોટના ગુલ્લાંની દીવી બનાવીને, ક્યારેક પાંચ દીવેટવાળી ખાસ પ્રકારથી બનાવેલી આરતીમાં, ક્યારેક નાળિયેર કે કોપરાનાં કાચલામાં, ક્યારેક સુવર્ણમંડિત રત્નજડિત કલાત્મક આરતીમાં દીપ પ્રજ્વલિત કરીને આ ભક્તિ અદા કરવામાં આવે છે. ક્યારેક દીપના અભાવે અગ્નિની ધારક ધૂપસળી દ્વારા કે પુષ્પ દ્વારા પણ આરતી ઉતારવાની પરંપરા અનુસરવામાં આવે છે.

પરંતુ આ બધી વિવિધતાઓ વચ્ચે આરતીપદોનું ગાન એ તમામ સંપ્રદાયોમાં સર્વસામાન્ય છે. આરતીની દીપમાળાની સાથે ગવાતી આ રચનાઓ ભક્તને ભગવાનના દિવ્ય દર્શનમાં વધુ રમમાણ કરે છે.

## આરતીઃ સૃષ્ટિના સમર્પણનું પ્રતીક

આરતી એ માત્ર દીપજ્યોતિ ઘુમાવવાની ભૌતિક પ્રક્રિયા જ નથી, પરંતુ સૃષ્ટિનાં પાંચેય તત્ત્વો દ્વારા પરમાત્માને થતી વંદના છે. પરમાત્માએ માનવીને પંચભૂતની ભેટ આપી છેઃ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચેય તત્ત્વો દ્વારા આરતી ઉતારીને પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની પરંપરા રહી છે. આરતીમાં પુષ્પ પૃથ્વીનું પ્રતીક છે, ધૂપ વાયુનું પ્રતીક છે, જળપૂરિત શંખ જળનું પ્રતીક છે, દીપ અગ્નિનું પ્રતીક છે અને ઝાલર-નગારાં-ઘંટ-શંખનો નાદ એ આકાશનું પ્રતીક છે. આ પાંચેય તત્ત્વો દ્વારા પોતાના સમગ્ર અસ્તિત્વને પરમાત્માનાં ચરણે અર્પણ કરવાનો ભાવ કેળવાય છે.

બીજી દૃષ્ટિએ પણ આરતી સમર્પણનો સંદેશ આપે છે.

જેમ, આરતીમાં દીપદજ્યોતિ કે કપૂર સ્વયં પ્રજ્વલિત થઈને પરમાત્માનાં સૌને દર્શન કરાવે છે અને વાતાવરણમાં સુગંધ પ્રસરાવે છે, તેવી રીતે સાચો ભક્ત ભગવાનની સેવામાં સમર્પિત થઈને ભગવાનના મહિમાનો ઉજાસ સર્વત્ર પ્રસરાવે છે અને જીવનનાં પવિત્ર મૂલ્યોની સુવાસ પણ ફેલાવે છે.

## આરતીઃ પરમાત્માના વિજય ડંકા

આરતી પરમાત્માના વિજયના પ્રતીકરૂપે કરવામાં આવે છે. આથી ઘંટડી, નગારાં, ઘંટ, ઝાલર વગાડીને પરમાત્માના વિજયડંકા ગુંજાવવામાં આવે છે. દક્ષિણ ભારતમાં ક્યાંક આરતી સમયે શરણાઈ જેવું વાદ્ય નાગસ્વરમ્ પણ વગાડવાની પ્રથા રહી છે. તાળીનાદ સાથે નગારા-ઘંટ-ઝાલરનો નાદ આરતીની અનુભૂતિને વિશેષ બળવત્તર બનાવે છે, આનંદની ચરમસીમાનો અનુભવ કરાવે છે. કોઈ વાદ્ય ન હોય તો પણ તાળીનાદ દ્વારા પણ ભગવાનના વિજયનો આનંદ વ્યક્ત કરવામાં આવે છે. પરમાત્મા પ્રત્યેના પ્રેમના ઉદ્રેકમાં ભાવવિભોર બનેલા ભક્તો આરતી સમયે નૃત્ય પણ કરવા લાગે છે. વૃંદાવનમાં બાંકેબિહારી જેવાં મંદિરોમાં નૃત્ય કરતા ભક્તોને નિહાળીને અંતર આનંદિત થઈ ઊઠે છે.

નગારાં-ઘંટ-શંખ-ઝાલરનો નાદ બહારના વિચારોને અંતરમાં પ્રવેશતાં અટકાવે છે. તાળીનાદ સાથે ઉચ્ચ સ્વરે પ્રાર્થના કરવાથી મનમાં ચાલતી ગડમથલો દૂર થાય છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે ઉચ્ચ સ્વરે તાળી પાડી ભજન કરવાથી મનના દોષો દૂર થાય છે.

## વિવિધ સમયની આરતીઓ

ભારતીય પરંપરામાં સવાર અને સાંજના સમયને પવિત્ર ગણવામાં આવ્યો છે. એટલે જ હિંદુ મંદિરોમાં કે ઘરમંદિરોમાં સવારે અને સંધ્યા સમયે આરતી-પ્રાર્થના થાય છે. ભક્તો આરતી-દર્શન અને પ્રાર્થનાથી મનની શાંતિ મેળવે છે.

સામાન્ય રીતે મંદિરોમાં કે ઘરમંદિરોમાં વહેલી સવારે થતી મંગળા આરતી અને સાંજે થતી સંધ્યા આરતી પ્રચલિત છે. વૈષ્ણવી ભક્તિ પરંપરામાં ક્યારેક નિત્ય ત્રણ, ક્યારેક પાંચ તો ક્યારેક સાત આરતીની પરંપરા જોવા મળે છે. એટલું જ નહીં, દરેક સમયે ગવાતાં આરતીપદો પણ અલગ અલગ હોય છે. સ્વામિનારાયણ સંપ્રદાયનાં શિખરબદ્ધ મંદિરોમાં નિત્ય પ્રભાતે મંગળા આરતીથી લઈને શયન

આરતી સુધીની પાંચ આરતીઓની પરંપરા છે. આ તમામ આરતીઓના એક કરતાં વધુ આરતીપદો રચવામાં આવ્યા છે. મંગળા, શણગાર, રાજભોગ, સંધ્યા અને શયન આરતી સમયે એ આરતીપદો દ્વારા ભગવાનને વધાવવાનો નિત્યક્રમ ૨૦૦ વર્ષોથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જળવાયો છે.

## સ્વામિનારાયણ સંપ્રદાયમાં આરતી

સ્વામિનારાયણ સંપ્રદાયે આરતીની એ પરંપરાને વધુ સમૃદ્ધ બનાવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુજરાતના આગમન પૂર્વે સંપ્રદાયના સાહિત્ય પરથી જોઈ શકાય છે કે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના આશ્રમમાં આરતીવેળાએ આરતીનું પદ ગાવાની પરંપરા હતી જ. (જેમ કે શ્રી નીલકંઠે લોજમાં આરતી ઉતારી હતી, ધર્મધુરા સોંપવાના પ્રસંગે શ્રી સહજાનંદ સ્વામીની રામાનંદ સ્વામીએ આરતી ઉતારી હતી વગેરે)[૩] પરંતુ રામાનંદ સ્વામીના દેહત્યાગ બાદ લગભગ ૧૧ મહિના પછી મુક્તાનંદ સ્વામીએ સ્વરચિત આરતીપદ *'જય સદ્‌ગુરુ સ્વામી...'* ગાઈને ભગવાન શ્રી સ્વામિનારાયણની આરતી ઉતારી ત્યારે પૂર્વે ગવાતા આરતીપદને બદલે ધીમે ધીમે મુક્તાનંદ સ્વામી રચિત એ આરતીનું પદ પ્રચલિત બની ગયું.

જો કે ત્યારપછી મુક્તાનંદ સ્વામી તેમજ અન્ય પરમહંસ કવિઓ નવી નવી આરતીઓની રચનાઓ કરતા રહ્યા. સંપ્રદાયનાં શિખરબદ્ધ મંદિરોમાં થતી પાંચ સમયની આરતીને લક્ષમાં રાખીને પાંચેય સમયની અલગ અલગ આરતીપદોની રચના નંદપંક્તિના સંતકવિઓએ કરી છે. આજે પણ ઘણાં મંદિરોમાં એ આરતીપદો ગવાય છે. વરતાલના આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજની આજ્ઞાથી સન ૧૯૫૧માં પ્રકાશિત 'કીર્તન સારસંગ્રહ'માં એવાં ૧૫ આરતીપદોનો સંગ્રહ પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેમાં મુક્તાનંદ સ્વામી રચિત મંગળા આરતીની ત્રણ રચનાઓ, શણગાર આરતીની એક રચના, રાજભોગ આરતીની બે રચના, સંધ્યા આરતીની ત્રણ રચના અને શયન આરતીની અન્ય બે રચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ રચેલી સંધ્યા આરતીની એક રચના તથા સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ રચેલી આરતીની એક રચના પણ પ્રકાશિત કરવામાં આવી છે. સન ૧૯૦૨માં પ્રકાશિત બ્રહ્માનંદ કાવ્યમાં બ્રહ્માનંદ સ્વામીએ રચેલી અન્ય ૨૪ આરતીઓનો સંચય પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેમાં ૮ રચનાઓ મંગળા આરતીની, ૮ રચનાઓ શણગાર આરતીની અને ૮ રચનાઓ સંધ્યા આરતીની પ્રકાશિત કરવામાં આવી છે.[૪] 'પ્રેમાનંદ કાવ્ય'માં પ્રેમાનંદ સ્વામી દ્વારા રચિત ૨૬ આરતીઓ પ્રસ્તુત કરવામાં આવી છે, જેમાં મંગળાની ત્રણ આરતીઓ, શણગારની ચાર આરતીઓ, રાજભોગની બે આરતીઓ, સંધ્યાની બાર આરતીઓ તથા શયનની પાંચ આરતીઓનો સમાવેશ થાય છે.[૫] પ્રેમાનંદ સ્વામીએ મત્સ્ય, કૂર્મ, નૃસિંહ, વારાહ, વગેરે દશાવતાર ઉપરાંત ગણપતિ, હનુમાનજી તથા હીંડોળાની પણ આરતી રચી છે.[૬] મુક્તાનંદ સ્વામી રચિત કીર્તનોની ૧૬૦ વર્ષ જૂની હસ્તપ્રતમાં ચાર સંધ્યા આરતીઓ નોંધવામાં આવી છે.[૭] *'જય અંતમજામી, જય અંતરજામી...', 'જય મંગલકારી, જય મંગલકારી...', 'જય ગોકુલચંદા...'* વગેરે. આ ઉપરાંત 'કીર્તનસંગ્રહ'માં[૮] પ્રકાશિત કૃષ્ણાનંદ સ્વામી દ્વારા રચિત આરતી *'આરતી સહજાનંદજી કી કીજે...'* પણ ઘણાં મંદિરોમાં ગવાતું હતું. આમ, નંદ સંતો દ્વારા રચિત ૬૬ આરતીઓ પ્રકાશિત છે. અપ્રકાશિત પણ ઘણી હોઈ શકે.

ટૂંકમાં, આરતી એ પરમાત્મા પ્રત્યેના પ્રેમની એક અવિરત વહેતી અભિવ્યક્તિ છે અને પરિણામે સમયે સમયે નવી નવી આરતીઓની રચના થતી રહી છે. સંપ્રદાયના સમૃદ્ધ આરતી-સાહિત્ય પર ઘણું ઊંડાણ ખેડી શકાય તેમ છે. મુક્તાનંદ સ્વામી રચિત *'જય સદ્‌ગુરુ સ્વામી...'* આરતી સૌથી વધુ પ્રચલિત રહી છે, છતાં સંપ્રદાયની તમામ શાખાઓમાં કોઈ એક જ આરતી સર્વત્ર ગાવાની પ્રથા ક્યારેય પ્રચલિત રહી નથી. તેમાં વૈવિધ્ય જોવા મળે છે. ભૂજ કે મૂળી જેવાં સ્વામિનારાયણ મંદિરોમાં આજેય *'જય સદ્‌ગુરુ સ્વામી...'* આરતીને બદલે બ્રહ્માનંદ સ્વામી રચિત *'આરતી પ્રગટ પ્રભુજી કી કીજે...'* જેવી આરતી ગવાય છે.

તાજેતરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ આરતીપદોની એ સમૃદ્ધ પરંપરામાં એક વિશેષ ચિરંતન સોપાન ઉમેર્યું છે. હવે પછીના પૃષ્ઠમાં તે વિશે માણીએ...

---

**૩.** શ્રીહરિલીલામૃતઃ ૪-૨૫-૬૧, ૪-૨૭-૧

**૪.** 'શ્રી બ્રહ્માનંદ કાવ્ય', ભાગ-૧, સંપાદકઃ રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નું, કાલાવડ, સંવત ૨૦૨૩, પૃષ્ઠઃ ૧૧૬થી ૧૨૨

**૫.** 'શ્રી પ્રેમાનંદ કાવ્ય', આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજીની આજ્ઞાથી પ્રકાશિત, પ્રકાશકઃ મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી, ભૂજ, સન ૧૯૦૩, પૃષ્ઠઃ ૩૦૭થી ૩૧૬, પદ - ૯૪૪થી ૯૬૯

**૬.** 'શ્રી પ્રેમાનંદ કાવ્ય', ભાગ-૨ પૃષ્ઠ ૨૧૬થી ૨૯૩

**૭.** 'મુક્તાનંદ સ્વામીનાં કીર્તનનો ચોપડો', વિક્રમ સંવત ૧૯૧૪, શ્રાવણ સુદી-૧૧ શનિવારે વરતાલના સાધુ ગોલોકજીવનદાસજી તથા પાળા કાળીદાસ દ્વારા લિખિત, પૃષ્ઠઃ ૮૨-૮૩

**૮.** 'કીરતનસંગ્રહ', ઉદ્ધવીય સંપ્રદાયના સત્સંગીઓને સારુ મંછારામ ઘેલાભાઈએ સુરતમાં અબદુલા બેગને હવેલીમાં, વિક્ટોરિયા પ્રેસમાં સંવત ૧૯૪૬ (સન ૧૮૯૦)માં છપાવી પ્રસિદ્ધ કર્યો.




## એ ઐતિહાસિક અવસર, જ્યારે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પણ થયાં -
## શ્રી સ્વામિનારાયણ આરતી, શ્રી સ્વામિનારાયણ મહાપૂજા, શ્રી સહજાનંદ નામાવલિ

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ભવ્ય મંદિરો રચીને તેમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ એટલે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિઓ પધરાવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલાં આ અક્ષરપુરુષોત્તમ દર્શનને કેન્દ્રમાં રાખીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પ્રસ્થાનત્રયી (ઉપનિષદો, ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્ર) પર મૌલિક સ્વામિનારાયણ ભાષ્યો રચાવ્યાં છે. તેઓનાં પ્રેરણા અને માર્ગદર્શન મુજબ બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ આ ભાષ્યો રચવાની મહાન સેવા કરીને સંપ્રદાયના તત્ત્વજ્ઞાનને શાસ્ત્રીય રીતે જગત સમક્ષ મૂક્યું છે.


એ જ શૃંખલામાં એક વધુ સોપાન ચઢતાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સંકલ્પ કર્યો કે સનાતન ધર્મની શાસ્ત્રીય પરંપરાને અનુસરીને સ્વામિનારાયણ સંપ્રદાયનું ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત ભક્તિ રીતિ-નીતિનું એક ભક્તિશાસ્ત્ર પણ રચાવું જોઈએ. આથી તેમણે ભદ્રેશદાસ સ્વામીને એ પ્રકારનો ગ્રંથ રચવાની આજ્ઞા કરી અને તેમાં નિત્યપૂજા, મહાપૂજા જેવી ભક્તિમય બાબતોની શાસ્ત્રીય સ્પષ્ટતા કરવા આદેશ કર્યો.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહાપૂજાનો ઇતિહાસ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે સંકળાયેલો છે. આજથી લગભગ દોઢેક સદી પહેલાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સાંનિધ્યમાં તેઓની ઇચ્છા મુજબ શ્રીહરિના મહાન કૃપાપાત્ર યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ સર્વ પ્રથમ મહાપૂજા કરી હતી. એ વિધિને જ અનુસરીને મહંત સ્વામી મહારાજે સંકલ્પ કર્યો કે સનાતન ધર્મની પરંપરા મુજબ એવી શાસ્ત્રીય રચના થવી જોઈએ કે જેમાં સંપ્રદાયનાં વૈદિક તત્ત્વજ્ઞાન અને સાધના-સિદ્ધાંતો મુજબ ભગવાન સ્વામિનારાયણની અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને મુક્તો સહિત મહાપૂજા થાય. આ મહાપૂજા અંતર્ગત ભગવાન શ્રી સ્વામિનારાયણની 'સહજાનંદ નામાવલી' પણ રચાવી જોઈએ જેમાં ભગવાન સ્વામિનારાયણનાં પરાત્પર ચરિત્રો, તેમનું દિવ્ય સ્વરૂપ, તેમનો અલૌકિક મહિમા, તેમનો વિશિષ્ટ તત્ત્વસિદ્ધાંત વગેરે સમાવિષ્ટ થઈ જાય.

તેઓની એ ઇચ્છા, આજ્ઞા, આશીર્વાદ અને માર્ગદર્શન મુજબ સન ૨૦૧૮ની શરદપૂર્ણિમાએ ગુણાતીત જન્મોત્સવના પવિત્ર દિને ભદ્રેશદાસ સ્વામીએ ગોંડલ ખાતે અક્ષરદેરીમાં શ્રી સ્વામિનારાયણ (અનુસંધાન પૃષ્ઠ ૪૩ પર)

# પરિપૂર્ણતાના અજોડ પર્યાય
# પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી પર્વે એક ભાવવંદના...



■ સાધુ આદર્શજીવનદાસ


મુંબઈ મહાનગરની એક ચાલીમાં બે સંતોએ પ્રવેશ કર્યો. તેના ઊબડ-ખાબડ રસ્તે થોડાંક ડગલાં આગળ જતાં એક ઓરડી આવી. તેમાં નીચા વળીને પગ મૂકતાં જ જાણે અડધી સદી પાછળ ધકેલાઈ ગયાનો અનુભવ સંતો કરી રહ્યા. છ ફૂટનો માણસ ટટ્ટાર ઊભો રહે તો મોભ-માથાનો સંગમ થઈ જાય એટલી ઊંચી એ ખોલીમાં ગરીબાઈ ઘર માંડીને બેઠી હતી. ભરબપોરે પણ ત્યાં અંધારું સોડ તાણીને સૂતેલું હતું. સંતો આવ્યા એટલે ટમટમિયા જેવી નાની બત્તી થઈ. તેથી દરિદ્રતા વધુ સ્પષ્ટ દેખાવા લાગી. એ ઝૂંપડાંમાં ઠામથી ઠેકાણાં સુધી અને પાગરણથી પહેરણ સુધી ક્યાંય બરકત જણાતી નહોતી. એક નજરમાં ખબર પડી જાય એમ હતી કે અહીં રહેતી વ્યક્તિને બે ટંક પૂરતું ખાવા પણ નસીબ નહીં થતું હોય. અસલ રંગની ઓળખ પામવી અઘરી નહીં પણ અશક્ય થઈ પડે એવાં પાથરણાં પર તે વ્યક્તિએ સંતોને બેસાડ્યા. સંતોની સાથે આવેલા હરિભક્ત પણ બાજુમાં બેઠા. એટલામાં તો તે ઘરમાં ગિરદી થઈ રહી.

સંતોએ ઠાકોરજી પધરાવ્યા. પૂજન થયું. આરતીની જ્યોત પ્રગટી. પ્રસાદ તરીકે એલ્યુમિનિયમની વાટકીમાં ખાંડ આવી. તે પ્રસાદ ઠાકોરજીને ધરાવીને વહેંચાયો. સંતોએ દેશકાળ સુધરે તે માટે પ્રાર્થના કરી. હવે ઊભા થવાનું હતું, પણ ત્યાં જ સાઠેક વર્ષની એ વ્યક્તિએ સંતોને રોક્યા. તેણે મેલાં-ઘેલાં ખમીસના ઉપલા

**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે વિશ્વની સંત પરંપરાનું એવરેસ્ટ શિખર. માનવમાત્રના ઉત્કર્ષ માટે જીવન સમર્પિત કરનાર તેઓના વિસ્તૃત જીવનચરિત્રની બૃહદ્ ગ્રંથમાળા પ્રકાશિત થઈ રહી છે. આ જીવનચરિત્ર ગ્રંથમાળાના પ્રથમ ભાગની ભૂમિકા રૂપે તેઓને અપાયેલી સ્મરણાંજલિ તેઓની ૯૮મી જન્મજયંતીના પવિત્ર પર્વે માણીએ...**

ખીસામાંથી પચાસ રૂપિયાની ચલણી નોટ અને એક સિક્કો મળીને એકાવન રૂપિયાની રકમ કાઢી. એટલામાં તો તેનું ખીસું ખાલી થઈ ગયું. તે વ્યક્તિ આ રકમ સંતો સાથે આવેલા હરિભક્તને આપવા ગઈ ત્યાં જ સંતોએ તેમને હાથના ઈશારે રોકતાં કહ્યું: ‘તમે સત્સંગ કરો છો તેમાં સેવા આવી ગઈ. તમારી રકમ ન લેવાય.’

‘સ્વામી! મારા પર પ્રમુખસ્વામી મહારાજના ખૂબ ઉપકાર છે. હું ગરીબ છું પણ તેમની કૃપાથી સુખી છું. તેઓએ મને ગરીબાઈ નડવા દીધી નથી. મને ખબર પડી છે કે તેઓનું જીવનચરિત્ર લખાઈ રહ્યું છે. તે માટે એકાવન રૂપિયાની આ સેવા મને કરવા દો.’




લાગણીથી લદાયેલાં આ વાક્યો વિરમ્યાં ત્યારે ભેટ આપનારા - લેનારા બંનેની આંખો ભીની હતી.

પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્ર સાથે લોકોની લાગણીના અનુબંધ કેવા જોડાયેલા છે તેનો આ તો માત્ર એક જ નમૂનો છે. વિશ્વમાં ઘણાં પુસ્તકોએ પ્રકાશન પહેલાં વાચકોમાં ઉત્કંઠા જગાવી છે, પણ જે બહુ થોડાં પુસ્તકો સાથે લાગણીઓના અંકોડા ભીડાયા છે તેવાં પુસ્તકોમાંનું એક છે – પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્ર.

કંગાલથી કુબેર સુધીના સૌ તેઓ સાથે લાગણીથી જોડાયેલા હતા અને છે અને રહેશે. મજૂરથી મહારાજા સુધીના સૌને તેઓ માટે ગજા ઉપરાંતનું કરી છૂટવાની ભાવના હતી અને છે અને રહેશે, કારણ કે પ્રમુખસ્વામી મહારાજ સૌને ગજા ઉપરાંતનું આપી ગયા છે, સૌ માટે જીવી ગયા છે. સૌની પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની લાગણી અને પ્રમુખસ્વામી મહારાજની સૌ પ્રત્યેની લાગણીના સંગમે પ્રગટેલું ‘અક્ષર’તીર્થ એટલે તેઓનું જીવનચરિત્ર.

શાસ્ત્રોએ કહ્યું છે કે –

‘अनादि मत्परं ब्रह्म...’[1]

– અક્ષરબ્રહ્મ અનાદિ છે...

‘सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म...’[2]

– અક્ષરબ્રહ્મ સત્ય, જ્ઞાનસ્વરૂપ અને અનંત છે...

‘अनादि-अनन्तं महतः परं ध्रुवम् ...’[3]

– અક્ષરબ્રહ્મ અનાદિ અને અનંત છે...

પરબ્રહ્મના નિવાસસ્થાન-ધામ સમાન અક્ષરબ્રહ્મને ઉપનિષદોએ અનાદિ અને અનંતરૂપે વર્ણવ્યા છે. પ્રમુખસ્વામી મહારાજ એ જ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ હતા. તેથી તેઓ પણ સૌને અનાદિ અને અનંત જ અનુભવાયા છે.

આધુનિક લેખકો-વિવેચકોને તેઓ પ્રાચીન જ્ઞાન અને અર્વાચીન વિજ્ઞાનનો મેળ બેસાડનારા ક્રાંતદર્શી ઋષિ જણાયા, તો વિચારશીલ વ્યાખ્યાતાઓ તેઓને માનવતાની ધરોહર કહી નમી પડ્યા.

સ્થપતિઓ-ઉદ્યોગપતિઓને તેઓ વિરલ વિશ્વકર્મા જણાયા, તો બહુરાષ્ટ્રીય કંપનીઓના કાર્યવાહકોએ તેઓને ‘Man of modern management’ (આધુનિક મૅનેજમેન્ટના માનવી) કહી બિરદાવ્યા.

સમાજસેવકોને તેઓ દ્વારા ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માતા મળ્યાથી નિરાંત થઈ, તો સંસ્કૃતિપ્રેમીઓને તેઓમાં સંસ્કૃતિના જ્યોતિર્ધરનું દર્શન લાધ્યું.

ધર્મના હિતચિંતકોને તેઓના સ્વરૂપે ધર્મ-ઉદ્ધારક મળ્યાના અહેસાસથી હાશ થઈ, તો મૂર્ધન્ય મહામંડલેશ્વરોએ તેઓમાં ભારતની ભવ્ય સંતપરંપરાના વાહક નિહાળ્યા.

---

૧. श्रीमद्भगवद्गीता – ૧૩/૧૨.

૨. तैत्तिरीयोपनिषद् – ૨/૧૧.

૩. कठोपनिषद् – ૩/૧૫.

> ગમે તેવા કૂટપ્રશ્નોને પળમાં છેદવા-ભેદવાની પારગામી પ્રજ્ઞાનો પ્રસાદ
> એવો પામેલા કે આભ ઊંચો આદમી પણ તેઓ પાસે ઠીંગુ ઠરે.
> જ્યાં સૌ હોઠ કરડવા લાગ્યા હોય તેવી સમસ્યાઓને પથારીમાં આડે પડખે થતાં થતાં ઉકેલી દે.
> કદમ ઉપાડવા-મૂકવામાં એવા તો ચોક્કસ રહ્યા કે કદી ક્યાંય ગોથું ખાધું નહીં.
> ત્વરિત અને સચોટ નિર્ણયશક્તિ જાણે તેઓની સહોદરા હતી. અનુભવ, આવડત અને
> આપસૂઝના ત્રિવેણી સંગમમાંથી નીકળતા તેઓના નિર્ણયો હંમેશા લક્ષ્યવેધી બની રહેતા.

એક માન્યવર મઠાધિપતિએ[૪] 'Top on God's list' (પરમાત્માના પ્રિયજનોમાં પ્રથમ) કહી તેઓને અંજલિ આપી, તો એક પૂર્વ શંકરાચાર્યે[૫] તેઓને સૃષ્ટિના બીજા વિધાતા કહી નવાજ્યા.

'How do I summarize Pramukh Swamiji's effect on me? He has indeed transformed me.'[૬] 'મારા જીવન પર પડેલી પ્રમુખસ્વામીજીની અસરનો સરવાળો હું કેવી રીતે માંડી શકું? ખરેખર, તેઓએ મારા જીવનને બદલી નાંખ્યું છે.' – આ અનુભવ છે વિશ્વના સર્વકાલીન મહાન વૈજ્ઞાનિકોની હરોળના શ્રી અબ્દુલ કલામનો!

પરંતુ આ અનુભવ તેઓનો એકલાનો ક્યાં છે! હળપતિથી લઈને રાષ્ટ્રપતિ અને સાધુથી લઈને સંસારી સુધી સૌનાં હૈયાંની કબૂલાત છે કે પ્રમુખસ્વામી મહારાજનાં પ્રદાન અને પ્રભાવ કદીયે ગણિત અને ગણતરીની પકડમાં આવે તેમ નથી. ઝાડના થડને બાથમાં ભરી શકાય, પણ અસીમ આકાશને આશ્લેષમાં કેવી રીતે સમાવાય? જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજને વર્ણવવાનો પ્રયાસ કરીએ ત્યારે આવી મીઠી મૂંઝવણ થાય એમ છે.

જો પ્રમુખસ્વામી મહારાજના બાળકો સાથેના પ્રસંગો તમે જાણો તો તમને એમ જ લાગે કે આ મહાપુરુષે જિંદગી આખી ભૂલકાંઓ વચ્ચે જ આસન માંડ્યું'તું કે શું? કારણ કે જો એમ હોય તો જ ચંચળ શૈશવને આટલો સંતોષ આપી શકાય.

... પણ જો તમે તેઓના યુવાનો સાથેના પ્રસંગો માણો તો તમને એમ જ લાગશે કે આ વિભૂતિએ પોતાનું પૂરું જીવન યુવાપેઢીના ઉત્કર્ષ માટે વિતાવ્યું હશે! કારણ કે તો જ હજારો યુવાનોના જીવનમાં આવું આમૂલચૂલ પરિવર્તન શક્ય બને.

... પણ તેઓએ પૃથ્વીપટે કરેલા પરિભ્રમણની તવારીખ વાંચો તો તમને એમ જ અનુભવાશે કે આ સંતપુરુષ ઘડિયાળના કાંટાની જેમ સતત ઘૂમતા જ રહેલા કે શું? કારણ કે તો જ હજારો ગામો-શહેરો અને લાખો ઘરોમાં અધધધ સંખ્યામાં પધરામણીઓ શક્ય બને.

... પણ તેઓએ વહેવડાવેલી સમાજસેવાની સરિતાનો ઘુઘવાટ સાંભળો તો તમને એમ જ અનુભવાશે કે આ સંતે જીવનની ક્ષણેક્ષણ સમાજસેવાને જ સમર્પિત કરી હોવી જોઈએ. જો તેમ હોય તો જ સમાજસેવાની દોઢસોથીયે વધુ પ્રવૃત્તિઓનું આવું સફળ સંચાલન થઈ શકે.

... પણ વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિની વિજયપતાકા ફરકાવતાં તેઓએ સર્જેલાં મંદિરોની ગાથા સાંભળો તો તમને એમ જ લાગશે કે આ વિરલ વિશ્વકર્માએ આખું આયખું મંદિર-નિર્માણ માટે જ હોમી દીધું'તું કે શું? કારણ કે તો જ અડધી સદીથીયે ઓછા સમયમાં હજાર ઉપરાંત મંદિરોનું નિર્માણ શક્ય બને ને!

... પણ તેઓની પરાભક્તિનો પ્રસાદ માણો તો તમને એમ જ લાગે કે પ્રમુખસ્વામી મહારાજને ઠાકોરજી સિવાય કોઈ દુનિયા જ નહોતી કે શું? કારણ કે તો જ ભગવાનનું આવું હરદમ અનુસંધાન સંભવી શકે.

... પણ ... આવું તો કેટલુંક ગણાવવું?! બે-પાંચ ક્ષેત્રમાંય પારંગત થઈને કાઠું કાઢવામાં જ્યાં જિંદગીનો પનો ટૂંકો પડે છે ત્યાં એક સાથે અનેક ક્ષેત્રે ઝળહળી ઊઠેલા પ્રમુખસ્વામી મહારાજ અનાદિ અને અનંત છે એમ કહેવામાં અતિશયોક્તિનો આરોપ આપણા શિરે આવે તેમ લાગતું નથી. અને હા, પાઘ પર છોગાની જેમ તેઓની વિશેષતા તો એ રહી કે તેઓએ બધું જ કર્યું, પણ 'હું કરું છું' એવી સભાનતા વિના અને 'મારે આ જોઈએ' તેવી અપેક્ષા વિના.

'આપણાથી તો શેક્યો પાપડ પણ ક્યાં ભાંગે એમ છે? ભગવાનની ઇચ્છા વગર પાંદડું પણ ક્યાં હાલે એમ છે?

---

૪. પૂજ્ય વી. ઈ. જીઅર સ્વામી.

૫. પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી.

૬. Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji, A.P.J. Abdul Kalam, Harper Element, 2015.

એટલે જે કંઈ થાય છે એ ભગવાનની ઇચ્છાથી જ થાય છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની પ્રેરણાથી થાય છે.' – સદાય આ જ સૂરો રણઝણાવતી રહેલી તેઓની જીવનવીણા.

તેઓએ લાખો પત્રો લખ્યા, પણ એક પેન સુધ્ધાંની માંગણી કદીયે કોઈની પાસે કરી નહોતી. તેઓએ લાખો પત્રો વાંચ્યા, પણ ચશ્માંની ફ્રેમ કોઈ બદલી આપે એવીયે અપેક્ષા રાખી નહોતી. તેઓએ લાખો પધરામણીઓ કરી પણ એક ચંપલેય કોઈની પાસે માંગ્યું નહોતું. તેઓએ હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડ્યો પણ ગાડી તો શું, ગાડીનું 'સીટ કવર' બદલવાનીયે માંગણી કરી નહોતી.

ફરિયાદ કે ફરમાઇશ વિના એક અઠવાડિયું પસાર કરવું મુશ્કેલ થઈ પડે ત્યાં આખું જીવન તેઓએ આ રીતે જ વિતાવ્યું. તદ્દન નમ્ર અને નિરપેક્ષ રહીને તેઓએ બધું જ કર્યું.

કાર્યકલાપના વ્યાપની સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજના સદ્‌ગુણસાગરની આવી કૈંક ગહેરાઈઓ ગરક થનારાને આખેઆખા ઓગાળી નાંખે તેવી છે. તેમાં જે ડૂબ્યો તે ડૂબ્યો જ! તળિયું શોધ્યું જડે નહીં તેવા તેમના સદ્‌ગુણો! ક્યાંથી શરૂ કરવું ને ક્યાં અટકવું તે સૂઝે જ નહીં! સાચે જ, અનાદિ અને અનંત!!

આશરે સાડા પાંચેક ફૂટ ઊંચી, સહેજ પુષ્ટ, ઘઉંવર્ણી તેઓની દેહયષ્ટિ. પણ એક જૈનાચાર્યના[૭] મત મુજબ એ નાનકડી કાયામાં વિરાટ વિશ્વકર્મા છુપાયેલો છે તેવું અનુભવાય. આંખો અતિ નિર્મળ. તેમાં કોઈ કળ-છળ નજરે ન ચઢે. એક જગપ્રસિદ્ધ જાદુગરે[૮] હૈયું ખોલેલું: 'મેં દુનિયાભરમાં ૧૮,૦૦૦થી વધુ મૅજિક શો કર્યા છે. તેમાં હિપ્નોટિઝમ(વશીકરણ)ના પ્રયોગ વખતે લોકોની આંખોમાં જોવાનું થાય. તેથી મેં હજારો લોકોની આંખો જોઈ છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજની આંખો જેવી નિર્મળ આંખો કોઈની જોઈ નથી.'

તેઓના કાન જોઈને એક મહારાષ્ટ્રિયન સજ્જન ઓળઘોળ થતાં બોલી ઊઠેલા: 'સ્વામીજી કે કાન બહુત લંબે હૈ. ગણેશજી કે કાન જૈસે લંબે થે, ઉસી તરહ સ્વામીજી ભી મહાન હૈં.'

મુખારવિંદ એવું તેજસ્વી-ઓજસ્વી કે જોતાંવેંત મુખડાની માયા લાગી જાય. ભાળ્યા પછી નીરખનારની નજર ન ખસે. વણસીવ્યાં ભગવાં ઉત્તરીય અને ધોતિયામાં જીવનપર્યંત રહ્યા. તુલસીની કંઠી અને સૂતરની જનોઈ સિવાય શરીર પર કોઈ ઘરેણું ચઢ્યું નહીં. ક્યારેક ગળામાં કાષ્ઠની માળા ઝૂલતી દર્શાતી, પરંતુ એ સાદગીનું સૌંદર્ય સૌ પર ભૂરકી નાંખતું. તેનાં ઘેન ચડ્યાં તે ચડ્યાં; કદી ઊતરતાં નહીં! 'किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम्।'[૯] – જે સ્વરૂપથી જ મધુર છે તેને આભૂષણો સાથે શું નિસ્બત? તેઓને જોઈએ ત્યારે આ ઉક્તિ શતાંશ સત્ય ભાસે.

*'ચૂપીલી સુંદર ચાલ છે, પોતે સહેજે ચાલ્યા જાય;*
*બીજાને તો બહુ થઈ પડે, ધોડે ત્યારે માંડ પુગાય.'*

આ અનુભવ તેઓ સાથે ચાલનારા દરેકનો.

તેઓમાં આવા નૈસર્ગિક સૌંદર્યની સાથે માધુર્યનો મેળ પણ ગજબનો. વ્યવહાર-વર્તણૂકમાં શાલીનતા ને સુજનતાથી એવા તો ભર્યા ભર્યા હતા કે પ્રથમ પરિચયમાં જ સામેવાળો દીવાનો બની જાય. ઋજુતા એવી કે કદી કોઈને ઠેસ-ઠેબું વાગે નહીં. કોઈનાય દિલમાં ગોબો-ગાબડું પડે નહીં. 'यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः...'[૧૦] જેનાથી લોક ઉદ્વેગ પામતો નથી અને લોકથી જે ઉદ્વેગ પામતા નથી – આ ગીતાવાક્યનું મૂર્તિમાન સ્વરૂપ જ જોઈ લો.

સામેવાળાની લાગણી અને માંગણી સહજમાં સમજી જાય. આપણને આપણા અંતર્યામી હોય એમ જ લાગે. *'આમ તો થઈને રહે છે બધાના, છતાં લાગે છે મારા એકલાના'* – આવું તેઓ સાથે હરહંમેશ અનુભવાય.

ગ્રામીણને એમ ન લાગે કે હું અતિ આધુનિક વ્યક્તિ સાથે વાત કરી રહ્યો છું અને અતિ આધુનિકને એમ ન લાગે કે હું ગામડિયાને મળી રહ્યો છું. જેની જે કક્ષા હોય તે કક્ષાએ આવીને તેને કાન અને ખભો દેવાની તેઓની કળા ખરેખર કૌતુક ઉપજાવે તેવી હતી. તેથી મજૂરથી લઈ માલિક સુધીના સૌને તેઓનો ખોળો ખૂંદવો ગમે. તેઓ માટે કામ કરવું ગમે. અરે! મુસ્લિમ બિરાદરો પણ તેઓની પાસે રોજા છોડવા દોડી આવે. જેમ પંખીઓ માટે વડલો તેમ સૌ માટે પ્રમુખસ્વામી મહારાજ હતા. તેઓ પાસેથી કદી કોઈ ખાલી ખોબે ન જાય. નાની-શી વાતનીયે પૂરેપૂરી દરકાર કરે.

એક વાર વડોદરા જિલ્લાના કુરાઈ ગામે સંતો સાથે તેઓ બિરાજેલા. ત્યાં ઠીકરિયા ગામના હરિજન ભક્ત છગન પણ બેઠેલા. સ્વામીશ્રીએ[૧૧] તેમને કહ્યું: 'કીર્તન ગાઓ.' તેથી તે ભગતે કીર્તનો લલકાર્યાં. બાદ યોગીબાપાના સ્વાનુભવો પણ જણાવ્યા. સ્વામીશ્રીએ સાથે ફરતા એક

૭. પૂજ્ય મુનિશ્રી સુશીલકુમારજી.
૮. શ્રી કે. લાલ.

૯. अभिज्ञानशाकुन्तलम् – ૧/૨૦.
૧૦. श्रीमद्भगवद्गीता – ૧૨/૧૫.
૧૧. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને 'સ્વામીશ્રી' તરીકે સંબોધીશું.

> ગ્રામીણને એમ ન લાગે કે હું અતિ આધુનિક વ્યક્તિ સાથે વાત કરી રહ્યો છું
> અને અતિ આધુનિકને એમ ન લાગે કે હું ગામડિયાને મળી રહ્યો છું.
> જેની જે કક્ષા હોય તે કક્ષાએ આવીને તેને કાન અને ખભો દેવાની તેઓની કળા
> ખરેખર કૌતુક ઉપજાવે તેવી હતી.
> મુસ્લિમ બિરાદરો પણ તેઓની પાસે રોજા છોડવા દોડી આવે.
> જેમ પંખીઓ માટે વડલો તેમ સૌ માટે પ્રમુખસ્વામી મહારાજ હતા.

સંતને કેમેરો લઈ આવવાની આજ્ઞા કરી. તદ્દન સામાન્ય પરિસ્થિતિમાં રહેતા અને રોટલા શેકવાની તાવડીને પણ તારથી બાંધીને જીવનનિર્વાહ કરતા એ છગનની બાજુમાં તેના સ્વજનની જેમ સ્વામીશ્રી ઊભા રહ્યા. એટલું જ નહીં, વડોદરાથી વિચરણ કરતાં કરતાં મુંબઈ પધાર્યા ત્યારે યાદ પણ કરાવ્યું કે 'કુરાઈવાળો ફોટો છગનને મોકલ્યો કે નહીં?' આ વાત જાણી ત્યારે છગનની આંખમાં દરિયો ઊભરાઈ આવેલો.

આપણને નાનપનો અનુભવ કરાવે એવા મહાન માણસો તો ઘણા, પણ 'આપણેય મોટા છીએ' એવો અનુભવ આપણને કરાવે તેવા મહાન પુરુષો થોડા. પ્રમુખસ્વામી મહારાજની રીતિ-નીતિ બીજા પ્રકારની હતી. કદી કોઈને નાનપ ન લાગવા દે. ઝરણું સાગરમાં ભળતાં દરિયો બની જાય તેમ તેઓને મળતાં નાનો પણ મોટપ અનુભવવા લાગે.

પોતાના શરીર કરતાંય સંત-સત્સંગી વધુ વહાલા કરી રાખેલા.

એક વાર મુંબઈમાં સાંજે પોણા ચાર વાગ્યે તેઓ શૌચવિધિ માટે તૈયાર થયા, ત્યાં જ એક ભાઈ 'મારે આપને અંગત મળવું છે' કહેતાં ઉતાવળે આવી પહોંચ્યા. સ્વામીશ્રી પણ 'આવો' કહી તેઓ સાથે બેઠા, તે ઠેઠ સાંજના સાત વાગી ગયા! પરંતુ લેશ અકળાયા વગર પ્રશ્નોના ખુલાસા કરી આપ્યા. બાદ ત્રણ કલાક સુધી રોકી રાખેલી શૌચક્રિયા કરવા તેઓ ઊભા થયા ત્યાં બીજા ભાઈ 'બે મિનિટ વાત કરવી છે' કહેતાં આવી પહોંચ્યા. સ્વામીશ્રી પણ 'બે શું, પાંચ મિનિટ બેસીએ' બોલતાં તેઓ સાથે ઘણી વાર સુધી બેઠા અને શાંતિ પમાડી.

જેમ કદી કોઈ વૃક્ષને પોતાનાં પાંદડાંનો ભાર લાગતો નથી તેમ સ્વામીશ્રી પણ કદી કોઈથી કંટાળ્યા નહોતા. કારણ કે તેઓને મન સૌ પોતાના જ હતા.

એક પ્રશ્નોત્તરી દરમ્યાન યુવકોએ તેઓને પૂછેલું કે 'આપ આટલો બધો ભીડો વેઠો છો તો આપને તેનો ભાર નથી લાગતો?'

'ભીડો મનાય તો ભાર લાગે ને!' પળનાય વિલંબ વિના તેઓ બોલેલા.

આ હતી માનવમાત્ર પ્રત્યેની તેઓની લાગણી.

વ્યક્તિત્વમાં પૂરેપૂરી પાસાદાર પારદર્શિતા. અંતરમાં કોઈ વળ-સળ નહીં. તેઓ ઘણી વાર કહેતા: 'મને દંભ પહેલેથી જ ગમે નહીં.'

એક વાર સ્વામીશ્રી સમક્ષ એક પુસ્તક વંચાઈ રહેલું. તેમાં તેઓની સમત્વ ભાવનાનો પ્રસંગ આવ્યો કે 'સન ૧૯૯૪માં સ્વામીશ્રીએ દિલ્હીમાં પ્રથમ મંદિર કર્યું ત્યારે 'હજી સુધી ધનજી કેમ દેખાયો નથી?' એમ કહીને સુરેન્દ્રનગરના ધનજી વાઘરીને યાદ કર્યો હતો, પણ કોઈની પાસે તેની વિગત નહોતી એટલે સૌ નિરુત્તર રહ્યા. તેથી સ્વામીશ્રીએ ફોન કરીને સુરેન્દ્રનગરથી એડ્રેસ મંગાવ્યું અને ધનજીને બોલાવવા એક હરિભક્તને મોકલ્યા.'

આ વર્ણવીને પ્રસંગના અંતે ટીપ મૂકેલી કે 'એક તરફ દિલ્હીના માંધાતાઓ સ્વામીશ્રીનાં દર્શને આવી રહ્યા હતા તો બીજી તરફ તેઓ એક સામાન્ય વ્યક્તિને પણ સામેથી યાદ કરીને બોલાવી રહ્યા હતા.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ હળવા હાસ્ય સાથે જણાવ્યું: 'આપણે તો સુરેન્દ્રનગરનું એનું મકાન લેવું હતું એટલે બોલાવ્યો હતો.'

અંતર કેટલું નિર્મળ-નિર્દંભ હોય ત્યારે આવો ઘટસ્ફોટ થઈ શકે?! અન્યથા સામે ચાલીને આવેલી આવી ક્રેડિટની કમાણી કોણ છોડે-તરછોડે?!

'It's not easy to do the right thing when no one but you alone will know.' તમારા સિવાય કોઈને જાણ ન થવાની હોય ત્યારે પણ જે સાચું હોય તે જ કરવું તે સહેલું નથી. આ અઘરી કલમ પ્રમુખસ્વામી મહારાજને શ્વાસોચ્છ્‌વાસ જેટલી સહજ હતી.

મનુષ્યમાં ભાગ્યે જ સંભવે એવી અદ્‌ભુત સંતુલિત જીવનશૈલીના પણ એ ધણી હતા:

કરકસર ખસૂસ પણ કંજૂસાઈ જરીયે નહીં.

દૃઢતા ઠોસબંધ પણ જડતાનું નામનિશાન નહીં.

નમ્રતામાં નંબર વન(one) પણ નમાલાપણું શોધ્યું ન જડે.

પ્રેમ પાવામાં ધરવી નાંખે પણ વેવલાઈ બિલકુલ ચલાવી ન લે.

ઉદારતા ભારોભાર પણ ઉડાઉપણાનો અંશ નહીં.

સ્વતંત્રતા આપે પણ સ્વચ્છંદ ન થવા દે.

●

જીવનશૈલીની જેમ કાર્યશૈલી પણ એવી જ બેનમૂન. કદી કોઈ દા'ડો નોંધો ટપકાવવા પેન-ડાયરી સાથે રાખ્યાં નહોતાં, પણ સ્મૃતિ એવી સતેજ કે વર્ષો પૂર્વેની વિગતોમાંય મીનનું મેખ ન થાય. ભક્તોની પેઢીઓની પેઢીઓ ધાણી ફૂટે એમ બોલી જાય ત્યારે સાંભળનારા સૌ ગદ્ગદ થઈ જાય.

સંસ્થાના વહીવટી વિભાગમાં વર્ષો સુધી સેવા આપનાર એક હરિભક્તે અનુભવ ટાંક્યો છે કે 'એક મીટિંગમાં સામેના પક્ષના સભ્યોએ ફાઈલો ખોલી ખોલીને ચાલીસ-પચાસ વર્ષ પહેલાંના સંદર્ભો ટાંકીને દાખલા-દલીલો શરૂ કરી. પંદર મિનિટ સુધી તેઓએ રજૂઆત કરી. તેઓ અટક્યા એટલે સ્વામીશ્રી એક પછી એક તર્કબદ્ધ જવાબો આપવા લાગ્યા. કોઈ ફાઈલ કે ચોપડાં ઉથલાવ્યાં વિના, જમીનોના 'સર્વે' નંબર સહિત પ્રતિપક્ષીના બધા જ પ્રશ્નોના ખુલાસા તેઓ મોઢે જ બોલવા લાગ્યા. તે જોઈ એક જણે તો અહોભાવ ઉચ્ચારી દીધો: 'અમે સ્વામીજીની આધ્યાત્મિકતા વિશે ખૂબ સાંભળેલું, પણ આજે અનુભવ્યું કે તેઓ અત્યંત વહીવટકુશળ પ્રમુખ પણ છે!'

ગમે તેવા કૂટપ્રશ્નોને પળમાં છેદવા-ભેદવાની પારગામી પ્રજ્ઞાનો પ્રસાદ એવો પામેલા કે આભ ઊંચો આદમી પણ તેઓ પાસે ઠીંગુ ઠરે. જ્યાં સૌ હોઠ કરડવા લાગ્યા હોય તેવી સમસ્યાઓને પથારીમાં આડે પડખે થતાં થતાં ઉકેલી દે. કદમ ઉપાડવા-મૂકવામાં એવા તો ચોક્કસ રહ્યા કે કદી ક્યાંય ગોથું ખાધું નહીં. ત્વરિત અને સચોટ નિર્ણયશક્તિ જાણે તેઓની સહોદરા હતી. અનુભવ, આવડત અને આપસૂઝના ત્રિવેણી સંગમમાંથી નીકળતા તેઓના નિર્ણયો હંમેશા લક્ષ્યવેધી બની રહેતા. તેથી તેઓના જીવનમાં કદી અફસોસને આસન મળ્યું જ નહીં.

એક વિખ્યાત પત્રકારે તેઓને પૂછેલું: 'એવી કોઈ ઘટના છે જે યાદ આવતાં દુ:ખ થાય?'

'ના, એવો કોઈ પ્રસંગ જ નથી. કાયમ આનંદ ને આનંદ જ રહ્યા કરે છે.' તેઓ તરત બોલેલા.

તેઓની અંતિમ બીમારીમાં સારવાર કરી રહેલા એક તબીબે[૧૨] તેઓને પૂછેલું કે 'સ્વામીજી! આપને કોઈ ફરિયાદ?'

'મારે શાની ફરિયાદ?' આ ઉત્તર હતો સ્વામીશ્રીનો.

અસંતોષ અને અફસોસ વિનાનું કેવું દિવ્ય-ભવ્ય જીવન હતું એમનું!

સર્વજ્ઞ હોવા છતાં પાંચને પૂછીને કામ કરવાની ટેવ. નાના-નવાને પૂછવામાં પણ હીણપત ન અનુભવે. પાણીની સરળતા પણ પાણી ભરે એટલા સરળ અને નિખાલસ. પ્રમુખપદ સંભાળ્યું ત્યારે પોતાથી વયમાં મોટા સાથે કામ લેવાનું આવ્યું; પણ સૌનાં દિલ-દિમાગ એવા સાચવ્યાં કે લાખોના લાડલા બની રહ્યા. સતત ૬૫ વર્ષ સુધી પ્રમુખપદ શોભાવ્યું. અમર્યાદ અધિકાર હાથમાં છતાં અહંકારનો અંકુર ફૂટ્યો નહીં. અમેરિકન રાષ્ટ્રપ્રમુખશ્રી અબ્રાહમ લિંકને કહ્યું છે: 'કપરા કાળનો સામનો તો ઘણા કરતા હોય છે; પણ માણસના ચારિત્ર્યની ખરેખરી કસોટી કરવી હોય તો તેને સત્તા સોંપી જોજો.' છાતી ઠોકીને કહી શકાય એવું છે કે સ્વામીશ્રી આ કસોટીની એરણ પર શત-પ્રતિશત પાર ઊતરેલા.

માન-સન્માનો, ખિતાબો-ઈલ્કાબોની બૌછાર તેઓના જીવનમાં અવિરત રહી-વહી, પણ તેથી પોતે જળકમળવત્ અલિપ્ત રહ્યા. 'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'નાં સર્ટિફિકેટો સ્વીકાર્યાં તે વખતે તેની સામે જોયું તે જોયું; ત્યારે અને તે પછીયે એ બાબતે કોઈ પૃચ્છા-વાંછા તેઓ તરફથી જોવા મળી નહોતી.

ઝંઝાવાતોમાં ઝાડ હલે પણ પહાડ નહીં. તેમ વિષમતામાં તેઓની સમતા એવી જ પર્વતપ્રાય રહેતી. પોતે મૂંઝાય નહીં અને કોઈને મૂંઝાવા દે નહીં. પોતે ગૂંચાય નહીં અને કોઈને ગૂંચાવા દે નહીં.

ગાંધીનગરના અક્ષરધામ પર આતંકવાદી હુમલો થયો ત્યારે દેશ-દુનિયામાં સૌએ આ જોયું. એક લબ્ધપ્રતિષ્ઠ લેખકે[૧૩] તો તે જોઈ નોંધ્યું કે 'ગાંધીનગરમાં અક્ષરધામ પર હુમલો થયો ત્યારે એમના મુખેથી ઉચ્ચારાયેલો એકાદ આડો-અવળો શબ્દ હજારો નિર્દોષ મુસલમાનોને અપાર યાતનામાં ધકેલી દેનારો સાબિત થયો હોત! પણ એમણે જે સમત્વ બતાવ્યું અને શાંતિ તથા એકતા જાળવવા માટે અપીલ કરી તે ઘટનામાં ખરું સંતપણું પ્રકટ થયું.'

કામકાજમાં હંમેશાં પૂર્ણતાના આગ્રહી. તેમના હાથે કાચું કામ શોભે જ નહીં. કોઈ પણ કામ **(અનુસંધાન પૃષ્ઠ ૪૫ પર)**

૧૨. પદ્મશ્રી ડૉ. તેજસભાઈ પટેલ.

૧૩. શ્રી ગુણવંત શાહ.






# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

## બી.એ.પી.એસ.નાં વિવિધ સત્સંગકેન્દ્રોમાં સ્વામીશ્રીનો અલૌકિક સત્સંગલાભ...

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે જન જનને આધ્યાત્મિક સુખ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ૮૫ વર્ષની ઉંમરે સતત વિચરણ કરી રહ્યા છે. બ્રાહ્મકાળે ત્રણ વાગ્યાથી નિદ્રા ત્યજીને મોડી રાત્રે આરામમાં જતા સ્વામીશ્રી દિવસભર સત્સંગ-સભાઓ, વ્યક્તિગત મુલાકાતો કે અનેકવિધ કાર્યક્રમો દ્વારા પોતાની ક્ષણે ક્ષણનો રચનાત્મક વિનિયોગ કરી રહ્યા છે. સમાજના સર્વાંગી વિકાસથી લઈને છેવાડાનાં ગામોમાં વસતા વનવાસીની ઊર્ધ્વગતિ માટે સતત ઠાકોરજીને પ્રાર્થના કરે છે. જન જનની સુખાકારી માટે હંમેશા તત્પર રહેતા સ્વામીશ્રી વ્યક્તિગત કે પત્ર વ્યવહાર દ્વારા મળી સૌને દિવ્ય આધ્યાત્મિકતાનો સુખદ અનુભવ કરાવે છે.*

*બી.એ.પી.એસ.ના જે સત્સંગકેન્દ્રમાં સ્વામીશ્રી પધારે છે ત્યાં હરિભક્તોનો પ્રવાહ ગુરુદર્શનની એક અલ્પ ઝલક મેળવવા તત્પર બને છે. સ્વામીશ્રી અનહદ સત્સંગ સુખ આપી સૌને ભક્તિના રંગે રંગી દે છે. સ્વામીશ્રીની વિરલ સ્મૃતિઓ સૌ કોઈ માટે અણમોલ સંભારણું બની રહે છે.*

*તાજેતરમાં સ્વામીશ્રીએ ભાવનગર, મહુવા, ધારી, ગઢપુર(ગઢડા) અને ગોંડલ ખાતે વિરાજી અલૌકિક સત્સંગલાભ આપ્યો હતો. હવે પછીનાં પૃષ્ઠોમાં તેની એક અલ્પ ઝલક પ્રસ્તુત છે...*

# ભાવનગર ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોની હારમાળા

*ભાવનગર એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાસાદિક નગર. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની અનેક ઐતિહાસિક સ્મૃતિઓથી અંકિત આ નગરને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એક અદ્‌ભુત શિખરબદ્ધ મંદિરની ભેટ આપી છે. આ મંદિરમાં તા. ૨૯-૯-૨૦૧૮થી તા. ૧૦-૧૦-૨૦૧૮ સુધી બિરાજીને મહંત સ્વામી મહારાજે સૌને દિવ્ય સત્સંગલાભથી કૃતકૃત્ય કર્યા હતા. નિત્ય પ્રાતઃકાળે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શને ઊમટતા ગોહિલવાડ પંથકના હજારો હરિભક્તોથી મંદિરનું પ્રાંગણ છલકાતું હતું. પૂજામાં બાળકોએ વિવિધ મુખપાઠ રજૂ કરી સ્વામીશ્રીના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સંધ્યા સત્સંગ સભામાં પણ હજારો ભક્તોએ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. વળી, નિત્ય હજારો ભાવિક ભક્તોને વ્યક્તિગત મુલાકાત તેમજ સમીપદર્શનનો લાભ આપી સ્વામીશ્રીએ સૌના મનોરથ પૂર્ણ કર્યા હતા. ભાવનગરની આજુબાજુનાં ગામોમાંથી પદયાત્રા કરીને પધારતા ભક્તોએ ગુરુહરિના નિરામય સ્વાસ્થ્ય માટે ઠાકોરજી સમક્ષ મંગલ કામના કરી હતી. સ્વામીશ્રીના અહીંના અગિયાર દિવસના રોકાણ દરમ્યાન મંદિરમાં મુખ્ય મુખ્ય ઉત્સવને અનુરૂપ ઠાકોરજીને નિત્ય વિવિધ શણગાર સજાવવામાં આવ્યા હતા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા ભક્તિભર્યા કાર્યક્રમોનું અહીં અલ્પ આચમન કરીએ...*

## આગમન

તા. ૨૯-૯-૨૦૧૮ના રોજ સ્વામીશ્રી સારંગપુરથી વિદાય લઈ ભાવનગર પધાર્યા ત્યારે ગુરુહરિના આગમનને વધાવતી ભવ્ય સ્વાગત-યાત્રા યોજાઈ હતી. સૌનો આદરભાવ ઝીલતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા. મંદિરના ઇતિહાસની નૂતન તક્તિનું પૂજન કર્યું. ઠાકોરજીનાં ભાવથી દર્શન કરી આરતી ઉતારી.

સ્વાગતસભામાં બાળ-યુવાવૃંદે જોમભેર સ્વાગતનૃત્ય કરી શ્રીહરિ અને ગુરુને વધાવ્યા. સ્વામીશ્રીના દીર્ઘાયુની શુભકામના સાથે સંતો તથા ભાવનગર મંડળનાં બાળ-બાલિકાઓ, કિશોર-કિશોરીઓ, કાર્યકરોએ વિવિધ વ્રત-તપ-ઉપવાસ કરીને ગુરુભક્તિ અદા કરી હતી. આ સૌને અંતરનાં આશિષ પાઠવી, જય સ્વામિનારાયણ કરી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

## વિવિધ ભક્તિદિનની ઉજવણી

તા. ૩૦-૯-૨૦૧૮ના રોજ 'બાળ-દિન'ની સભામાં બાળકોએ સ્વાગત-નૃત્ય કરી સ્વામીશ્રીને વધાવ્યા. સભાના મુખ્ય કાર્યક્રમરૂપે રજૂ થયેલા સંવાદમાં પ્રગટ ભગવાન ને સંતના સંબંધવાળા તમામ ભક્તોને દિવ્ય, અલૌકિક, અક્ષરમુક્ત જોવાની વાત કરી હતી. 'DAS' શબ્દનો સરસ અર્થ સમજાવી દાસપણાના વિચારને કેન્દ્રમાં રાખી વિવિધ રમતો તથા રજૂઆતો પ્રસ્તુત કરી હતી.

અંતમાં દાસપણા પર વિશેષ પ્રકાશ પાથરતાં સ્વામીશ્રીએ બાળકોને આશીર્વાદ આપ્યા હતા.

તા. ૧-૧૦-૨૦૧૮ના રોજ 'નિત્યપૂજા દિન'ની સભામાં 'નિત્ય-પૂજા' વિષયક રજૂ થયેલા સંવાદમાં યુવકોએ પ્રાતઃપૂજાની આપણી ખામીઓ



તથા આદર્શ રીત પ્રદર્શિત કરી હતી.

સંવાદની સમાપ્તિ બાદ નિત્યપૂજા સંબંધી પુછાયેલા પ્રશ્નોના સુંદર ઉત્તરો આપી સ્વામીશ્રીએ સૌને નિયમિત, વ્યક્તિગત અને વ્યવસ્થિત પૂજા કરવાનો સંકલ્પ ઝિલાવ્યો હતો.

તા. ૨-૧૦-૨૦૧૮ના રોજ યોજાયેલી 'સમર્પણ દિન' નિમિત્તેની સભામાં શ્રી હરિકૃષ્ણ મહારાજની તુલાવિધિ કરી અહીંના ભક્તોએ સમર્પણભાવ વ્યક્ત કર્યો હતો. અંતમાં સ્વામીશ્રીએ સૌના ભક્તિભાવને બિરદાવી, 'બધાના દેશકાળ સારા થાય' એવી પ્રાર્થના કરી હતી.

તા. ૪-૧૦-૨૦૧૮ના રોજ પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિપર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સભામાં શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ વચ્ચે સાયુજ્ય દર્શાવતાં પ્રવચનો, સંવાદ અને વિવિધ કાર્યક્રમો રજૂ થયાં હતાં. અંતે આશીર્વચનમાં સ્વામીશ્રીએ સૌને નિષ્ઠા અને સમજણ રાખી સત્સંગ કરવાની અદ્‌ભુત પ્રેરણા આપી હતી. વૃક્ષારોપણ અભિયાનના ભાગરૂપે મંદિર દ્વારા વિતરણ થનાર ૫,૦૦૦ રોપાઓ પર પ્રાસાદિક પુષ્પો છાંટી સ્વામીશ્રીએ વૃક્ષારોપણ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

તા. ૫-૧૦-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ ભાવનગરના હરિદર્શન એક્સપોર્ટ, અક્ષરધામ વિસ્તાર, શિવઓમ નગર, પડવા અને નવસારીના જલાલપુર ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

તા. ૬-૧૦-૨૦૧૮ના રોજ 'ઘરસભા દિન'ની સભામાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રજૂ થયો હતો. પ્રથમ એક સ્કિટ રજૂ થતી હતી. ત્યારપછી સ્વામીશ્રીએ ઘરસભાલક્ષી પુછાયેલા પ્રશ્નોના સુંદર ઉત્તરો આપી ઘરસભાનો મહિમા કહ્યો હતો. પ્રશ્નોત્તરી બાદ સ્વામીશ્રીએ સૌને ઘરસભા કરવા માટેની પ્રતિજ્ઞા ઝિલાવી હતી.

તા. ૭-૧૦-૨૦૧૮ના રોજ ભાવનગર યુવકમંડળના યુવકોએ 'યુવાદિન'ની હર્ષભેર ઉજવણી કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વિવિધ ભક્તિનૃત્યોની સાથે રજૂ કરેલી સ્કિટના અંતે યુવકોએ 'ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા વગેરેનો વિવેકપૂર્ણ ઉપયોગ કઈ રીતે કરવો તેનું સ્વામીશ્રી પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. બીજી સ્કિટના અંતે સ્વામીશ્રીએ, યુવાનો મા-બાપ અને ઘરના સભ્યોનો સાચો પ્રેમ સમજી શકે તે માટે પ્રેમની પરિભાષા સમજાવી હતી.

સભાના અંતે યુવાનો વતી સ્વામીશ્રીને ગુલાબનું વિશાળ હૃદય અર્પવામાં આવ્યું. સ્વામીશ્રીએ પોતાની રુચિનો આદર્શ યુવાન કેવો હોય તે લખી આપ્યું: 'ચરિત્રવાન થવું અને ચરિત્રવાળો સમાજ ઊભો કરો.'

ભાવનગરના મહારાજાના નીલમબાગ પેલેસમાં રાજવી પરિવારને આશીર્વાદ પાઠવતા મહંત સ્વામી મહારાજ...



તા. ૮-૧૦-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી 'ગ્રામ્ય દિન'ની સભામાં બે યુવકોએ વચનામૃત કથિત સંત અને સત્પુરુષના મહિમાનું ગાન કર્યું. સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી યોજાઈ. પછી પ્રાપ્તિના વિચારને દૃઢાવતા 'સિક્કો પડી ગયો' અને 'વજેસિંહનો હોકો' સંવાદ રજૂ થયા. અંતે પ્રાપ્તિનો કેફ ચઢાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી મળ્યાં તેનો કેફ રહેવો જોઈએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજને સેવ્યા તેનો કેફ રહેવો જોઈએ. એમાં બધું જ આવી ગયું.'

તા. ૯-૧૦-૨૦૧૮ના રોજ ભાવનગરના મહારાજાના નીલમબાગ પેલેસમાં પધારીને સ્વામીશ્રીએ યુવરાજ જયવીરરાજસિંહને આશીર્વાદ પાઠવ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી લઈને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સાથેના ભાવનગરના રાજવી પરિવાર સાથેના સંબંધો તાજા કર્યા હતા. ત્યારબાદ મંદિરે સભામાં બિરાજીને સ્વામીશ્રીએ ભાવનગર છાત્રાલયના છાત્રોએ 'છાત્રાલય દિન'માં ભાગ લીધો હતો. છાત્રોની વિવિધ રજૂઆતો બાદ સ્વામીશ્રીએ છાત્રોને ચારિત્ર્યવાન બની, ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરવાની પ્રેરણા આપી હતી. બાલવિહાર પરીક્ષામાં સંસ્થા સ્તરે પારિતોષિક મેળવનાર બાળકો અને બાલિકાઓના પ્રતિનિધિઓને સ્વામીશ્રીના હસ્તે ઇનામ પ્રાપ્ત થયાં. ત્યારપછી સ્વામીશ્રીએ પોતાના આસન પર બેઠાં બેઠાં જ કરમાં દાંડિયા ગ્રહી છાત્રો સાથે રાસ રમી વિરલ સ્મૃતિઓ આપી હતી.



# તીર્થધામ મહુવામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો સત્સંગલાભ

*મહુવા એટલે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનું પ્રાગટ્ય તીર્થ. ભગવાન શ્રી સ્વામિનારાયણે પાવન કરેલી આ ભૂમિ સાથે ગુણાતીત ગુરુપરંપરાનાં અનેક સ્મૃતિચિહ્નો અંકિત થયાં છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં શિખરબદ્ધ મંદિર રચીને અહીંના ઈતિહાસને ચિરંતન બનાવ્યો છે. આ તીર્થભૂમિ મહુવામાં તા. ૧૦-૧૦-૨૦૧૮થી તા. ૧૪-૧૦-૨૦૧૮ સુધી બિરાજીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સંતો-ભક્તોને દિવ્ય પ્રેરણાઓ આપી હતી. સતત ચાર દિવસ સુધી સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં દિવ્યતાનો માહોલ છવાયો હતો. વહેલી સવારથી જ સ્વામીશ્રીનાં દર્શનાર્થે ઊમટતા હજારો ભક્તોના હૈયે ભક્તિની હેલી ઊભરી હતી. સ્વામીશ્રીના રોકાણ દરમિયાન પ્રાતઃપૂજા અને સંધ્યા સભાઓ મંદિરના પૃષ્ઠ ભાગે રચવામાં આવેલા વિશાળ સભામંડપમાં યોજાઈ હતી. નિત્ય હજારો ભક્તોથી સભામંડપ છલકાતો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન, મંગલ પ્રવચન તથા સંધ્યા સત્સંગ સભાઓમાં સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી હજારો ભક્તો ધન્યતાથી છલકાઈ ઊઠ્યા હતા. સ્વામીશ્રી સાથે યોજાયેલી વ્યક્તિગત મુલાકાતો તેમજ સમીપદર્શનનો લાભ પ્રાપ્ત કરી હજારો મુમુક્ષુઓ અહોભાગી બન્યા હતા.*

*મહુવા ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી સત્સંગ સભાઓની અહીં એક ઝલક મેળવીએ...*

## આગમન

તા. ૧૦-૧૦-૨૦૧૮ના રોજ ભાવનગરથી વિદાય લઈને સ્વામીશ્રી મહુવા પધાર્યા ત્યારે સૌપ્રથમ માલણ નદીના કિનારે ભગતજી મહારાજના સ્મૃતિસ્થાને પધાર્યા હતા. અહીં આકાર લઈ રહેલા સુંદર સ્મૃતિમંદિરનાં શિલ્પાંકૃત પથ્થરો પર પુષ્પો વરસાવ્યાં. નિજમંદિર સ્થાને પધરાવેલાં ભગતજી મહારાજનાં ચરણારવિંદને ભાવથી વંદતાં હાર ચઢાવી, પ્રદક્ષિણા કરી. મંદિર નિર્માણમાં સેવા આપતા કારીગરોને આશીર્વાદ અર્પી સ્વામીશ્રી ભગતજી મહારાજના પ્રાગટ્યસ્થાને પધાર્યા. અહીંના હરિમંદિરમાં ખૂબ ભાવથી દર્શન કરી, શુભ સંકલ્પો સાથે પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. યુવકોએ આનંદ-નૃત્ય કરી સ્વામીશ્રીના આગમનને વધાવ્યું. અભિષેક મંડપમાં તથા ગુરુપરંપરાનાં ભાવથી દર્શન કરી સ્વામીશ્રી મંદિર પર પધાર્યા. ત્રણેય ખંડોમાં સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. રાજી થતાં ભક્તોની ભક્તિને બિરદાવી સ્વામીશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી.

અહીંથી પ્રમુખ આશ્રમ બહારના ચોકમાં યોજાયેલી સ્વાગત સભામાં પધાર્યા. સંતોએ અનેકવિધ હાર વડે

સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીના આગમન નિમિત્તે ઘણા યુવકો-હરિભક્તોએ વિશિષ્ટ તપ-વ્રત કર્યાં હતા. તે સૌ પર સ્વામીશ્રીએ કૃપાશિષ વરસાવ્યા. સૌને સમીપદર્શન આપી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

## ગુરુરુચિ દિન

તા. ૧૧-૧૦-૨૦૧૮ના રોજ બાળકો-યુવકો-કાર્યકરોએ સાંજની સભામાં 'ગુરુરુચિ દિન'ની ભક્તિપૂર્વક ઉજવણી કરી હતી. આરતી-હારતોરાવિધિ બાદ પરિવારમાં સંપીને રહેવાની સુંદર પ્રેરણા આપતો સંવાદ 'સંપેલો પરિવાર' રજૂ થયો. ત્યારબાદ *'રાજી રાજી, કરીએ રાજી...'* કીર્તન પર બાળકો-યુવાનો અને વડીલોએ ભક્તિનૃત્ય પ્રસ્તુત કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

અંતે સ્વામીશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું: 'સંપ મુખ્ય વાત છે. આજે દુનિયામાં કોઈ કોઈને સમજવા માગતું જ નથી. પણ જરાક સમજણ આવે તો ફેર પડી જાય! નેગેટિવ વાતનો વિચાર આવ્યા કરે તો બધું કથળતું જાય ને જીવન ચૂરેચૂરા થઈ જાય. પણ એકબીજાને સમજીએ તો તરત ઉકેલ આવી જાય. એક જ લીટી સમજમાં આવી જાય તો કામ થઈ જાય. એ સમજણ ઘરસભામાં છે. ઘરસભા એ અલૌકિક વસ્તુ છે, પ્રમુખસ્વામી મહારાજના હૃદયમાંથી નીકળેલી છે, અદ્‌ભુત પ્રસાદી છે. એમાંથી એવી સમજણ પ્રાપ્ત થાય છે કે બધાને સુખ-શાંતિ પમાડે. જતે દિવસે બધા પ્રોબ્લેમ ઉકલી જાય.'

## ગુરુપ્રાપ્તિ દિન

તા. ૧૨-૧૦-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં મહુવા, ઊના, રાજુલા અને ગીર ગઢડા સત્સંગ મંડળના બાળકો-કિશોરો-યુવકો-કાર્યકરોએ વિવિધ રજૂઆતો દ્વારા 'ગુરુપ્રાપ્તિ દિન' ઊજવ્યો હતો. આજના દિનને અનુરૂપ સભામાં 'સંત પરમ હિતકારી' નૃત્યનાટિકાના પસંદગીના અંશો રજૂ થયા. તેના પ્રથમ દૃશ્યમાં દર્શાવવામાં આવ્યું કે પ્રમુખસ્વામી મહારાજે તૈયાર કરેલા બાળકો ગમે તેવી બીમારીમાં પણ અભક્ષ્ય જમતા નથી. સત્સંગમાં આવી નિષ્ઠા ધરાવતા અહીંના ત્રણ બાળકોના પ્રસંગો રજૂ થયા. સ્વામીશ્રીએ ત્રણેય બાળકો પર આશીર્વાદ વરસાવ્યા.

નૃત્યનાટિકાના બીજા દૃશ્યમાં રીશુભા વાળાનો પ્રસંગ રજૂ થયો. રીશુભાની જેમ જ માથાભારે અને દારૂનો ધીકતો ધંધો કરતા ઊના વિસ્તારના મનસુખભાઈ સાંખટનું સત્સંગના પ્રતાપે સમૂળું જીવન-પરિવર્તન થયું તે પ્રસંગ રજૂ થયો. મનસુખભાઈ પર સ્વામીશ્રીની અપાર પ્રસન્નતા વરસી. નૃત્યનાટિકાના અંત ભાગમાં કુકડ અને ઓદરકાનો પ્રસંગ રજૂ થયો.

અંતે સાંકળ ગૂંથવામાં આવી કે 'મહંત સ્વામી મહારાજ પ્રમુખસ્વામી મહારાજનું જ નવલ સ્વરૂપ છે.' આવા ગુરુપ્રાપ્તિના આનંદમાં બાળ-યુવાવૃંદે સુંદર ભક્તિનૃત્ય રજૂ કર્યું.

સંવાદના સંદર્ભમાં શુભાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે



સંવાદ જોયો. બ્રિટિશ અમલદારોને પણ ભાગી જવું પડ્યું. કેટલું ખુન્નસ! કેટલું કાતિલ વેર! કોઈની તાકાત નહીં કે આ વેર શમાવે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજે સહજ શમાવ્યું. બે બાજુ સત્સંગ થયો ને સમાધાન થઈ ગયું. સામર્થી દેખાય નહીં, પણ પ્રમુખસ્વામી મહારાજમાં ભગવાન જ કામ કરે છે. તેઓ બધી રીતે ભગવાનનું સ્વરૂપ જ હતા, એટલે આ બધું કાર્ય થયું. ગુણાતીત ગુરુઓ એક પછી એક આવતા ગયા, સત્સંગની વાત કરી, કરાવી અને પરમ શાંતિ પમાડી. આ સત્સંગથી જ થાય. આ ગુરુ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ, એમનાં દર્શન માત્રે પ્રતીતિ આવી જાય. આપણને એવા ગુરુ મળ્યા છે માટે બળમાં રહેવું, હિંમતમાં રહેવું. આપણને મહારાજ-સ્વામી અને ગુણાતીત ગુરુ મળ્યા છે તેના પર જવું. તેમાં હેત-પ્રીત કરવાં. તેમાં દૃઢતા વધારવી અને એકાંતિકભાવે ભગવાનની ભક્તિ કરી લેવી.'

તા. ૧૩-૧૦-૨૦૧૮ના રોજ અહીંના પ્રેમીભક્તોએ 'ગુરુભક્તિ દિન' અંતર્ગત શ્રી હરિકૃષ્ણ મહારાજની તુલા કરી ભક્તિભાવ અદા કર્યો હતો. સ્વામીશ્રીએ સૌના ભક્તિભાવને બિરદાવી સૌના દેશકાળ સારા થાય અને ભક્તિભાવ ખૂબ વધે એ માટે પ્રાર્થના કરી હતી.

તા. ૧૪-૧૦-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ ઊના તથા જરકલી મંદિરના ખાતમુહૂર્ત માટેની ઈષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું.

મહુવા ખાતે ચાર દિવસના રોકાણમાં સ્વામીએ સૌ ભક્તોને દર્શન, પ્રસાદી, વાતો અને મળવાના ચારેય સુખની લહાણ કરી, અલૌકિક સત્સંગસુખ આપી ધારી જવા વિદાય લીધી.



# તીર્થધામ ધારીમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની સત્સંગવર્ષા

*બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રાગટ્ય ભૂમિ એટલે તીર્થધામ ધારી.*

*પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની ચરણરજથી અંકિત પવિત્ર સોરઠી ધરાના આ ધારી તીર્થમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય કલામંડિત શિખરબદ્ધ મંદિર રચીને ગુરુવર્ય યોગીજી મહારાજને ભક્તિ-અંજલિ અર્પી છે. આ પવિત્ર સ્થાનમાં તા. ૧૪-૧૦-૨૦૧૮થી તા. ૧૮-૧૦-૨૦૧૮ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બિરાજીને અભૂતપૂર્વ સત્સંગ-ભક્તિનો લાભ આપ્યો હતો. અહીંના ચાર દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લેવા ઊમટતા હજારો ભક્તોથી મંદિરનું પ્રાંગણ છલકાતું હતું. શેત્રુંજી નદીના કિનારે આવેલા યોગીઘાટે નિત્ય યોજાતી પ્રાતઃપૂજામાં બાળકો-યુવાનોએ વિવિધ ભક્તિમય રજૂઆતો કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વળી, અહીં યોજાતી સંધ્યા સભાઓમાં પણ બાળકો-કિશોરો-યુવકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી ગુરુહરિના અંતરના આશિષ પ્રાપ્ત કર્યા હતા. પ્રાતઃપૂજામાં તેમજ સભાઓમાં ગુરુહરિનાં દર્શન-આશીર્વચનોનો લાભ લઈ હજારો હરિભક્તો કૃતાર્થ થયા હતા. દિવસ દરમ્યાન હજારો ભાવિકોને વ્યક્તિગત મુલાકાત તેમજ સમીપ દર્શનનો લાભ આપી સ્વામીશ્રીએ સૌની મનોકામના પૂર્ણ કરી હતી. અહીંના વિવિધ સમાજોના અગ્રણીઓ, રાજકીય આગેવાનો, પદાધિકારીઓએ હાર-ચાદર અર્પણ કરી સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.*

*ધારી ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી સભાઓની એક સંક્ષિપ્ત ઝલક અહીં મેળવીએ...*

## આગમન

તા. ૧૪-૧૦-૨૦૧૮ના રોજ સ્વામીશ્રી મહુવાથી વિદાય લઈ ધારીમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની બાળવયના પ્રાસાદિક સ્થાન યોગીઘાટે પધાર્યા હતા. અહીં વિશાળ શમિયાણામાં સતત ચાર દિવસ સુધી સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિવિધ કાર્યક્રમોની હારમાળા રચાવાની હતી. સ્વામીશ્રીના આ આગમન સમયે યોગાનુયોગ આ ક્ષેત્રના પ્રસિદ્ધ ધર્મગુરુઓ - ચલાલા ધર્મસ્થાનના મહંત પૂજ્ય વલ્કુબાપુ અને સતાધાર ગાદીના મહંત પૂજ્ય વિજયબાપુ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે હાર પહેરાવીને સ્વામીશ્રીને ધારીના આંગણે આવકાર્યા. પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓ કરીને તેમણે સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા. રવિસભામાં અમૃતલાભ આપી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. સૌપ્રથમ ગુરુવર્ય યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાને પધારી ભાવથી દર્શન કર્યાં. બાદ અભિષેકવિધિ, દર્શન કરીને સ્વામીશ્રીએ વિશેષ વ્રત-તપ-ઉપવાસ કરનાર સંતો-બાળકો-યુવકો-વડીલોને અંતરના આશિષ પાઠવી નિજનિકેતે પધાર્યા.

## બાળદિન

તા. ૧૫-૧૦-૨૦૧૮ના રોજ 'બાળદિન' નિમિત્તે બાળકોએ કૂચગીત દ્વારા ગુરુહરિને આવકાર્યા.

આજની સભાના કાર્યક્રમનો કેન્દ્રીય વિષય હતો – 'અમારા ભાઈબંધ.' એક પક્ષમાં યોગીબાપાના બાળમિત્રો અને બીજા પક્ષમાં અત્યારના બાળમુક્તો વચ્ચે વાર્તાલાપ યોજાયો. યોગીજી મહારાજ બાળકો પર જેવું વાત્સલ્ય વરસાવતા એવું જ વાત્સલ્ય અત્યારે બાળકોએ સ્વામીશ્રી પાસેથી પ્રાપ્ત કર્યું. બાળકોએ સ્વામીશ્રીને પૂછ્યું, 'ઝીણાભગત અને આપ ભણવામાં હોશિયાર હતા. એ રીતે અમારે પણ સારો અભ્યાસ કરવા માટે શું કરવું જોઈએ?'

માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ કહ્યું : ''મન જોઈએ કે 'મારે ભણવું જ છે', તો ભણાશે. નહીં તો બરકત ન આવે. 'આગળ આવવું જ છે, ડૉક્ટર-એન્જિનિયર થવું છે', એવું હોય તો ભણાશે. યોગીજી મહારાજ સામાન્ય ભણ્યા નથી, પહેલો નંબર રાખતા. યોગીબાપાને ગુરુ કર્યા હોય, પ્રમુખસ્વામી મહારાજને ગુરુ કર્યા હોય તો પહેલો નંબર લાવવો. ખૂબ સારી રીતે ભણવું. ૧ થી ૧૦માં નંબર લાવવા મહેનત કરવી. અત્યારે ભણવાનો સમય છે. સરસ ભણી લેવું. નંબર લાવવો. બીજું, ધર્મ-નિયમમાં રહેવું. શિક્ષકોની આજ્ઞા પાળવી, ખરાબ ભાઈબંધી નહીં. સારો ભાઈબંધ હોય ને સત્સંગની વાત કરતો હોય તો તેનું કહ્યું કરવું. જીવથી સત્સંગ કરો. બધી વાત સાચી માનીને, સંચાલકો-નિરીક્ષકો વાત કરતા હોય તેમાં મન દઈને સત્સંગ કરો. ખૂબ આગળ આવવાની વૃત્તિ રાખવી. બધી વાતે - 'આગળ આવવું છે. આગળ આવવું છે' એવું રાખવું.''

આ રીતે સ્વામીશ્રીએ બાળકોને જીવનલક્ષી ભાથું બાંધી આપ્યું.

## યુવાદિન

તા. ૧૬-૧૦-૨૦૧૮ના રોજ યુવકોએ 'યુવાદિન'ની સભામાં 'સુરક્ષા કવચ' સંવાદ રજૂ કર્યો. સંવાદમાં નિયમ-ધર્મના પ્રસંગો વણી લેવામાં આવ્યા હતા. કેટલાક યુવાનો ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલ, વ્યસન-દૂષણના બોર્ડ લગાવી કુસંગનું રૂપ ધરી ઊભા હતા. સ્વામીશ્રીએ દડો ફેંકી આ કુસંગોને ધરાશાયી કરી દીધા.

અંતે યુવાનોને હંમેશાં બળ રહે તેવાં આશિષવચન લખી આપતાં સ્વામીશ્રીએ લખ્યું : 'નિયમમાં રહે તે અમારી પાસે જ છે અને નિયમમાં ન રહે તેથી અમે દૂર છીએ.' ત્યારપછી યુવકોને નિયમ-ધર્મમાં રહેવાનો બોધપાઠ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભગવાને નિયમ આપ્યા છે એમાં બધાની સલામતી છે. પાળવા અઘરા છે, પણ એક વાર સમજ આવી જાય કે કોના આપેલા નિયમ છે! ભગવાનના! એટલે એમાં કોઈ દલીલ ન હોય. એમાં વિશ્વાસ રાખીને પાલન કરવું. હજારો-લાખોએ નિયમો પાળ્યા છે ને તેનાથી સુખી રહ્યા છે. એમાં ભગવાનની પ્રસન્નતા છે. તેનો આનંદ બધા સુખ કરતાં ચઢી જાય. માટે આપણે નિયમો પાળવા.'

તા. ૧૭-૧૦-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ ચલાલા, ઈંટોલા (ક્ષેત્ર: પોર) અને પદમલા (ક્ષેત્ર: રણોલી) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરોની ઈષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું. વળી, સાંજે 'સમર્પણ દિન' નિમિત્તે યોજાયેલી સભામાં ભક્તોએ શ્રી હરિકૃષ્ણ મહારાજની તુલાવિધિ કરી વિશેષ ભાવઅર્ઘ્ય અર્પ્યું હતું. વિવેકસાગરદાસ સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ સ્વામીશ્રીએ સૌના ભક્તિભાવને બિરદાવી, સૌના દેશકાળ સારા થાય તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભામાં ઉપસ્થિત ૧૨૦૦ કરતાં વધારે પુરુષ હરિભક્તોને સમીપદર્શનનો લાભ આપ્યો હતો. આમ, ધારીમાં સતત ચાર દિવસ સુધી સત્સંગસુખની લહાણી કરી સ્વામીશ્રી ગઢપુર પધાર્યા.







# ગઢપુરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વહાવી સત્સંગની હેલી

*ગઢપુર એટલે પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની મહાપ્રાસાદિક ભૂમિ.*

*બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે શ્રીહરિના સંકલ્પ મુજબ ઘેલા નદીના કાંઠે ટેકરા પર રચેલા ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૫૧માં પ્રતિષ્ઠિત કર્યું હતું. અપાર જહેમત લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ મંદિરના વિકાસની સાથે તીર્થધામ ગઢપુરના વિકાસ માટે પણ અનન્ય યોગદાન આપ્યું છે. તેઓની અનેક સ્મૃતિઓ સાથે મહંત સ્વામી મહારાજે તા. ૧૮-૧૦-૨૦૧૮થી તા. ૨૩-૧૦-૨૦૧૮ સુધી ગઢપુરમાં બિરાજીને સત્સંગ-ભક્તિની ભાગીરથી વહાવી હતી. સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિથી મંદિરમાં નિત્ય દિવ્યતાનો માહોલ છવાતો હતો. નિત્ય વહેલી સવારે મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધારતા તથા કાયમી સભામંડપમાં પ્રાતઃપૂજામાં બિરાજતા ગુરુહરિનાં દર્શન કરી હરિભક્તો ઘેલા બન્યા હતા. પ્રાતઃપૂજા તેમજ સંધ્યા સભાઓમાં સ્વામીશ્રીએ દિવ્ય દર્શન-આશીર્વચનનો લાભ આપી સૌને બ્રહ્મમય કરી દીધા હતા. સ્વામીશ્રી સાથે નિત્ય યોજાતી વ્યક્તિગત મુલાકાતોમાં હજારો ભક્તોને સમીપદર્શન તથા ભોજન દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો. ગઢપુર નગરપાલિકાના સભ્યો, વિવિધ સમાજના અગ્રણીઓ, દાદાખાચરના વંશજો ઉપરાંત અન્ય વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પ્રાપ્ત કર્યા હતા. અહીં સ્વામીશ્રીએ આપેલા દિવ્ય સત્સંગલાભની એક અલ્પ ઝાંખી અહીં પ્રસ્તુત છે...*

## અમરેલીમાં સ્વામીશ્રી...

તા. ૧૮-૧૦-૨૦૧૮ના રોજ ધારીથી સૌની ભક્તિભરી વિદાય લઈ ગઢપુર જતાં માર્ગમાં સ્વામીશ્રી અમરેલી પધાર્યા. અહીં નિર્માણ પામી રહેલા નૂતન બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરની પ્રવૃત્તિઓ પર કૃપાદૃષ્ટિ કરી. ભાવિ પરિસરના વિકાસની યોજનાઓ અને નકશાઓ પર દૃષ્ટિ કરી, પ્રાસાદિક પુષ્પો પધરાવી સ્વામીશ્રી પ્રાસંગિક સભામાં પધાર્યા. સૌનો પ્રેમભાવ ઝીલીને સૌ પર કૃપાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'મહારાજ-સ્વામીને અહીં બેસવું છે એટલે ગમે એમ કરીને મંદિર કરી આપશે. આપણે સંપથી કાર્ય કરવાનું છે. સંપથી થાય તેમાં ભગવાનનો રાજીપો છે. ભગવાન પોતે સંપવાળા મંડળમાં બિરાજમાન રહે છે. આપણે સંપ છે એટલે મંદિર ને બધું થશે. સંપ રાખીએ, અંદરો અંદર હેત-પ્રીત હોય, મંદિરમાં ભેગા થઈએ, એકબીજાની સેવા કરીએ, એકબીજાને મદદરૂપ થઈએ તો ભગવાન ખૂબ રાજી થાય. અને અહીં શ્રીજીમહારાજ, યોગીજી મહારાજ ને પ્રમુખસ્વામી મહારાજને ગમે છે તેવું કાર્ય થશે.' સૌએ જય

જયકારોથી ગુરુહરિના આશિષને વધાવ્યા.

### ગઢપુરમાં આગમન

અમરેલીથી સૌની વિદાય લઈ સ્વામીશ્રી ગઢપુર પધાર્યા. ઠાકોરજીનાં દર્શન-આરતી કરી સભામાં પધાર્યા. વડીલ સંતોએ કલાત્મક હારતોરાથી અભિવાદન કરીને સ્વામીશ્રીને ભક્તિ-ભાવથી વધાવ્યા.

### સ્વાગત સભા

તા. ૧૯-૧૦-૨૦૧૮ના રોજ અક્ષરવાડીમાં સ્વામીશ્રીની શાનદાર સ્વાગત સભા યોજાઈ હતી. ગઢપુરના અગ્રણીઓએ વાક્પુષ્પો વડે સ્વામીશ્રીને ગઢપુરના આંગણે આવકાર્યા. આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રવચન દ્વારા સ્વામીશ્રીનો મહિમા તથા પ્રભાવ ગાયો. અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામીએ ગઢપુર સાથેના પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના પ્રેમ-સંબંધને ઉજાગર કર્યો.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પતાં જણાવ્યું: ‘‘અહીં યોગીબાપાનું સન્માન કરવામાં આવ્યું ત્યારે તેઓએ કહ્યું હતું: ‘આ અમારું સન્માન નથી, દાદા ખાચરનું સન્માન છે, શ્રીજીમહારાજનું સન્માન છે.’ બધું ભગવાન વડે છે, બધું ભગવાન કરે છે, આપણે કંઈ કરતા નથી. આપણે તો દાસભાવે તેમની સેવા-ભક્તિ કરવી ને સાર્થકતા અનુભવવી. આપણે અરસ-પરસ સાથ-સહકારથી કાર્ય કરીએ છીએ. તમે બધા આટલી બધી સેવા કરો છો, સાથ-સહકાર આપો છો, તો તમારું ભલું થાય એમાં શું નવાઈ!

શ્રીજીમહારાજે કહ્યું: ‘ગઢડું મારું ને હું ગઢડાનો, એ કદી નથી મટનારો.’ આ વાત સંત દ્વારા ચાલુ છે અને એ ચાલુ રહેવાનું જ છે, કદી મટવાનું નથી. એટલે આપણે બધા એકમેક થઈ



કાર્ય કરીએ છીએ, સાથે જ કરીએ છીએ, પણ એવી ભાવના વિશેષ રહે અને દરેકના હૃદયમાં આ વાત વસે એ પ્રાર્થના. દરેકના દેશકાળ સારા થાય અને પાણીની સમસ્યા મટી જાય એ ભગવાનને પ્રાર્થના.’’ સ્વામીશ્રીના શબ્દોથી સૌ નગરવાસીઓનાં અંતરમાં શાંતિ અને આનંદ વ્યાપી ગયાં.

ગઢપુર નગરવાસીઓના ઉરમાં સ્વામીશ્રીને વધાવવાનો પ્રેમભર્યો થનગનાટ અનેરો હતો. સમગ્ર નગરની વિવિધ સંસ્થાઓ તથા સમાજોના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓએ પુષ્પગુચ્છ અર્પી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને સત્કારી અણમૂલા આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ગઢપુરના નગરજનો અને અગ્રણીઓ દ્વારા થયેલી આજની આ સ્વાગત સભા ઐતિહાસિક બની રહી.

### સત્સંગ સભા

તા. ૨૧-૧૦-૨૦૧૮ના રોજ અક્ષરવાડીમાં સત્સંગ સભા યોજાઈ હતી. સ્વામીશ્રીએ સભામાં પધારી ઠાકોરજીને આરતીઅર્ઘ્ય અર્પ્યું. અમરેલી સત્સંગ મંડળના બાળકો-યુવકો-કાર્યકરોએ ‘અનોખી કોર્ટ’ નામક સંવાદ રજૂ કર્યો. જેમાં દર્શાવવામાં આવ્યું કે પતિ અને પત્ની બંને સંસ્કારો અને સત્સંગના અભાવે એકબીજાને સમજી શકતા નથી ને અંતે કોર્ટમાં ઘસડાય છે. સમાજમાં વારંવાર બનતા આવા અનેક પારિવારિક પ્રશ્નોનું સમાધાન અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ‘‘આમાં બધાએ શીખવા જેવું છે. પોતાની ભૂલ ન જુએ ને બીજાની ભૂલ જોયા કરે તો કોઈ દિવસ સમાધાન ન થાય, એમાં અંત જ આવે નહીં. સારામાં સારા થવાનો વિચાર હોય તો પોતાની જ ભૂલ જુએ કે ‘હું ક્યાં ગોથા ખાઉં છું?’ આમ વિચારે તો પ્રશ્ન જ ઊકલી જાય. બધાએ આ કરવા જેવું છે. બીજાની નહીં, પોતાની ભૂલ જુએ તે મોટું કામ! એ જ સત્સંગ થયો કહેવાય. આવી રીતે વર્તીએ તો ફર્સ્ટક્લાસ સુંદર જીવન બને ને આપણને ને બીજાનેય શાંતિ રહે.’’

તેલુગુ ભાષામાં તૈયાર થયેલા વચનામૃતની પ્રથમ પ્રત હૈદરાબાદના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી કુપ્પા રવીન્દ્રનાથજીએ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કરી. સ્વામીશ્રીએ રાજી થઈને તેમને આશીર્વાદ અર્પ્યા.

તા. ૨૨-૧૦-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ ઇંગ્લેન્ડના હેવન્ટ (Havent) મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. વળી, આજે સ્વામીશ્રીએ નવા મુમુક્ષુઓ, શિશુઓને વર્તમાન ધરાવ્યાં હતાં. સંધ્યા સમયે યોજાયેલી સત્સંગ સભામાં સ્વામીશ્રીએ ગઢપુરનો અપાર મહિમા કહ્યો હતો.

તા. ૨૩-૧૦-૨૦૧૮ના રોજ સારંગપુરથી ૧૭૦ જેટલા સંતો-પાર્ષદો-સાધકો પદયાત્રા કરીને સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા. જે પૈકી કેટલાકે ખુલ્લા પગે અને કેટલાકે નિર્જળ ઉપવાસ સાથે પદયાત્રા કરી હતી. આ સૌ પર અમીદૃષ્ટિ કરી સ્વામીશ્રીએ અંતરના આશિષ અર્પ્યા હતા. આમ, ગઢપુર ખાતે સતત પાંચ દિવસ સત્સંગનો દિવ્ય લાભ આપી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા.



# અક્ષરતીર્થ ગોંડલમાં આધ્યાત્મિક જ્ઞાનવર્ષા વરસાવતા પરમ પૂજ્ય સ્વામીશ્રી

*અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સ્મૃતિસ્થાન અક્ષરતીર્થ ગોંડલ ખાતે તા. ૨૩-૧૦-૨૦૧૮ થી તા. ૯-૧૧-૨૦૧૮ સુધી બિરાજીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે નિત્ય ઉત્સવોની હારમાળા સર્જી હતી. વહેલી સવારથી જ હરિભક્તોનો પ્રવાહ અક્ષરમંદિરમાં ઊમટતો હતો. અક્ષરમંદિર, અક્ષરદેરી અને યોગીજી મહારાજ સ્મૃતિમંદિરમાં ઠાકોરજી તથા ગુરુવર્યોનાં દર્શનની સાથે સાથે સ્વામીશ્રીનાં સમીપદર્શનનો લાભ પ્રાપ્ત કરી સૌ કૃતાર્થ બન્યા હતા. યોગી સભાગૃહમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન તથા સ્વામીશ્રીના મુખેથી મંગલ પ્રવચનમાં વચનામૃત-કથાનું રસપાન કરીને હજારો હરિભક્તોએ આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત કરી હતી. બાળકો-કિશોરો-યુવકોએ મુખપાઠ અને કીર્તન-ભક્તિ રજૂ કરી પોતાની કલા પાવન કરી સ્વામીશ્રીને પ્રસન્ન કર્યા હતા. પ્રતિવર્ષની જેમ અહીં શરદપૂર્ણિમા, ધનતેરસ, કાળીચૌદશ, દીપાવલી, ચોપડાપૂજન અને નૂતન વર્ષના પ્રારંભે સ્વામીશ્રીનું દિવ્ય સાંનિધ્ય પામીને દેશ-વિદેશના હજારો હરિભક્તો ધન્ય બન્યા હતા. ગોંડલ ખાતે સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાયેલા ભક્તિપૂર્ણ ઉત્સવોની એક ઝલક અહીં પ્રસ્તુત છે...*

## આગમન

તા. ૨૩-૧૦-૨૦૧૮ના રોજ ગઢપુરથી સ્વામીશ્રી અક્ષરતીર્થ ગોંડલ પધાર્યા ત્યારે સંતો-ભક્તોએ ઉમળકાભેર ગુરુહરિનું સ્વાગત કર્યું હતું. અક્ષરદ્વારથી મંદિર સુધી કલાત્મક પુષ્પપથ પર શ્રી હરિકૃષ્ણ મહારાજને કરમાં ગ્રહીને ચાલતા સ્વામીશ્રી સ્વાગતની ઊર્મિઓ વચ્ચે મંદિરે પધાર્યા હતા. અક્ષરદેરી અને અક્ષરમંદિરમાં ભાવથી દર્શન કરી આરતી ઉતારી સ્વામીશ્રીએ મંદિરની જગતીપીઠ પર આસન ગ્રહણ કર્યું હતું. સામેના અક્ષરચૉકમાં ભક્તમેદની છલકાતી હતી. અહીં કલાત્મક હારતોરા અને શાલ વડે સ્વામીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું. સૌનું અભિવાદન સ્વીકારી, સૌને દિવ્ય દર્શનલાભ આપી સ્વામીશ્રીએ સૌ પર આશિષ વરસાવ્યા.

## શરદપૂર્ણિમા ઉત્સવસભા

તા. ૨૪-૧૦-૨૦૧૮ના રોજ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૩૪મો પ્રાકટ્યોત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં દબદબાપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં પણ શરદપૂર્ણિમાનો માહોલ છવાયો હતો. શરદપૂર્ણિમાની મુખ્ય સભા રાત્રે ૮ થી ૧૧ વાગ્યા દરમ્યાન સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાઈ હતી.

શરદપૂર્ણિમાની રાત્રે અક્ષર-જન્મોત્સવનો લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તોથી સભાસ્થાન ભરાઈ ચૂક્યું હતું. વરિષ્ઠ સંતોએ વિવિધ વિષયો પર પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો અપરંપાર મહિમા ગાયો. પરંપરા




મુજબ ક્રમશઃ આરતી ઉતારી ઠાકોરજીને ભક્તિઅર્ઘ્ય અર્પવામાં આવ્યું. બાળ-યુવાવૃંદે *'શરદપૂનમની રાતડી...'* ભક્તિગીત પર મનભરીને રાસ રમી ભક્તિભાવ વ્યક્ત કર્યો. જસદણ યુવામંડળના યુવકોએ ડભોઈના કરુણાશંકરનો સંવાદ રજૂ કર્યો. આજના ઉત્સવે અક્ષરબ્રહ્મના પ્રાગટ્યને વધાવતાં થયેલી ફટાકડાઓની આતશબાજીએ ગગનને સુવર્ણ રંગોથી ભરી દીધું હતું.

સભામાં ગોંડલના મહારાજા શ્રી જ્યોતીન્દ્રસિંહજી, શ્રી ગિરિરાજસિંહજી જાડેજા અને શ્રી જ્યોતિર્મયસિંહજી જાડેજા પધાર્યા હતા. તેમણે સ્વામીશ્રીને હારથી ગોંડલના આંગણે સત્કાર્યા. સ્વામીશ્રીએ પણ હાર પહેરાવી તેમને આશીર્વાદ પાઠવ્યા. સંતોએ હારતોરાથી સ્વામીશ્રીને વધાવ્યા. આ અવસરે સંત સમાગમ સંપુટ-૧૧ 'સ્વભાવવશ સંસાર' નામે સ્વામીશ્રીના હસ્તે પ્રકાશિત થયો. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરનાર હરિભક્તોના પ્રતિનિધિઓને સ્વામીશ્રીએ મેડલ અર્પી આશીર્વાદ અર્પ્યા. અંતમાં અમૃતવાણી વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા તો અપરંપાર છે. એક એક મુક્ત અનંતકોટી બ્રહ્માંડની રચના કરી શકે એવા અનંતકોટી મુક્તોની સામર્થી ભેગી કરીએ તોયે ગુણાતીતની તોલે ન થાય. આવા સમર્થ હોવા છતાં પણ ગુણાતીતાનંદ સ્વામીને કેવો દાસભાવ! પચાસ સંતો-હરિભક્તોનાં જોડાંનું પોટલું બાંધી પ્રેમથી માથે લીધું!

શ્રીજીમહારાજે મધ્યના ૪૬મા વચનામૃતમાં કહ્યું, 'અભાવ-અવગુણ ન લે તો અક્ષરધામ મળે.' પ્રાપ્તિ કેટલી મોટી! પણ જો સાચવીને રહીએ તો કામ થાય. ભગવાનમાં રુચિ રાખી રહીએ એટલે પાકા સત્સંગી થઈએ. શ્રીજીમહારાજ પોતે કહે છે, 'નિયમ પાળે તે શાહુકાર છે ને ન પાળે તે ચોર.' માટે નિયમ ને ઉપાસના આ બે વાત હોય તો અહીં જ અક્ષરધામની પ્રાપ્તિ થાય.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રી અને સૌ ભક્તોએ ઠાકોરજીની પાંચમી આરતી ઉતારી ત્યારે ગગનમાંથી હજારો તારલાઓ નીચે ઊતરી અક્ષરબ્રહ્મને વધાવતા હોય તેવું સુંદર દૃશ્ય રચાયું હતું. અંતે સૌ દૂધપૌંઆનો પ્રસાદ લઈ વિદાય થયા.

વળી, આજે સવારે શરદપૂર્ણિમાના શુભ દિવસે સ્વામીશ્રીની પુણ્ય ઉપસ્થિતિમાં કળશયાત્રા યોજાઈ હતી. સ્વામીશ્રીની સાથે કળશયાત્રામાં સદ્‌ગુરુ સંતો, સ્થાનિક સંતો અને હરિભક્તો જોડાયા હતા. અક્ષરદ્વારથી આરંભાયેલી કળશયાત્રા ગોંડલી નદીના તટે બ્રહ્મકુંડ પાસે વિરમી. કુંડની ચારેય તરફનાં પગથિયાં ઉપર સંતો તથા અગ્રણી હરિભક્તોએ સ્થાન લીધું. કુંડની મધ્યમાં પધરાવેલાં ચરણારવિંદ પર શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવી, આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોએ અભિષેક કર્યો. સૌને આજના અવસરની સ્મૃતિ આપતાં સ્વામીશ્રીએ કરમાં ગોંડલી નદીના પવિત્ર જળની પિચકારી લઈ સૌ સંતો-હરિભક્તો પર મહા-પ્રાસાદિક જળ છાંટ્યું. શુભ સંકલ્પો સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ. સ્વામીશ્રી અને સંતોએ સ્નાન કર્યું. સૌને ઉદ્દેશીને સ્વામીશ્રીએ કહ્યું, 'ભગવાન સ્વામિનારાયણથી માંડીને બધાંને યાદ કરીને સ્નાન કર્યું છે.'

આજના શરદોત્સવે સમગ્ર દિવસ દરમ્યાન સ્વામીશ્રીએ અપાર કૃપાલાભ આપી સૌને બ્રહ્મમય કરી દીધા હતા.

તા. ૨૭-૧૦-૨૦૧૮ના રોજ યોજાયેલી સભામાં શ્રી ગજેન્દ્રભાઈ



પંડાએ 'અક્ષરપુરુષોત્તમ દર્શન'ના મહિમાની સાથે સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન પ્રેરક-પોષક મહંત સ્વામી મહારાજના ગુણગાન ગાયાં હતાં. અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વચનથી લાભાન્વિત કર્યા હતા.

તા. ૨૮-૧૦-૨૦૧૮ના રોજ યોજાયેલી 'વિદ્યામંદિર દિન' નિમિત્તેની સભામાં છાત્રોએ 'સજા' નામક સંવાદ રજૂ કર્યો હતો, જેમાં સંતતિને સંસ્કાર ન આપવામાં આવે અને સંતતિ સંસ્કાર ગ્રહણ ન કરે તો કેવાં વરવાં પરિણામ ભોગવવાં પડે છે તે દર્શાવાયું હતું. પછી વિદ્યામંદિરના બાળકોએ કીર્તનોના તાલે ભક્તિનૃત્ય કરી ગુરુહરિને વધાવ્યા.

વિદ્યામંદિરમાં ઉચ્ચ અભ્યાસકીય સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સ્વામીશ્રીના હસ્તે સ્મૃતિભેટ અને શુભાશિષ પ્રાપ્ત થયાં. અંતમાં સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓને સર્વાંગી પ્રેરણા આપતાં સુંદર આશિષ પાઠવ્યા હતા.

ગોંડલ ખાતે તા. ૧ અને ૩ નવેમ્બરના રોજ પ્રાતઃપૂજામાં સ્વામીશ્રીએ નિર્ગુણ ભગતને ભાગવતી દીક્ષા આપી 'સાધુ નિર્ગુણમૂર્તિદાસ' અને તૃષિલભાઈ સાધકને ભાગવતી દીક્ષા આપી 'સાધુ વેદાનંદદાસ' નામાભિધાન કરાવ્યું હતું.

તા. ૪ અને ૫ નવેમ્બરના રોજ સાયંસભામાં 'અક્ષરમુક્તોની દર્શન-યાત્રા' સંવાદ અંતર્ગત અક્ષરદ્વાર, અક્ષરમંદિર, અક્ષરદેરી, યોગીસ્મૃતિ મંદિર, ગોંડલી નદી અને અક્ષરઘાટનો મહિમા ગવાયો હતો. સંવાદના અંતે સ્વામીશ્રીએ આપેલા આશીર્વાદમાં અક્ષરદેરીનો અપરંપાર મહિમા કહી સૌને આ પવિત્ર સ્થાનનું માહાત્મ્ય સમજાવ્યું હતું. દિવ્ય અક્ષરદેરીનો પ્રતાપ કહેતાં સ્વામીશ્રીએ લખ્યું: 'અક્ષરદેરી એટલે અક્ષરધામ.'

### ■ ભક્તિપૂર્ણ દીપોત્સવી પર્વ

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તીર્થરાજ ગોંડલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં હજારો હરિભક્તોએ દીપોત્સવી પર્વનો અનેરો લહાવો માણ્યો હતો.

તા. ૫-૧૧-૨૦૧૮, ધન-ત્રયોદશીના પરમ પવિત્ર દિને પ્રાતઃપૂજા બાદ રજતના સિક્કાઓનું પૂજન કરી સ્વામીશ્રીએ આજના દિને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સ્વામીશ્રી યોગીજી મહારાજના સ્મૃતિમંદિરે દર્શનાર્થે પધાર્યા ત્યારે એસ.આર.પી.ના જવાનોએ બેંડવાદન સાથે શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું સન્માન કરી સલામી આપી હતી. સ્વામીશ્રીએ તમામ જવાનો પર અમીદૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા હતા.

તા. ૬-૧૧-૨૦૧૮, આજે શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર સ્વામીશ્રીએ કાળીચૌદશ નિમિત્તે હનુમાનજીનું વેદોક્તવિધિથી પૂજન કરી ભાવ-અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

દેશ-વિદેશના હરિભક્તોને આશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''દિવાળી અને નવાવર્ષના ખાસ જય શ્રી સ્વામિનારાયણ. તમે બધા આવ્યા છો, તમને મળવું હતું પણ સંજોગોવશાત્ ન મળાયું. પણ સમજણે કરીને મળ્યા બરાબર જ છે. તમારા દેશકાળ સારા થાય ને તને-મને-ધને સુખી થાઓ ને મોક્ષની પ્રાપ્તિ થાય એ જ પ્રાર્થના.''

સ્વામીશ્રીએ અહીં રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરના નૂતન સંકુલમાં પધારી, શ્રી હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવી વેદોક્ત વિધિપૂર્વક તેનું ઉદ્‌ઘાટન કર્યું. ત્યારપછી 'બાળ દિન' નિમિત્તે યોજાયેલી સભામાં પધાર્યા. બાળકોએ 'કી ટુ ધ અક્ષરધામ' સંવાદ રજૂ કર્યો.




તેમાં એક બાળક મનને જીતીને શ્રીજીમહારાજ માટે ચીભડાં લઈ આવ્યો તે પ્રસંગ સુંદર રીતે રજૂ થયો.

સંવાદને અનુરૂપ બાળકોએ મન જીતીને નિયમો પાળ્યા હોય, આહ્નિકની વિશેષ દૃઢતા રાખી હોય, વિશેષ તપ કર્યું હોય, વિપરીત પરિસ્થિતિઓમાં પણ સારામાં સારી સેવા કરી હોય તેવા સ્થાનિક બાળકોના વિશેષ પ્રસંગો રજૂ થયા. આ બાળકોને સ્વામીશ્રીના હસ્તે વચનામૃત અને સ્વામીની વાતોની સ્મૃતિભેટ પ્રાપ્ત થઈ. અંતે બાળકોએ *'સ્વામિનારાયણ ગાઈશું, જ્યાં લગી રહેશે પ્રાણ...'* પ્રતિજ્ઞાગીત પર સુંદર ભક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું. સૌ આ પ્રતિજ્ઞા અનુસાર જીવવા કટિબદ્ધ થયા. બાલિકા કાર્યકરોએ પોતાની ભક્તિ અદા કરતાં ૧૦૮ વાનગીઓનો સુંદર અન્નકૂટ બનાવ્યો હતો. સ્વામીશ્રીએ તેઓની ભક્તિ સ્વીકારી. અંતમાં સ્વામીશ્રીએ 'સત્સંગમાં દૃઢતા રાખી, નિયમ-ધર્મયુક્ત જીવન જીવી મહારાજ-સ્વામીને રાજી કરી લેવા' કહીને વિશેષ પ્રેરણાવચનો કહ્યાં હતાં.

આજે સ્વામીશ્રીની મુલાકાતે આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજી આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. બંને સંતપુરુષોના પરસ્પરના સ્નેહમિલન બાદ સ્વામીશ્રીએ તેઓને અક્ષરદેરીની સ્મૃતિભેટ અર્પી હતી.

## દીપાવલી - ચોપડા પૂજન

તા. ૭-૧૧-૨૦૧૮ના રોજ દીપાવલીના શુભ અવસરે શ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રીએ ગુરુવર્યોના પ્રાસાદિક કક્ષોમાં દર્શન કર્યાં. અક્ષરદેરીમાં દર્શન કરી મંદિર પર પધાર્યા. ગર્ભગૃહથી માંડીને કોળીમંડપ સુધીનો પથ દીવડાઓથી ખૂબ સુંદર રીતે સુશોભિત હતો. સ્વામીશ્રીએ ત્રણેય ખંડમાં દર્શન કરી મંદિરની જગતીપીઠ પરથી ઠાકોરજીની આરતી ઉતારી. સંતો-પાર્ષદો-સાધકો અને હરિભક્તો પણ આરતીમાં જોડાયા હતા.

યોગીસ્મૃતિ મંદિરે દર્શન કરી સ્વામીશ્રીએ સૌને પૂજાદર્શનનો લાભ આપ્યો. પૂજા બાદ અંતરમાં અજવાળું કરવાના અદ્ભુત આશીર્વાદ અર્પ્યા.

## ચોપડાપૂજન

વિક્રમ સંવત ૨૦૭૫ની પૂર્વ સંધ્યાએ દીપાવલિના પવિત્ર પર્વે અક્ષરમંદિરમાં ચોપડાપૂજન યોજાયું હતું. ઉપમંચની બંને તરફ તથા સામે અક્ષરચોકમાં પણ હરિભક્તો વિધિમાં જોડાયા હતા. વૈદિક મંત્રોના ગુંજનથી સમગ્ર વાતાવરણમાં દિવ્યતા છવાઈ હતી. ચોપડાપૂજન નિમિત્તે યોજાયેલી મહાપૂજાવિધિ બાદ સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરેલા અક્ષત ને પૂજાદ્રવ્યો વડીલ સંતોએ તમામ ચોપડાઓ પર વરસાવી સમૂહ ચોપડાપૂજન કર્યું.

દીપોત્સવીએ આશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: "આપણે મહાપૂજા નિઃસ્વાર્થભાવે ભગવાનની પ્રસન્નતા માટે જ કરી એટલે બધા તને-મને-ધને સુખી થાઓ ને મન-કર્મ-વચને સેવા કરો. ભગવાનની પ્રસન્નતા માટે જે કાંઈ કરીએ, એ મોક્ષદાયી છે. આપણે મોક્ષભાગી છીએ. જેને જેને સત્સંગ મળ્યો છે તે ખરેખર મોક્ષને પાત્ર છે. સંપ, સુહૃદભાવ, એકતા, દાસપણું, મહિમા, ગુણગ્રહણ એ જ સત્સંગ છે. એવી રીતે આપણે સત્સંગ કરીએ એ જ ભગવાનને પ્રાર્થના અને શ્રીજીમહારાજ બધા ઉપર ખૂબ રાજી થાય એ પ્રાર્થના."

હવે, સ્વામીશ્રી અક્ષરદ્વારે પધારી શ્રી હરિકૃષ્ણ મહારાજ સહિત મયૂર રથમાં બિરાજ્યા. અહીંથી શોભાયાત્રા આરંભાઈ અને અક્ષરમંદિરના પોડિયમ પર વિરમી. અદ્ભુત દર્શન હતાં. અહીંથી સ્વામીશ્રી તેમજ હજારો હરિભક્તોએ ઇષ્ટદેવની આરતી ઉતારી. ઝગમગતા હજારો દીવડાઓથી અક્ષરમંદિર ખરા અર્થમાં દીપોત્સવીપર્વે

સૌમાં પ્રકાશ પાથરનારું બની રહ્યું હતું.

આજે સ્વામીશ્રીએ અમેરિકામાં સત્સંગ-વિચરણ કરી રહેલા સંતોને વીડિયો કૉન્ફરન્સ દ્વારા શુભ-આશિષ ને શુભ-પ્રેરણાઓ અર્પીને નવા વર્ષના જય સ્વામિનારાયણ પાઠવ્યા હતા.

## નૂતન વર્ષારંભ - અન્નકૂટોત્સવ

તા. ૮-૧૧-૨૦૧૮, સંવત ૨૦૭૫ના નૂતન વર્ષની પ્રથમ પ્રભાતે કરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજને ધારી ભક્તોને મળવાની ઉત્કંઠા સાથે સ્વામીશ્રી નિજનિવાસની બહાર પધાર્યા. રંગોળી અને દીવડાઓના સુશોભન વચ્ચે લાલ જાજમ પર ડગ માંડતા, સુખ-આનંદ અને ઉત્સાહ વેરતા ગુરુહરિનાં દર્શન પામી અનેકના નૂતન વર્ષનો મંગલ પ્રારંભ થયો.

અક્ષરદેરી તથા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે 'બધાનું સારું થાય' એવી મંગલ પ્રાર્થનાઓ કરી. અહીંથી સંતો તથા ઉપસ્થિત એક-એક હરિભક્તના મસ્તક પર પ્રેમલ હસ્ત મૂકી, સૌને સમીપદર્શનનો લાભ આપતાં સ્વામીશ્રીએ નૂતન વર્ષની પ્રથમ પ્રાતઃપૂજાનો પ્રારંભ કર્યો. પૂજાની સાથે નૂતન વર્ષ નિમિત્તેની મહાપૂજા પણ આરંભાઈ. પ્રાતઃપૂજા બાદ મહાપૂજાના ઉત્તરાર્ધવિધિમાં જોડાતાં સ્વામીશ્રીએ આરતી ઉતારી, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી, ઈષ્ટદેવ અને ગુરુપરંપરાનાં ચરણોમાં સૌના શ્રેયની પ્રાર્થના કરી.

અહીંથી સ્વામીશ્રી યોગી સભામંડપમાં નૂતન વર્ષ નિમિત્તે ચાલી રહેલી સભામાં પધાર્યા. સૌને હાથ જોડી નૂતન વર્ષના 'જય સ્વામિનારાયણ' કરતાં દર્શનલાભ આપ્યો. આજના પુનીત દિને સૌ પર શુભાશિષ વરસાવતાં ગુરુહરિએ જણાવ્યું : 'સર્વના દેશકાળ ખૂબ સારા થાય ને બધી મુશ્કેલીઓ દૂર થાય એ પ્રાર્થના. ભગવાનનું ભજન-સત્સંગ સારી રીતે કરી શકો એના માટે બધાં તને-મને-ધને સુખી થાઓ. દિવાળીના દિવસોમાં બધા અહીં આવ્યા એટલે આપ બધા ભક્તહૃદયી છો. સત્સંગ થાય એટલે અંતર શુદ્ધ થાય. બધું એમાં આવી જાય ને જેટલું અંતર શુદ્ધ થાય એટલી શાંતિ રહે. તમે બધા ભક્તો છો એટલે અંતર શુદ્ધ થાય એ ખાસ પ્રાર્થના. જ્યાં અંતર શુદ્ધ થાય ત્યાં ભગવાન ને સંત નિરાંતે બેસે. અને એ પ્રમાણે આપણે કરવાનું છે. બધાની વિશેષ ને વિશેષ અંતરશુદ્ધિ થયા કરે એ જ પ્રાર્થના.'

બાદ સ્વામીશ્રી યોગીજી મહારાજના સ્મૃતિમંદિરે પધાર્યા. અહીં સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, તેનાં દર્શન કરીને આરતી ઉતારી. અહીંથી અક્ષરદેરીએ પધાર્યા. અક્ષરદેરીની ચારેબાજુ પરંપરાગત અને વિવિધ વાનગીઓનો સુંદર અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. સ્વામીશ્રી અક્ષરદેરીની બરાબર સામે આસન પર બિરાજ્યા. ગોવર્ધન પૂજા કરી. અન્નકૂટ મધ્યે શોભતા ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી અને ગુણાતીત ગુરુઓની આરતી ઉતારી.

અહીંથી સ્વામીશ્રી મંદિર ઉપર પધાર્યા. પ્રદક્ષિણાપથમાં ગુરુવર્યોના ખંડોમાં ભાતભાતના અન્નકૂટ મધ્યે વિરાજતા ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના ભાવથી દર્શન કર્યાં. મંદિરના ત્રણેય ખંડોમાં ઠાકોરજીને વિધવિધ વાનગીઓનો સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટનાં દર્શન કરતાં મધ્યખંડ સમક્ષ બિરાજી સ્વામીશ્રીએ થાળનું ગાન કર્યું. બરાબર ૧૧-૨૫ વાગે મહાઅન્નકૂટ સાથે ઠાકોરજીની આરતી ઉતારી ત્યારે સમગ્ર વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી.

આજના શુભ દિને સૌને સ્નેહપૂર્વક મળી, નૂતન વર્ષાભિનંદન પાઠવી, અલભ્ય દર્શનસુખ આપ્યું હતું.

આજે સાંજે દર વર્ષની જેમ અહીં તમામ બી.એ.પી.એસ. મંદિરોમાં સેવારત સંતોને વીડિયો કોન્ફરન્સ કૉલ દ્વારા ત્રણેક કલાક સુધી વ્યક્તિગત પ્રેમથી મળી નૂતન વર્ષના 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા હતા. અંતે સૌ સંતોને ઉદ્દેશીને આશીર્વર્ષા કરતાં ગુરુહરિએ કહ્યું : ''બધાનાં દર્શન થયાં એ બહુ આનંદની વાત છે. તમે આખું વર્ષ ખૂબ ભીડો વેઠ્યો છે ને વેઠી રહ્યા છો. આ દિવાળી પર્વમાં તો વિશેષ ભીડો પડે. જાગરણ થાય પણ તમે બધાએ સંપીને બધું કાર્ય કર્યું. ખૂબ શોભાવ્યું છે. બધાને ધન્યવાદ છે ને આવી રીતે સેવા કરતા રહો. બધા ખૂબ બળમાં રહેજો. આપણી વાત સાચી છે. તે આગળ આવશે ને એ જ કરવા જેવું છે.'' સૌ સંતો નૂતન વર્ષે ગુરુહરિના પ્રત્યક્ષ આશિષ પામી ખૂબ આનંદિત થઈ ઊઠ્યા હતા.

## વિદાયસભા

તા. ૯-૧૧-૨૦૧૮ના રોજ યોજાયેલી વિદાયસભામાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન ખૂબ ખૂબ સેવાઓ કરનાર તમામનો આભાર માનવામાં આવ્યો. સ્વામીશ્રીએ સૌની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી અંતરના આશિષ પાઠવ્યા.

ગુણાતીત સ્મૃતિસ્થાન ગોંડલ ખાતે સતત ૧૮ દિવસ સુધી સત્સંગસુખની ખૂબ લહાણ કરી સ્વામીશ્રી ગુણાતીત પ્રાકટ્યસ્થાન ભાદરા પધાર્યા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# સુરત અને નવસારી શહેરના પરાંવિસ્તારોમાં ઊજવાયા નૂતન બી.એ.પી.એસ. મંદિરોના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો





સુરતના જહાંગીરાબાદ(ડાબે) અને સૈયદપુરા(જમણે) ખાતે પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મૂર્તિસ્થાપનવિધિ...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી દક્ષિણ ગુજરાતના સુરત અને નવસારી શહેરનાં પરાંવિસ્તારોમાં અને આજુબાજુનાં ગ્રામ્યક્ષેત્રોમાં સત્સંગની દિન-પ્રતિદિન સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. તેથી જ શહેર અને ગ્રામ્ય ક્ષેત્રનાં સત્સંગકેન્દ્રોમાં અનેક ભક્તો-ભાવિકો વૈદિક શુદ્ધ ઉપાસનાની પ્રેરણા પામીને પોતાના જીવનમાં ઉન્નત મૂલ્યો દૃઢાવી રહ્યા છે. પરિણામે નૂતન મંદિરોની હારમાળા સર્જાઈ રહી છે. એ શૃંખલામાં તાજેતરમાં પ્રતિષ્ઠિત થયેલાં મંદિરોનો એક સંક્ષિપ્ત અહેવાલ પ્રસ્તુત છે.

## સૈયદપુરા(સુરત) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વૈદિક શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી વગેરે સંતો ખાનદેશ સત્સંગ વિચરણ માટે પધારતા ત્યારે અટલાદરાથી સુરત સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં આવતા હતા. સુરતથી ખાનદેશ તરફ સત્સંગ વિચરણ માટે જતા ત્યારે સુરતના રેલવે સ્ટેશન પર જ રોકાણ કરતા હતા.

તે વખતે સુરતમાં સત્સંગનો વ્યાપ નહોતો તેથી જ આર્ષદ્રષ્ટા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ભાદરણના નિષ્ઠાવાન હરિભક્ત શ્રી મગનભાઈ નરસિંહભાઈ પટેલને વડોદરાથી ગાયકવાડી નોકરી છોડીને સુરત સ્થાયી થવા આજ્ઞા કરી હતી. સુરતના સૈયદપુરા વિસ્તારની કાછિયા શેરીમાં તેઓએ મકાન ખરીદ્યું ત્યારપછી તો ભક્તરાજ મગનભાઈ પટેલ વગેરે હરિભક્તોના પ્રેમભાવથી શાસ્ત્રીજી મહારાજે અહીં અનેક વખત આધ્યાત્મિક લાભ આપ્યો હતો. નિર્ગુણદાસ સ્વામી, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પધરામણી તેઓના નિવાસસ્થાને થતી રહી અને આ ઘર સત્સંગનું કેન્દ્ર બની ગયું. મહંત સ્વામી મહારાજે પણ અહીં પધરામણીનો લાભ આપ્યો છે. આમ અહીંથી સુરત શહેરમાં સત્સંગના વિકાસની કેડી વિસ્તૃત થવા લાગી. આવા પ્રસાદીભૂત મકાનને શ્રી મગનભાઈના પૌત્ર શ્રી દીનકરભાઈએ સંસ્થાને અર્પણ કર્યું અને આ પ્રાસાદિક સ્થાન પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની રચના થઈ. સુરતના ખૂબ જૂના વિસ્તાર સૈયદપુરામાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૩-૧૦-૨૦૧૮ના રોજ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ અવસરે અનેકવિધ ભક્તિસભર કાર્યક્રમોની હારમાળા રચાઈ હતી.

## જહાંગીરાબાદ(સુરત) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સુરત શહેરમાં ચાલતાં સત્સંગકેન્દ્રોમાં સૌથી જૂનું

સત્સંગકેન્દ્ર એટલે રાંદેર. વર્ષોથી સત્સંગ અને ભક્તિનું કેન્દ્ર બનેલા આ સત્સંગકેન્દ્રમાં દિન-પ્રતિદિન સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. યોગાનુયોગ સન ૨૦૧૬માં રાંદેરની બાજુના વિસ્તાર જહાંગીરાબાદમાં 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૬મો જન્મજયંતી મહોત્સવ' ઊજવાયો ત્યારથી ભક્તજનો સત્સંગ પ્રત્યે વિશેષ આકર્ષાયા. સત્સંગકેન્દ્રમાં હરિભક્તોની વિશેષ અભિવૃદ્ધિ





નાણાવટ(ડાબે) તથા જલાલપુર(જમણે) ખાતે યોજાયેલ પ્રતિષ્ઠા ઉત્સવમાં મૂર્તિસ્થાપન વિધિમાં રત સંતો...

થતાં મંદિરની આવશ્યકતા જણાઈ. સ્વામીશ્રીના આશીર્વાદથી ભૂમિ પ્રાપ્ત થઈ. હરિભક્તોએ સંપ, સુહૃદભાવ અને એકતાથી કરેલા ભક્તિમય ઉત્સાહથી ટૂંક જ સમયમાં અહીં નૂતન મંદિરનું નિર્માણ થયું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૧-૧૦-૨૦૧૮ના રોજ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં થયો હતો. ત્યારબાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોના પ્રેરક ઉદ્‌બોધન બાદ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં.

આમ, રાંદેર વિસ્તારમાં નૂતન મંદિરના નિર્માણથી રાંદેર તથા જહાંગીરાબાદ વિસ્તારના ભક્તોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું.

## નાણાવટ (સુરત) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઑગસ્ટ, ૧૯૭૧માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સુરતના હૃદયસમા નાણાવટ વિસ્તારના શ્રી જાગીરદાસના બંગલામાં સત્સંગસભાનો શુભારંભ કરાવ્યો હતો.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આફ્રિકા ખંડના કંપાલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓ સ્થળાંતર કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૧૧-૧૨-૧૯૭૫ના દિને સુરતના નાણાવટ વિસ્તારમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત કરી હતી. આ પ્રસંગે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૫૫મા જન્મોત્સવની શાનદાર ઉજવણી પણ થઈ હતી. બસ, ત્યારથી સુરત શહેરમાં બી.એ.પી.એસ. સત્સંગ-પ્રવૃત્તિની જાણે હરણફાળ શરૂ થઈ. વર્ષો સુધી પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પધારીને સત્સંગ-પ્રવૃત્તિને પોષણ આપ્યું. આ મંદિર સુરત શહેરમાં સત્સંગ-વિકાસનું નાભિકેન્દ્ર બની રહ્યું. અહીંથી જ તાપીતટે રચાયેલા નૂતન શિખરબદ્ધ મંદિરની શિલા રોપાઈ હતી. સમયાંતરે આ મંદિરનું બાંધકામ જીર્ણ થતાં તે મંદિરની જગ્યાએ પુનઃ નૂતન મંદિરની રચના થઈ. તે જ પ્રસાદીભૂત મૂર્તિઓનું પૂજન પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે કર્યું. તેનો સ્થાપનવિધિ તા. ૧૧-૧૦-૨૦૧૮ના શુભદિને પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાતાં આ વિસ્તારમાં દિવ્યતાનો માહોલ છવાઈ ગયો.

## જલાલપુર(નવસારી) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સૌરાષ્ટ્રના ભાવિક-ભક્તોની વસ્તીથી ઊભરાતો નવસારીનો એક પરાવિસ્તાર એટલે જલાલપુર. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સન ૧૯૮૭માં અહીં સત્સંગમંડળની શરૂઆત થઈ હતી. સ્વામીશ્રીની પ્રેરણાથી અહીં સત્સંગની અભિવૃદ્ધિ થતાં સન ૨૦૦૩માં આ વિસ્તારના સિલ્વર ઍપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર પરના એક ફ્લેટમાં સત્સંગ સભાખંડનું નિર્માણ કરીને તેમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની પટપ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગ સવિશેષ અભિવૃદ્ધિ પામતાં નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ. નજીકમાં

નૂતન મંદિર માટે ભૂમિ સંપાદિત થતાં પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શિલાન્યાસવિધિ યોજાયો અને મંદિર-નિર્માણની શરૂઆત થઈ.

શ્રી જગદીશભાઈ દેવાણી, વલ્લભભાઈ પાગડળ, હિંમતભાઈ આસોદરિયા, વિઠ્ઠલભાઈ ગોધાણી વગેરે હરિભક્તોના સેવા-સહયોગથી ટૂંક સમયમાં જ નૂતન બી.એ.પી.એસ. મંદિર તેમજ ૫૦૦ હરિભક્તો બેસી શકે તેવા સત્સંગ સભાખંડનું નિર્માણ થયું. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોચતાં તા. ૧૨-૧૦-૨૦૧૮ના રોજ સૌના ઉત્સાહ વચ્ચે નૂતન મંદિરના પ્રાંગણમાં વિશ્વશાંતિ મહાયાગ યોજાયો, જેમાં ૧૫૦ યજમાનોએ યજમાનપદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. ઢળતી બપોરે નૂતન મંદિરમાં સ્થાપિત થનાર ભગવત્‌સ્વરૂપોની શોભાયાત્રા યોજાઈ. નવસારી મંડળના હરિભક્તો પણ ભક્તિભાવ જોડાયા હતા. પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના હસ્તે ભાવનગર ખાતે તા. ૫-૧૦-૨૦૧૮ના પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તા. ૧૩-૧૦-૧૮ના રોજ યોજાયેલા આ સમારોહમાં પૂજ્ય સંતોએ સૌને મંદિરનો વિશેષ પણે લાભ લેવા અને જીવન સત્સંગમય બનાવવાની પ્રેરણા આપી હતી. અહીં વિચરણ કરતા પૂર્ણકામદાસ સ્વામી અને ધર્મવિવેકદાસ સ્વામી તથા કાર્યકરોના ભક્તિમય પુરુષાર્થથી ભક્તિપૂર્વક સંપન્ન થયેલો આ ઉત્સવ સૌ માટે યાદગાર સંભારણું બની રહ્યો હતો. ◆

## અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના ચટ્ટાનૂગા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અમેરિકાની ધરતી પર ભવ્ય શિખરબદ્ધ મંદિરો, સેંકડો હરિમંદિરોનું નિર્માણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલી વૈદિક શુદ્ધ ઉપાસનાની સુવાસ પ્રસરાવી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં પણ અવિરત નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણની હારમાળા રચાઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૦માં જ્યોર્જિયાના ચટ્ટાનૂગામાં બી.એ.પી.એસ. સત્સંગની શરૂઆત કરાવી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અહીં સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતી રહી છે. ધીમે ધીમે અહીં સત્સંગ સમુદાય વધતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થયું અને તેનો શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. તા. ૨૫-૮-૨૦૧૮ના રોજ મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની ચટ્ટાનૂગા નગરમાં શોભાયાત્રા યોજાઈ હતી. ત્યારબાદ સંધ્યા સમયે યોજાયેલી કીર્તન-ભક્તિ માણીને સૌ ભક્તિભીના બન્યા હતા.

તા. ૫-૭-૨૦૧૭ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે એટલાન્ટા ખાતે વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૬-૮-૨૦૧૮ના રોજ ચટ્ટાનૂગા ખાતે પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે યોજાયેલી વેદોક્ત મહાપૂજામાં અનેક ભક્તો-ભાવિકો જોડાયા હતા. મહાપૂજા સાથે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં ઘનશ્યામચરણદાસ સ્વામીએ મંદિર નિર્માણમાં સેવા આપનાર ભક્તો-ભાવિકોને ધન્યવાદ પાઠવીને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી હતી. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અહીં રચાયેલું આ બી.એ.પી.એસ. મંદિર અહીં વસતા સૌ ભારતીયો માટે જીવનઘડતરનું અનુપમ કેન્દ્ર બની રહેશે. ◆

# સુરતના હજારો યુવાનોની યોજાઈ વિશિષ્ટ શિબિરઃ 'પરંપરા'



તાજેતરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે સુરત શહેરનાં યુવક-યુવતીઓની સત્સંગ શિબિર યોજાઈ ગઈ. સુરત શહેરથી ૫૦ કિ.મી. દૂર કોસંબા પાસે આવેલી ૧૦૦ એકર જમીનમાં પથરાયેલા પી. પી. સવાણી યુનિવર્સિટીના સંકુલમાં તા. ૩થી ૭ નવેમ્બર, ૨૦૧૮ દરમ્યાન આ યુવાશિબિર યોજવામાં આવી હતી. મીઠા જળનું વિશાળ સરોવર, વૃક્ષ-વેલી અને નયનરમ્ય બગીચાથી શોભતું આ સંકુલ સુરત બી.એ.પી.એસ. યુવામંડળના શિબિર માટે પસંદગી પામેલા ૨૮૦૦ સંસ્કારી યુવાઓથી વિશેષ શોભી ઊઠ્યું હતું.

આ પંચદિવસીય શિબિર 'પરંપરા'ના મધ્યવર્તી વિચાર હેઠળ યોજાઈ હતી. એવી પરંપરા કે જે વૈદિક છે, ચિરંજીવી છે, મોક્ષદાયી છે. એ પરંપરા સિદ્ધાંતની, એ પરંપરા સત્પુરુષની, એ પરંપરા સંસ્કારોની છે. એ વિવિધ પારંપરિક પાસાંઓને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમની ગુણાતીત પરંપરા દ્વારા અસંખ્ય લોકોએ જીવંત અનુભવ્યાં છે. મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં એ પરંપરા આજેય પ્રત્યક્ષ અનુભવાય છે. આ શિબિરમાં વીડિયો શો, સંવાદ, નૃત્ય, ડિબેટ, ટોક શૉ, વર્કશોપ તેમજ વિદ્વાન સંતો દ્વારા મનનીય પ્રવચનો વગેરે માધ્યમો દ્વારા સૌએ પરંપરાનાં વિવિધ પાસાંઓને હૈયે દૃઢાવ્યાં હતાં.

નિત્યપૂજા, અઠવાડિક સભામાં ૮૦ ટકા હાજરી તથા જ્ઞાનામૃત પુસ્તકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય તેવા પસંદગી પામેલા યુવાઓને જ આ શિબિરમાં સંમિલિત કરવામાં આવ્યા હતા. શિબિરની સાચી ફલશ્રુતિ અપાવવા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગર સ્વામી તથા અન્ય વિદ્વાન સંતોએ હાજરી આપી પ્રેરક વક્તવ્યો આપ્યાં હતાં.

આ શિબિરને સફળ બનાવવા મુનિવંદનદાસ સ્વામી તથા આનંદવત્સલદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સુરતના યુવા કાર્યકરોનો પુરુષાર્થ પ્રશંસનીય રહ્યો હતો. ◆



# બાહરીનના વડાપ્રધાન ખલીફા બિન સલમાન અલ ખલીફા સાથે બી.એ.પી.એસ. સંતવૃંદની ઐતિહાસિક મુલાકાત




બાહરીનના વડાપ્રધાનશ્રી ખલીફા બિન સલમાન અલ ખલીફાએ ગુડાઈબિયા રાજમહેલ અને વડાપ્રધાનની ઑફિસ ખાતે બી.એ.પી.એસ. સંસ્થાના પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, સંતમંડળ અને બાહરીનના અગ્રણી હરિભક્તોનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું.

બાહરીનના રાજપરિવારના વરિષ્ઠ સભ્ય અને વિશ્વના સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન પદે રહેલા શ્રી ખલીફાએ બી.એ.પી.એસ.ના સંતોનું ચોથી વખત આ રીતે સ્વાગત કર્યું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે અત્યંત આદરભાવ ધરાવતા શ્રી ખલીફાને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સ્મરણ કરાવ્યું હતું કે સન ૧૯૯૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ મહેલમાં પધરામણી કરી હતી અને તે વખતે બાહરીનના રાજા શેખ ઈસાએ પ્રમુખસ્વામી મહારાજનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું.

શ્રી ખલીફા અને અહીંના રાજવી અહીં વસતા ભારતીય પરિવારો તથા બી.એ.પી.એસ. સંસ્થાના હરિભક્તોને તેમનાં આધ્યાત્મિક મૂલ્યો અને સાંસ્કૃતિક પરંપરા જાળવી રાખવામાં મદદ કરી રહ્યા છે. તેઓની આ ઉદાત્ત ભાવનાઓ બદલ સંતોએ બાહરીન સરકાર અને રાજપરિવારનો આભાર માન્યો હતો. સંતોએ રાજાના આરોગ્ય અને બાહરીનમાં સુખ-શાંતિ રહે અને ઉત્તરોત્તર તેની પ્રગતિ અને ઉન્નતિ થતાં રહે તેવી પ્રાર્થના કરી હતી.

મુલાકાતના અંતે મહંત સ્વામી મહારાજ વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ શુભેચ્છાઓ અને પ્રાર્થનાઓ સાથે વડાપ્રધાનશ્રીને સુવર્ણરસિત અમૃત કળશ ભેટ અર્પી અભિવાદન કર્યું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સાથે સંતોના સ્નેહભાવથી પ્રસન્ન વડાપ્રધાનશ્રી સંતોને છેક દરવાજા સુધી વળાવવા આવ્યા હતા. ◆





# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિપુષ્પોનું વિસર્જન




પવિત્ર નદી ગંગા અને સાગરનો જ્યાં સંગમ થાય છે તે પૌરાણિક તીર્થસ્થાન ગંગાસાગરને શ્રી નીલકંઠવર્ણીએ પાવન કર્યું હતું. આ સ્થળની યાત્રા કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ અહીં વિશેષ તીર્થત્વ આપ્યું છે. તાજેતરમાં તા. ૨૧-૧૦-૨૦૧૮ના રોજ તીર્થધામોની યાત્રાએ પધારેલા ૧૦૦થી વધુ સંતોએ આ પવિત્ર તીર્થમાં તથા શ્રીહરિના પ્રાસાદિક તીર્થ જગન્નાથપુરીના સાગરમાં પણ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં પવિત્ર અસ્થિપુષ્પોનું વિસર્જન કર્યું હતું. અસ્થિપુષ્પોના વિસર્જન સાથે સંતોએ સૌના કલ્યાણની મંગલ પ્રાર્થનાઓ કરી હતી. ◆

## ઑસ્ટ્રેલિયામાં દુષ્કાળ રાહતકાર્યો માટે અનુદાન



તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં દુષ્કાળે ભરડો લીધો છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સેવાકાર્યો ચાલી રહ્યાં છે. તેના ઉપક્રમે બી.એ.પી.એસ. સંસ્થાએ દુષ્કાળ રાહત કાર્ય કરતા 'રેડક્રોસ એન્ડ કન્ટ્રી વીમેન્સ એસોસિયેશન'ને ૧૫,૦૦૦ ડોલરનું અનુદાન આપીને દુષ્કાળ પીડિતોની સેવા કરી છે. આ અનુદાનમાંથી અસરગ્રસ્ત ખેડૂતોને રાહત મળશે. આ ઉપરાંત સંતો અને સ્વયંસેવકોએ બ્રોક ખાતે ઓવનડેલ પાર્કમાં પશુઓના નિભાવ માટે અનુદાન આપ્યું હતું. સાંસ્કૃતિક મંત્રી રે વિલિયમ્સે અને સ્થાનિક નેતા ડૉ. જ્યોર્જ લીએ દુષ્કાળ રાહતકાર્ય બદલ બી.એ.પી.એસ. સંસ્થાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ◆

## ઇંગ્લેન્ડમાં સમાજસેવાનાં કાર્યો માટે અનુદાન




યુ.કે.માં સમાજસેવાના કાર્યો કરતી Carers UK સંસ્થાને બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૨૦,૦૦૦ પાઉન્ડનું અનુદાન કરવામાં આવ્યું હતું. આ ફંડ BAPS Annual 10k Challenge કાર્યક્રમ દ્વારા એકત્રિત કરાયું હતું, જેમાં ૩૦૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા. આ અનુદાન ઈંગ્લેન્ડમાં વૃદ્ધ, અપંગ અને ગંભીર રીતે બીમાર એવા લાખો લોકોની મદદ માટે વપરાશે. આ ફંડ કેરર્સ યુ.કે.ના અધિકારી શ્રી જેરેમી ગોલ્ડને અર્પણ કરવામાં આવ્યું ત્યારે તેમણે સંસ્થાનો આભાર માન્યો હતો. કેરર્સ યુ.કે.ના ચેરમેન પ્રો. ડેવિડ ગ્રેસને જણાવ્યું હતું કે 'અનેક પીડિતોની સેવામાં આ ફંડ વપરાશે તેનો યશ બી.એ.પી.એસ. સંસ્થાને જશે.' ◆



# અબુધાબીથી લઈને અમેરિકાના કેપિટલ હિલ સુધી વિશ્વના વિરાટ ફલક પર બી.એ.પી.એસ. દ્વારા દિવાળી અને અન્નકૂટોત્સવની ઉમંગભેર ઉજવણી

*દીપાવલિ-અન્નકૂટની ભક્તિ-પરંપરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એક અનોખી ઊર્જા પૂરી હતી. એ સ્વામિનારાયણીય દીપાવલિ-અન્નકૂટોત્સવને વૈશ્વિક બનાવીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે જગતના અનેક દેશોની પાર્લામેન્ટો સુધી તેનો ઉજાસ પ્રસરાવ્યો છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં દેશ-વિદેશનાં મંદિરોમાં અનોખી શાન સાથે ઊજવાતાં દીપાવલિ-અન્નકૂટોત્સવની એક અનોખી આભા જે તે દેશોમાં સ્થાનિક પ્રજા પર છવાઈ છે. એ જ શૃંખલામાં તાજેતરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આરબ દેશોની ભૂમિ પર, અમેરિકાની રાજધાનીમાં રાજભવન કેપિટલ હિલ તેમજ ઑસ્ટ્રેલિયાની ચાર પ્રાંતીય રાજધાનીની પાર્લામેન્ટ ખાતે આ અન્નકૂટોત્સવ યોજાઈ ગયા. અહીં અબુધાબી તથા અમેરિકામાં કેપિટલ હિલ ખાતે ઊજવાયેલા એ ઉત્સવની એક ઝાંખી પ્રસ્તુત છે...*

## અબુધાબીમાં દીપાવલિ-અન્નકૂટોત્સવ

યુનાઈટેડ આરબ અમીરાત કે આરબ દેશોમાં વસતા ભારતીયોના ઇતિહાસમાં એક અનોખું પૃષ્ઠ તાજેતરમાં ઉમેરાઈ ગયું: દીપાવલિ-અન્નકૂટોત્સવની ભક્તિસભર શાનદાર ઉજવણી. સદીઓથી આ આરબ દેશોમાં વસતા ભારતીયોને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્માણ પામી રહેલા મંદિરનું આશ્ચર્ય હજુ શમતું નથી, ત્યાં દીપાવલિ-અન્નકૂટોત્સવની શાનદાર ઉજવણીએ તેમને વધુ એક આનંદ-આશ્ચર્યનો અનુભવ કરાવ્યો છે.

અબુધાબીમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિંદુ મંદિરના





સ્થળ પાસે 'તુલીપ' ખાતે તા. ૯-૧૧-૨૦૧૮ના રોજ અબુધાબી જ નહીં પરંતુ સમગ્ર આરબ દેશોના ઇતિહાસમાં પ્રથમ વાર દિવાળી અને અન્નકૂટની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ-શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી સીતારામ, શ્રી શિવપાર્વતી વગેરે અવતારો સહિત શોભાયમાન દેવસ્વરૂપો સમક્ષ ભક્તિભાવપૂર્વક બનાવેલી ૧,૨૦૦ શાકાહારી વાનગીઓ અન્નકૂટમાં ધરાવવામાં આવી હતી. અન્નકૂટમાં મંદિરનાં પગથિયાં ઉપર વાનગીઓ વડે દુબઈની શાન ગણાતા બુર્જ ખલીફા ઉપરાંત અન્ય સુંદર ઈમારતોનાં પ્રતીકો પણ રચવામાં આવ્યાં હતાં. અન્નકૂટનાં દિવ્ય દર્શનનો લાભ લેવા માટે સવારે ૧૧ થી રાતના ૮ વાગ્યા સુધી ૧,૮૦૦ જેટલા સ્થાનિક ઉચ્ચ હોદ્દેદારો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સહિત ૧૦,૦૦૦ ભક્તો દર્શન માટે ઊમટ્યાં હતાં. ૫૦થી વધુ એસોસિયેશનો અને સમાજના અગ્રણીઓએ દર્શનનો લાભ લીધો હતો. સ્થાનિક આરબ નેતાઓ સહકુટુંબ પોતાની ભાવના વ્યક્ત કરવા અને નૂતન વર્ષાભિનંદન પાઠવવા પધાર્યા હતા. ગુરુદ્વારા વૃંદ, મોહનવૃંદ, શ્રી સ્વામી સમર્થ વૃંદ, શ્રી અમ્મા ભગવાન વૃંદ, શ્રી કરમ વૃંદ અને શ્રી નંદગોવિંદમ્ ભજન વૃંદ સહિત વિવિધ હિંદુ સંપ્રદાયોની તાલીમબદ્ધ ભજન મંડળીઓ સમગ્ર દિવસ દરમિયાન ગુજરાતી, તામિલ, મરાઠી, તેલુગુ, મલયાલમ, પંજાબી ભાષામાં ભજન-કીર્તન રેલાવતી રહી હતી. મીઠામધુરા સ્વર અને સૂરમાં ગવાતાં ભજન-કીર્તનના કારણે આધ્યાત્મિક વાતાવરણ છવાઈ ગયું હતું.

આ પ્રસંગે એક સુંદર પ્રદર્શન પણ રચવામાં આવ્યું હતું. મંદિરનાં મર્મ, નિર્માણ અને સંદેશની પ્રભાવક પ્રસ્તુતિ ધરાવતા પ્રદર્શનની સાથે અહીં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિંદુ મંદિર અને કલ્ચરલ કોમ્પ્લેક્સની ઝાંખી મેળવી હતી. સૌનાં હૈયે વિશ્વાસ પ્રગટ્યો હતો કે આ મંદિર અબુધાબીમાં વૈશ્વિક સંવાદિતાનું અને આધ્યાત્મિકતાનું સીમાચિહ્ન બનશે.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ખાસ ઉપસ્થિત રહીને યુ.એ.ઈ.ના ૩૦૦થી વધુ પ્રતિષ્ઠિત મહાનુભાવોને આશીર્વાદ આપ્યા હતા, જેમાં ભારતીય રાજદૂત શ્રી નવદીપસિંઘ સુરી, કોન્સલ જનરલ ઓફ ઇન્ડિયા શ્રી વિપુલ, યુ.એ.ઈ.ના પબ્લિક યુટિલિટી એસોસિયેશન્સ વિભાગના ડાઈરેક્ટર શ્રી હમદ અલ મન્નાઈ અને પ્રતિષ્ઠિત વકીલ ડો. અદેલ અહેમદ સહિત અનેક મહાનુભાવોનો સમાવેશ થાય છે.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ શુભસંદેશમાં જણાવ્યું હતું કે યુ.એ.ઈ.ના શાસકો, પ્રધાનો અને આરબ દેશોના તમામ પ્રજાજનોનું આરોગ્ય નિરામય રહે, જીવનનાં તમામ ક્ષેત્રે આંતરિક શાંતિ, સમૃદ્ધિ, સુખ અને સફળતા મળે અને શાંતિ પ્રવર્તે એવી પ્રાર્થના.

બ્રહ્મવિહારી સ્વામીએ તમામ મુલાકાતીઓનું અભિવાદન કરતાં કહ્યું હતું કે આવનારી તેમની પેઢીઓ માટે એક સીમાચિહ્ન સમું મંદિર બાંધવા જમીન દાનમાં આપવા બદલ યુ.એ.ઈ. સરકારનો અમે આભાર માનીએ છીએ. આ ઉત્સવની ઉજવણીના કારણે સમાજના વિવિધ સ્તરના અને વિવિધ સંપ્રદાયના લોકો એકબીજાની વધુ નજીક આવ્યા છે.

ભારતના રાજદૂત નવદીપસિંઘ સુરીએ પોતાની ભાવનાઓ પ્રગટ કરતાં કહ્યું હતું કે 'બી.એ.પી.એસ.નું આ મંદિર-નિર્માણનું કાર્ય અસામાન્ય છે, તે એક વૈશ્વિક શ્રદ્ધા પ્રગટાવે છે અને ભારતનું ગૌરવ જન્માવે છે.'

૨૦૦ કરતાં વધુ સ્વયંસેવકોની અજોડ સેવા અતિથિઓના હૃદયને સ્પર્શી ગઈ હતી, તો કોઈને પ્રદર્શન દ્વારા પ્રસ્તુત થયેલો સંદેશ સ્પર્શી ગયો હતો. અને આ અપૂર્વ ઉત્સવનું સમગ્ર આયોજન સૌ કોઈના હૈયે વસી ગયું હતું.

## યુ.એસ. કેપિટલ હિલ ખાતે દિવાળીની ઉજવણી

અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન ડી.સી. ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આયોજન દ્વારા







અમેરિકાની રાજધાની કેપિટલ હિલ ખાતે ડર્કસેન સેનેટમાં ૨૬થી વધુ સાંસદોની ઉપસ્થિતિમાં અન્નકૂટ-દિવાળીની અનોખી ઉજવણી

અમેરિકાના રાજભવન કેપિટલ હિલ ખાતે ડર્કસેન સેનેટ ઑફિસ બિલ્ડિંગમાં શાનદાર રીતે દીપાવલિ-નૂતન વર્ષની ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૮ના રોજ યોજાયેલા 'એડવોકસી દિન'ની ઉજવણી કરીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ૯૫ સ્વયંસેવકોએ ૯૩થી વધુ કોંગ્રેશનલ સભ્યોને દીપાવલિની શુભેચ્છાઓ પાઠવી હતી. અમેરિકામાં કાયદાઓ ઘડનારા આ સંસદીય મહાનુભાવોમાં હિંદુ-અમેરિકન સમાજની પરંપરાઓ અને માન્યતા અંગે જાગૃતિ લાવવા માટે બી.એ.પી.એસ. છેલ્લા કેટલાય સમયથી પ્રયત્નશીલ રહી છે. સાથે સાથે સમાજના કેટલાક અગત્યના મુદ્દાઓને તેમની સમક્ષ રજૂ કરીને તેનો ઉકેલ લાવવા માટે પણ બી.એ.પી.એસ. સંસ્થા પ્રવૃત્ત રહી છે. આ એડવોકસી દિનની પૂર્ણાહુતિ દીપાવલિ-અન્નકૂટની શાનદાર ઉજવણી સાથે થઈ હતી, જેમાં ૨૬ કોંગ્રેસમેન(સાંસદ) અને સેનેટરો ઉપસ્થિત રહ્યા હતા. દિવાળીની આ ઉજવણીમાં અમેરિકા ખાતેના ભારતીય રાજદૂત શ્રી નવતેજ સરન અને વ્હાઇટ હાઉસના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી રાજ શાહ સહિત અન્ય મહાનુભાવો પણ જોડાયા હતા. ટેક્સાસના સાંસદ શ્રી પીટ સેસન્સે કહ્યું હતું કે 'ભારતીય અમેરિકનની સફળતાનું મુખ્ય કારણ તેઓ ખૂબ સુશિક્ષિત છે, જોશીલા, તેજસ્વી અને ગતિશીલ છે. અમેરિકાની ભૂમિ માત્ર તકની ભૂમિ જ નથી, તે એવા લોકોની પણ ભૂમિ છે જેઓ વિશ્વને કંઈક પ્રદાન આપવા ઈચ્છે છે.' ભારતીય રાજદૂત નવતેજ સરને દિવાળી ઉજવણી વિશે કહ્યું હતું: 'દિવાળી ઘણા બધા સંદેશ આપે છે, પરંતુ દિવાળીની આ ઉજવણી એ અમેરિકામાં ભારતીય સમાજનું શું મહત્ત્વ છે તેની સૂચક છે.'

દિવાળીની આ ઉજવણીમાં બી.એ.પી.એસ. સાથે આઠ સહયોગી સંસ્થાઓ સામેલ થઈ હતી. જેમાં ઇન્ડિયાસ્પોરા, હિંદુ-અમેરિકન ફાઉન્ડેશન, આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન, યુએસ-ઇન્ડિયા ફ્રેન્ડશિપ કાઉન્સિલ, જૈન સોસાયટી ઑફ વૉશિંગ્ટન, જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન, ફેડરેશન ઓફ જૈન એસોસિયેશન્સ ઇન નોર્થ અમેરિકા અને યુએસ ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલના સભ્યો સહભાગી થયા હતા.

આ અદ્‌ભુત અવસરે અમેરિકાની રાજધાની ખાતે એક ભારતીય પરંપરાની અનોખી છાપ જન્માવી હતી. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ પરથી) મહાપૂજાની રચનાનો પ્રારંભ કર્યો. ગોંડલ અક્ષરમંદિરમાં રહીને સ્વામીશ્રીના સાંનિધ્યમાં રહીને જ આઠ દિવસમાં આ મહાપૂજાની શ્લોકાત્મક રચના પૂર્ણ થઈ ત્યારે તેના એક ભાગરૂપે જ આવતી આરતી અંગે પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ઇચ્છા વ્યક્ત કરી કે ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા 'અક્ષરપુરુષોત્તમ દર્શન' મુજબ એવી આરતી પણ રચાવી જોઈએ કે જેમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ સ્વામિનારાયણ ભગવાનના હૃદગત અભિપ્રાયનો સમાવેશ થઈ જાય. શાસ્ત્રીજી મહારાજે અનંત કષ્ટો વેઠીને શ્રીહરિના સર્વોપરિ સિદ્ધાંતનું પ્રવર્તન કરવા માટે જે અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરમાં પધરાવ્યા છે, તેમની આરતીની રચના થવી જોઈએ. સ્વામીશ્રીએ માત્ર આરતી રચાવવાની ઇચ્છા વ્યક્ત કરી એટલું જ નહીં, પરંતુ તેમાં કેવા શબ્દો અને કેવી ભાવનાઓનો સમાવેશ થવો જોઈએ તથા ક્રમ કેવો હોવો જોઈએ તેનું પણ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. તેઓએ જણાવ્યું કે આરતીપદની રચનામાં સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરિ મહિમા, તેમના દિવ્ય સ્વરૂપની નિષ્ઠા, દાસભાવ-દિવ્યભાવ-સુહૃદભાવ અને મુક્તિ સિદ્ધાંત વગેરે પણ વણી લેવામાં આવે. ભદ્રેશદાસ સ્વામીએ તે મુજબ તેને શબ્દદેહ આપ્યો. સ્વામીશ્રીએ પ્રસન્ન થઈને તેમાં સુધારા-વધારા સૂચવ્યા. સ્વામીશ્રીની ખાસ ઇચ્છા હતી કે આ આરતીમાં શાસ્ત્રીજી મહારાજનું નામ અવશ્ય આવવું જોઈએ. અંતિમ પંક્તિમાં તે પણ આવરી લેવાયું.

આ આરતી અંગે સ્વામીશ્રીએ સંસ્થાના વરિષ્ઠ સંતોને પણ જાણ કરી હતી. વળી, બોચાસણ ખાતે તા. ૨૩-૧૧-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ સંસ્થાના વરિષ્ઠ સંતો સમક્ષ પણ એ રચનાની રજૂઆત કરાવી. ડૉક્ટર સ્વામી, ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરેએ પણ તેમાં પોતાનાં અમૂલ્ય સૂચનો ઉમેર્યાં. સંસ્થાના વિદ્વાન સંતો આત્મસ્વરૂપદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી, શ્રુતિપ્રકાશદાસ સ્વામી, અક્ષરજીવનદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી વગેરે સંતોએ પણ અવલોકન કરીને આ આરતીને વધુ સંગીન બનાવવામાં સેવા આપી. આ રીતે આરતીની સર્વાંગ સુંદર રચનાને સૌએ વધાવી લીધી.


શ્રીહરિ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જે તિથિએ વરતાલથી પ્રસ્થાન કર્યું હતું, તે જ કાર્તિક વદ પડવાની ઐતિહાસિક તિથિએ, આદિસ્થાન બોચાસણમાં, આ શ્રી સ્વામિનારાયણ આરતી, શ્રી સ્વામિનારાયણ મહાપૂજા તથા શ્રી સહજાનંદ નામાવલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે અર્પણ કરવાનું સ્વામીશ્રીએ નિરધાર્યું.

આથી, તા. ૨૪-૧૧-૨૦૧૮ના રોજ બોચાસણ ખાતે મધ્યમંદિરમાં શોભાયમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ ઘુમ્મટ તળે બિરાજીને મહંત સ્વામી મહારાજે સતત બે કલાક સુધી શ્રી સ્વામિનારાયણ મહાપૂજાવિધિ કરી અક્ષર-

બોચાસણમાં એ ઐતિહાસિક અવસરે શ્રી સ્વામિનારાયણ મહાપૂજાની ભૂમિકા રજૂ કરતા ઈશ્વરચરણ સ્વામી અને નવરચિત મહાપૂજાની પોથીને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પણ કરતાં પૂર્વે તેનું સ્વામીશ્રી પાસે પૂજન કરાવતા ભદ્રેશદાસ સ્વામી...





ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તાક્ષરમાં લિખિત શ્રી સ્વામિનારાયણ આરતીના પત્ર પર આશીર્વાદ લખીને
મહંત સ્વામી મહારાજે તેનું પૂજન કર્યું અને આ હસ્તલિખિત આરતી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પણ કરવામાં આવી...

પુરુષોત્તમ મહારાજને એટલે કે સ્વામિનારાયણ ભગવાનને આ મહાપૂજા અર્પણ કરી હતી. આ સ્વામિનારાયણ મહાપૂજાની પોથીનું સ્વામીશ્રીએ વિધિવત્ પૂજન કર્યું હતું. મહાપૂજાવિધિ માટે સૂક્ષ્મમાં સૂક્ષ્મ સૂચનો આપીને સ્વામીશ્રીએ આ વિધિને સર્વાંગ પૂર્ણ બનાવી હતી. આ મહાપૂજાવિધિ માટે જ તેઓએ સારંગપુરથી શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજની શાસ્ત્રીજી મહારાજે પૂજેલી પંચધાતુની ચલમૂર્તિ મગાવી હતી. આ સમગ્ર વિધિમાં સંસ્થાના વરિષ્ઠ સંતો પણ જોડાયા હતા. ડોક્ટર સ્વામી, કોઠારી ભક્તિ-પ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી અને અન્ય અગ્રણી સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં આ દિવ્ય વિધિ થઈ રહ્યો હતો. તેમાં સહજાનંદ શ્રીહરિનાં ૧૦૮ નામનો જપ 'નમઃ' ના ભવ્ય ઉદ્‌ઘોષ સાથે કરી 'શ્રી સહજાનંદ નામાવલિ' પણ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પણ કરી.

ત્યારબાદ આ મહાપૂજાવિધિના ભાગ રૂપે જ જ્યારે આરતીની દિવ્ય ક્ષણ આવી ત્યારે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ તૈયાર કરાવેલ આરતીની પ્રથમ હસ્તલિખિત પ્રત પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સુંદર અક્ષરોમાં લખીને અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પણ કરવા તૈયાર કરી હતી તે પરમ પૂજ્ય સ્વામીશ્રીને આપી. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ તે હસ્તલિખિત પ્રત પર પોતાના હસ્તાક્ષર કરી, ચંદન તથા અક્ષતથી પૂજન કરી તેને ચિરંતન બનાવી. ત્યારબાદ આરતીની આ પ્રથમ હસ્તપ્રતને અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પણ કરવા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીને આપી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ એ લખાણ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે ધર્યું.

ત્યાર પછી 'સ્વામિનારાયણ ભગવાનની જય... અક્ષરપુરુષોત્તમ મહારાજની જય...' એમ ભવ્ય જયજયકારો વચ્ચે શ્રી આ સ્વામિનારાયણ આરતીના ડંકા ગુંજ્યા ત્યારે સૌનાં હૃદય સ્વામિનારાયણીય અસ્મિતાથી છલકાઈ ઊઠ્યાં હતાં. આજના આ પ્રસંગથી હર્ષવિભોર થયેલા સ્વામીશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું, ''શાસ્ત્રીજી મહારાજ બોલ્યાઃ અમે અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું છે. આ સૂત્રમાં તેઓની અનન્ય ભક્તિ છે. આ સૂત્રમાં બધું જ આવી ગયું. આ મોક્ષપ્રદ સૂત્ર છે. ગમે તેવાં સાત્ત્વિક કર્મો કરે, પણ તેની ગતિ બ્રહ્માંડથી પર થતી નથી. આ સૂત્ર બ્રહ્માંડથી પર થઈને અક્ષરધામ સુધી પહોંચાડે છે.''

આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે એક વધુ ભક્તિમય અર્ઘ્ય શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે અર્પણ થયું અને સંપ્રદાયના ઈતિહાસમાં એક અમર સોનેરી પૃષ્ઠ ઉમેરાઈ ગયું. ◆

**(અનુસંધાન પૃષ્ઠ ૧૯ પરથી)** હોય તેને ટોચે પહોંચાડવાની જ વાત ને તજવીજ. બાળસંસ્કાર, કૃષિ, પશુઉછેર, મંદિર-નિર્માણ, પ્રિન્ટિંગ પ્રેસ, વહીવટ વગેરે કંઈક ક્ષેત્રોમાં સરકાર દ્વારા બી.એ.પી.એસ.ની અવ્વલ નંબરે નવાજેશ થઈ છે તે સ્વામીશ્રીની આ કાર્ય-પદ્ધતિને જ આભારી.

જે કામ હાથમાં ઉપાડે તેમાં ચીલો ચાતરનારા બનીને રહે. તા. ૭-૧૨-૨૦૦૨ના રોજ ગાંધીનગર મુકામે માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહેલું: ‘જે ચીજને પ્રમુખસ્વામી મહારાજે હાથ લગાડ્યો તેને મૉડેલ (ઉદાહરણરૂપ) બનાવી દીધી. આખી પેઢીને એની પાછળ ચાલવા માટે મજબૂર કરી દીધી.’

કાર્યમાં ચીવટ-ચોકસાઈ તો એકટીપે આવીને નીતરે. એક જ દાખલો બસ થઈ પડશે.

સન ૨૦00ની વાત છે. અમેરિકામાં વિચરતા સ્વામીશ્રી પર એક આદિવાસીનો પત્ર પહોંચ્યો; પણ અક્ષર એવા ગરબડિયા કે વિગત ઉકેલવાની વાત તો જવા દો, પત્ર કોનો છે અને કયા ગામથી આવ્યો છે તેની પણ અટકળ ન થઈ શકે. પરંતુ ચકોર સ્વામીશ્રીએ પોસ્ટ ઑફિસના સિક્કા પર લખાયેલા ગામનું નામ વંચાવી ભાળ કઢાવી, તો માલૂમ પડ્યું કે તે પત્ર ખેડબ્રહ્મા તરફના હિંગટિયા ગામમાંથી આવ્યો છે. પછી તો એ વિસ્તારમાં વિચરણ કરતા સંતોનો સંપર્ક સાધવા તેઓએ ચક્રો ગતિમાન કર્યાં. ટાંચી સુવિધાને કારણે ઘણી મથામણના અંતે સંતોનો સંપર્ક સધાયો.

સ્વામીશ્રીએ કહ્યું: ‘તમારી તરફના હિંગટિયા ગામેથી એક પત્ર આવ્યો છે. વિગત વંચાતી નથી તો તમે તપાસ કરીને લખનાર કોણ છે તે જાણો અને તેને શું જરૂરિયાત છે તે મને જણાવો.’

આ સાંભળનાર સૌ ચકિત એ વિચારે થઈ ગયા કે એક આદિવાસીના પરબીડિયા માટે સ્વામીશ્રી પાંચ-પાંચ કલાકથી જહેમત ઉઠાવી રહ્યા છે! અંતે તપાસ કરતાં ખબર પડી કે એક વખતના માથાભારે ગણાતા, પરંતુ વરસ-દા’ડા પહેલાં માત્ર દોઢ મિનિટ માટે જ સ્વામીશ્રીના યોગમાં આવતાં સુધરી ગયેલા એક આદિવાસીએ આ પત્ર લખ્યો છે અને પત્રનો મુદ્દો હતો: ‘ગામનો હેન્ડપંપ બગડી ગયો છે તો સ્વામીશ્રી તેને રિપેર કરાવી આપે.’

આ વાત જાણીને સ્વામીશ્રીએ સંતોને સૂચના આપી: ‘તમે જાતે જઈને હેન્ડપંપની તપાસ કરજો અને રિપેર કરાવી આપજો કે નવા પંપની વ્યવસ્થા કરી આપજો.’

અનેક વિરાટ યોજનાઓના પ્રણેતા હોવા છતાં તેઓની નજર નાના માણસોનાં નાનાં કામ પણ ચૂકતી નહીં. મહાસાગર ભણી મીટ માંડી હોવા છતાં ખૂણે-ખાંચરે વહેતા ઝરણાને પણ ભૂલે નહીં એવા એ હતા.

એક જાણીતા લેખકનું વિધાન છે કે ‘If you can... walk with kings nor lose the common touch... Yours is the Earth and everything that’s in it.’[૧૪] જો તમે રાજા-મહારાજાઓની સાથે કદમ મિલાવવા છતાં આમ આદમી સાથેનો નાતો બરકરાર રાખી શકો તો આ ધરતી અને તેની સઘળી સંપદા તમારી થઈ જશે. પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે દુનિયા આખી ળળી-ઢળી પડી તેનું એક કારણ આ પણ હતું.

માણસને પારખવાની પણ તેઓમાં ગજબની સૂઝ. માણસને ઘડવામાં તો તેથીયે અધિક પાવરધા. માણસને મહોરવા-ફોરવાની એવી તક આપે કે નકામો જણાતો પણ નિપુણ બની જાય અને કાયર પણ કાબેલ.

આધુનિક મૅનેજમેન્ટના ખેરખાંઓ કહે છે કે ‘Selecting for talent is the manager’s first and most important responsibility.’[૧૫] કુશળ વ્યક્તિઓની પસંદગી એ જ મૅનેજરની પ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ જવાબદારી છે. સ્વામીશ્રીએ આથીય વિશેષ કરી દેખાડ્યું. તેઓએ જેવા હતા તેવા સૌને સ્વીકાર્યા અને તેને કુશળ બનાવ્યા. જેને આર્કિટેક્ટનો ‘અ’ નહોતો આવડતો તેને વિશ્વ-વિખ્યાત સ્મારકોની ડિઝાઇન કરતા કરી દીધા. ‘પશ્ચાત્’ એ સંસ્કૃત શબ્દ જેને બોલતાં નહોતો ફાવતો તેને હજારો શ્લોકોનો સંસ્કૃત ગ્રંથ બનાવે તેવા તૈયાર કર્યા. જેને ખીચડી બનાવતાં નહોતું આવડતું તેને ગણતરીની મિનિટોમાં લાખોનું જમણ તૈયાર કરી દે તેવા બનાવી દીધા. આવી હતી તેઓની જગથી જુદેરી કાર્યશૈલી.

ખરે જ, તેઓના સાંનિધ્યમાં માનવી મહોરી ઊઠતો. તેઓને વિશ્વપ્રસિદ્ધ ‘ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ’[૧૬] દ્વારા ‘The Master Builder’ (કુશળ નિર્માતા) કહી નવાજવામાં આવ્યા છે; પરંતુ તેઓ કેવળ ઇમારતોના જ નહીં, ઇન્સાનોના પણ નિર્માતા હતા.

ધૂંઆધાર પ્રવૃત્તિની વચ્ચે પણ તેઓની બે વિશેષતા ખાસ ધ્યાન ખેંચે એવી. એક તો અનંત પ્રવૃત્તિમાં પણ પરમાત્માનું અખંડ અનુસંધાન. *‘મોહનજીની મૂરતિ મારી આંખ્યુંનાં ચશ્માં રે, એ વિના મુને કાંઈ ન સૂઝે રાત અને દિનમાં રે...’* આ હતી તેઓની રહેણી-કહેણી. બીજું, અઢળક પ્રવૃત્તિ વચ્ચે

૧૪. *If* by Rudyard Kipling.

૧૫. Marcus Buckingham and Curt Coffman.

૧૬. સહસ્રાબ્દી આવૃત્તિ (Millennium Edition).

પણ નરી હળવાશ. બીજો જ્યાં દટાઈ-દબાઈ જાય ત્યાં તેઓ હંમેશા હળવા જણાય.

એક વાર દિલ્હી સ્થિત 'અક્ષરધામ'ના નિર્માણકાર્યનું નિરીક્ષણ કરવા માટે તેઓ પધારેલા. વિશાળ પરિસરમાં ઠેર ઠેર ગંજાવર પથ્થરોના ઢગ ખડકાયેલા. ક્યાંક તે કપાતા'તા તો ક્યાંક તે ઘડાતા'તા. ટાંકણાઓની ટચ-ટચથી લઈને યંત્ર-તંત્રનો ધમધમાટ ચારેકોર પ્રવર્તી રહેલો. સેંકડો સ્વયંસેવકો અને કારીગરોની અહીંથી તહીં ચહલ-પહલ મચી રહેલી. સ્વામીશ્રી બધે ફર્યા, પણ પછી પ્રસંગોપાત્ત વાતચીતમાં બોલેલા: 'બહાર ભલે આટલા પથરા ખડકાયા હોય, પણ મને છાતી પર એક કાંકરીનો ભાર અનુભવાતો નથી.'

પ્રવૃત્તિનો ગોવર્ધન ઉપાડવા છતાં મોરપીંછ જેટલા હળવા રહેવાનો કસબ એમની માલિકીનો હતો. તેઓની આસપાસ કદી ભારેખમપણાનો અનુભવ ન થાય. સૌને રમાડે-જમાડે અને આનંદની છોળ્યો ઉડાડે. ટાણે ટોણો મારીને રમૂજનો ફુવારો એવો ઉડાડે કે સૌ હાસ્યરસમાં તરબોળ બની જાય.

પ્રવચનોમાં આત્મા-પરમાત્માની વાતનો સૂર સોય વાંસે દોરાની પેઠે સોંસરો ચાલ્યો આવે; પણ આવી ગહન વાતનેય શીરાની જેમ ગળે ઉતારી દે તેવી એમની શૈલી ! જે કોઈ એમના યોગમાં આવ્યા હશે તેના હૃદયમાં એક પ્રસન્ન-ગંભીર મહાત્મા તરીકેની તેઓની છબી જડાઈ ગઈ હશે!

વ્યક્તિત્વ અને વક્તવ્યમાં તેઓ એવા બેમિસાલ રહ્યા કે કોઈ પણ ક્ષેત્રની વ્યક્તિ તેઓ પાસે આવે તો તે પોતાના જ્ઞાનમાં કંઈક ઉમેરીને જ જાય.

શ્રી અબ્દુલ કલામે વિવિધ ક્ષેત્રોની પાંચસો બુદ્ધિશાળી વ્યક્તિઓ સાથે વિમર્શ કરીને દેશવિકાસ સંબંધી પરિયોજના 'Vision 2020' તૈયાર કરેલી. તા. ૩૦-૬-૨૦૦૧ના દિવસે દિલ્હીમાં તેની સમજૂતી આપતાં તેઓએ સ્વામીશ્રીને જણાવેલું કે 'વિકાસશીલ ભારતમાંથી વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે અમે મહત્ત્વનાં પાંચ ક્ષેત્રોમાં કામ કરવાનું વિચાર્યું છે: (૧) શિક્ષણ અને સ્વાસ્થ્ય સુરક્ષા (education and healthcare), (૨) કૃષિ (agriculture), (૩) માહિતી અને પ્રત્યાયન (information and communication), (૪) માળખાગત સુવિધા (infrastructure), (૫) મહત્ત્વપૂર્ણ યંત્રવિદ્યા (critical technology). પણ અમારી સમસ્યા એ છે કે આ પ્રમાણે વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે જરૂરી નાગરિકોનું નિર્માણ અમે કેવી રીતે કરી શકીશું? અમારે મૂલ્યનિષ્ઠ નાગરિકોની ફોજ જોઈએ છે. તે માટે આપના માર્ગદર્શનની જરૂર છે.'

આ વાત સાંભળતાંવેંત સ્વામીશ્રી બોલેલા: 'ભારતની કાયાપલટ કરવા માટેનાં તમારાં પાંચ ક્ષેત્રોની સાથે છઠ્ઠું ઉમેરો – ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતા દ્વારા નાગરિકોનું નિર્માણ. આ ખૂબ મહત્ત્વનું છે. ભગવાનમાં શ્રદ્ધા વિના વિકાસ થશે પણ સુખ-શાંતિ નહીં મળે.'

પ્રમુખસ્વામી મહારાજના આ સોનેરી સૂચનથી અભિભૂત થતાં શ્રી કલામ લખે છે: 'I was taken aback by the clarity, precision and force of his words.' તેઓના શબ્દોની સ્પષ્ટતા, ચોકસાઈ અને તાકાતથી હું સ્તબ્ધ બની ગયો. વિચક્ષણ વિચારકોની વર્ષોની મસલત અને બુદ્ધિની કસરતમાંથી જે છટકી ગયેલું તે સ્વામીશ્રીએ ક્ષણાર્ધમાં જોડી આપ્યું, ત્યારે સૌને સાધુવેશમાં શોભતા તેઓની પ્રખર બુદ્ધિકક્ષાનો ખ્યાલ આવેલો. વિવિધ ક્ષેત્રોના જ્ઞાનને હાથનું આમળું કરીને બેઠેલા એ સર્વતોમુખી સંત હતા.

તેઓના સાંનિધ્યમાં એ પણ એક સર્વસામાન્ય અનુભવ રહેતો કે તેઓને મળ્યા પછી આપણે જેવા હોઈએ તેવા ને તેવા જ બની રહેવાનું અશક્ય થઈ પડતું. તેઓની નિર્મળ આભા-પ્રભાનો પાશ લાગ્યા વિના રહેતો જ નહીં.

સન ૧૯૮૫માં લંડન મુકામે સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ.પી.એસ. દ્વારા 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ' (Cultural Festival of India) યોજાયેલો. તેને નિહાળવા માટે ડેવિસ નામના બ્રિટિશ નાગરિક આવેલા. ઉત્સવનું આયોજન જોઈ તેઓ ખૂબ ખુશ થયા. એટલે એક સંતે તેઓને સ્વામીશ્રીનાં દર્શન માટે આવવા જણાવ્યું ત્યારે તેઓએ સાફ શબ્દોમાં સુણાવી દીધું: 'હું તો અહીં માત્ર જોવા જ આવ્યો છું. હું ભગવાન કે અધ્યાત્મમાં માનતો નથી.' પરંતુ અંતે સ્વામીશ્રીને નમન-વંદન નહીં કરવાની શરતે તેઓ સ્વામીશ્રીને મળવા આવ્યા. દુભાષિયા દ્વારા દશેક મિનિટ વાર્તાલાપ થયો. આ વાતચીતના અંતે એ નાસ્તિકનું મન પણ ડોલી-બોલી ઊઠ્યું: 'ભગવાન જો આ પૃથ્વી પર આવવાની ઇચ્છા કરે તો મને લાગે છે કે પોતાને રહેવા માટે એ ભગવાન આ સ્વામીજી કરતાં વધુ પવિત્ર વ્યક્તિ નહીં શોધી શકે.'

બગીચામાં લટાર મારવા ગયેલી વ્યક્તિ ભલે ને ફૂલ ન ચૂંટે તોય તેની સુગંધથી તરબતર થઈ જ જાય. પ્રમુખસ્વામી મહારાજનું સાંનિધ્ય પણ સદ્‌ગુણોની સૌરભથી મઘમઘતું ઉપવન. તેમાં જે કોઈ પ્રવેશે તે પોતાના શ્વાસમાં એ સુગંધ ભરીને જ જતો. જેમ ગળપણનો કટ્ટર વિરોધી પણ 'ગોળ ગળ્યો છે' તે હકીકતનો ઇન્કાર ન કરી શકે તેમ ગમે તેવો અંતિમવાદી પણ સ્વામીશ્રીની શીલભદ્ર સાધુતાને નકારી ન

શકે એવું તેઓનું જીવન. સરળ છતાં સબળ. છટાદાર નહીં, પણ ચોટદાર પૂરેપૂરું. તેમાં આંજવાની નહીં, પણ અજવાળવાની વાત મુખ્ય. શૈલી કરતાં શીલનું વજન વધુ. તેથી જ એક છાલકમાં તો સંપર્કમાં આવનારનાં પોત પલટી નાંખે.

તેઓ મુત્સદ્દી રાજનીતિજ્ઞો, બુદ્ધિમંત તજજ્ઞો, ખ્યાતનામ કલાકારો, પ્રભાવક કથાકારો, કુશળ વહીવટદારો, પ્રખર વિચારકો, ધુરંધર ધર્માચાર્યોથી માંડીને અદના આદમી સુધીના સૌ કોઈને મળતા રહ્યા. વિશ્વની મહાસત્તાઓની મહેલાતોથી ગરીબ-ગુરબાંઓની મઢૂલીઓ સુધી ઘૂમતા રહ્યા. વિદેશી સંસદો અને 'યુનો'ના મહાસદનનાં અભિવાદનોથી માંડીને વિશ્વવિક્રમોની વણઝાર ખડકવા સુધીનાં સન્માનો તેઓએ ઝીલ્યાં; પણ તેઓની આધ્યાત્મિકતા હરકોઈની અસરથી અસ્પૃશ્ય રહી. તેઓ કદી ખરડાયા-ખોરવાયા નહીં. ફંટાયા-ફંગોળાયા નહીં. મંદિરના ગભારામાં જલતા દીવાની જ્યોત જેવી તેઓની આધ્યાત્મિકતા કોઈ ઝપાટામાં બુઝાવાની તો વાત જવા દો, લેશેય ઝંખવાઈ નહીં, કંપી નહીં.

દિલ્હી ખાતે ફરજ બજાવતા એક વિદેશી રાજદ્વારી[૧૭] સ્વામીશ્રીને મળ્યા બાદ બોલી ઊઠેલા: 'હું જાણું છું કે જ્યારે ઘણા બધા દેશોમાં માણસ ફરે ત્યારે તે બદલાવા માંડે છે. પરંતુ મને અનુભવ એવો થયો કે સ્વામીશ્રી સહેજે બદલાયા નથી. કોઈ પણ દેશ એમને બદલી શક્યો નથી કે તેમના પર પ્રભાવ પાડી શક્યો નથી. મને એવો અનુભવ થયો કે તેઓ જેવા છે તેવા જ છે. બીજી એક વસ્તુની મેં નોંધ કરી કે તમારી સંસ્થા રાજકીય નથી બની ગઈ. નહીંતર જ્યારે કોઈ પણ સંસ્થા આપની સંસ્થા છે એવડી મોટી સંસ્થા બને તો રાજકીય ક્ષેત્રમાં પ્રવૃત્ત થાય. તેમ નથી થયું તેનું કારણ તમારા નેતા છે તે ખૂબ જ આધ્યાત્મિક છે.'

ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને જ જીવનના કેન્દ્રસ્થાને રાખીને જિવાયેલા તેઓના નખશિખ આધ્યાત્મિક જીવનનું આ છે એકદમ સ્વચ્છ ઑડિટ!

વિશ્વપ્રસિદ્ધ 'સ્વામિનારાયણ અક્ષરધામ'(દિલ્હી)ના ઉદ્‌ઘાટન પ્રસંગે તેઓ પોતાની પ્રાસાદિક હિંદી ભાષામાં બોલેલા: 'આ અક્ષરધામ બનાયા હૈ, તો ઇસમેં ઐસી કોઈ ઇચ્છા નહીં હૈ કિ હમ સબસે બડા હો જાયે, હમારી દુનિયામાં પ્રતિષ્ઠા બઢ જાયે, કિ હમ યહી કાર્ય કરકે દૂસરોં કો દિખાયી દીયે કે હમ કૈસે કામ કરતે હૈ. ઐસી કોઈ ભાવના નહીં હૈ. યે અક્ષરધામ બનાયા હૈ વો જોગીબાપા કા સંકલ્પ. દરેક કો પ્રેરણા મિલે, યહાં જો આવે ઉસે આત્મા કી શાંતિ મિલે, ભક્ત હુએ ઔર કલ્યાણ હુએ ઐસી ભાવના સે કિયા...'

વિશ્વની અજાયબી સમા સ્થાનનું નિર્માણ કરવા પાછળનો તેઓનો હેતુ પૂરેપૂરો આધ્યાત્મિક જ હતો.

એક વાર વેળાવદરના ભાવિકે તેઓને કહ્યું: 'તમારા પારાયણમાં જેણે બડિયા(લાકડીઓ) લીધેલા તેનાંય ઢોર કેટલકેમ્પમાં સાચવવા માટે તમારા કાર્યકરોએ નોંધ્યા છે.' કહેનારાનો ભાવાર્થ એ હતો કે તમારો વિરોધ કરનારનાં ઢોર તો કેટલકેમ્પમાં સાચવવા માટે તમારે ન જ નોંધવા જોઈએ.

પરંતુ સ્વામીશ્રીએ કહેલું: 'એણે ભલે ને બડિયા લીધા! આપણે ભલાઈ શું કામ તજવી?'

તેઓની કોઈ પણ સેવા-પ્રવૃત્તિનું ગુરુત્વમધ્યબિંદુ આવી આધ્યાત્મિકતા જ રહેતી. 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર' તથા 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી' – આધ્યાત્મિકતાના નિચોડ સમા આ સિદ્ધાંતના પ્રવર્તન-સંવર્ધન માટે જ તેઓ જીવ્યા. તેઓએ જે કંઈ પણ કહ્યું, કર્યું, તે આ સિદ્ધાંત માટે; કારણ કે શાસ્ત્રપ્રણીત આ સિદ્ધાંતમાં જ વ્યક્તિગત સુખ, સામાજિક ઉત્કર્ષ અને વૈશ્વિક શાંતિનાં મૂળ છે.

તેઓએ ડાળી-પાંદડાં, ફળ-ફૂલને સાચવ્યાં-ખીલવ્યાં પણ આ મૂળની માવજત મૂકી નહોતી. તેઓની અનંત પ્રવૃત્તિઓમાં આ આધ્યાત્મિકતા જ સરસાઈ ભોગવતી રહી. સૌને તેઓની આ જ વિશેષતા ભીંજવતી રહી. યુગો સુધી શાસ્ત્રકારોએ જે વિચાર્યું, લખ્યું, તે સ્વામીશ્રીએ એક જ જીવનમાં જીવી બતાવ્યું. તેઓને જોયા બાદ શાસ્ત્રોનાં રહસ્યો જાણવાં કોઈ ભાષ્ય, ભાષાવિદ્ કે શબ્દકોશની જરૂર જ નહોતી રહેતી.

આવાં તો કેટકેટલાં એમનાં સ્વરૂપો! તેઓને અપલક કે ઉપલક, કોઈ પણ રીતે જોનારો ધરાયો નહીં. તેઓના સાંનિધ્યમાં *'દાસ કબીરા ભર ભર પીયા, ઔર પીવન કી આશ'* જેવો જ ઘાટ થઈ રહે. બાળક-બૂઢા કોઈનેય તેમનાથી ઊબકો ન આવે; ઊલટાનું સાથે રહેવાના અભરખા જાગે. 'अतिपरिचयाद् अवज्ञा भवति...' નિકટનો પરિચય થતાં કંટાળો ઊપજે એ લોકોક્તિ ધરાર ખોટી ઠેરવી. નિત નવું આવું તો કેટકેટલું પોતામાં સમાવીને વિશ્વપટે વિચરી ગયા તેઓ!!

જ્યારે તેઓના આ જીવનચરિત્રનું લેખન શરૂ થયું ત્યારે પ્રત્યેક હોઠ પર એક કુતૂહલજન્ય પ્રશ્ન ફૂટતો રહેલો કે

૧૭. શ્રી ડેમિઅન સ્મિથ.

'સ્વામીશ્રીના જીવનચરિત્રના કેટલા ભાગ(volume) થશે ?' અલબત્ત, પ્રશ્ન પૂછનારને જવાબ મેળવવાની ઉત્સુકતા નહોતી, કારણ કે પૂછનારા સૌ જવાબ જાણતા જ હતા કે 'સ્વામીશ્રીની ગાથા અનાદિ અને અનંત છે. તે પુસ્તકમાં પુરાય તેમ નથી.' ટાંકી કે કૂવા ઉલેચી શકાય પણ દરિયો શેં ઉલેચાય ? તેમ સ્વામીશ્રીનો સદ્‌ગુણસાગર પણ એવો જ અફાટ અને અગાધ. તેનો તાગ કેમ પામવો ?!

'History repeats itself.' ઇતિહાસ પોતે જ પુનરાવર્તિત થાય છે એમ ભલે કહેવાયું હોય, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના સંદર્ભમાં મન આ વાત સ્વીકારવા તૈયાર થતું નથી. તે તો વારંવાર પોકારી પોકારીને એમ જ કહી રહ્યું છે કે 'This history will never repeat.' પ્રમુખસ્વામી મહારાજ જે ઇતિહાસ સર્જી ગયા છે તે ફરી કદી પુનરાવર્તિત નહીં જ થાય. આવું જીવન કોણ જીવી શકશે ? અને આટલું કાર્ય કોણ કરી શકશે ? આ સવાલોના જવાબ જડે તેવા નથી.

એક વાર ગોંડલમાં કથા દરમ્યાન વચનામૃત વરતાલ પ્રકરણના ૧૦ના આધારે વાત નીકળી કે 'સાધુરૂપે ભગવાનનું સ્વરૂપ હોય તે ત્રીસ લક્ષણે યુક્ત હોય.' તે પર યોગીબાપાએ પ્રશ્ન પૂછ્યો કે 'આવું સ્વરૂપ કોણ ?'

'બાપા ! આપ.' એક હરિભક્ત બોલ્યા.

ત્યારે યોગીજી મહારાજે કહ્યું : 'એવા તો પ્રમુખસ્વામી છે.'

હા, ભગવાનનું સંતસ્વરૂપ હતા પ્રમુખસ્વામી મહારાજ. તેઓ માટે ગુરુએ જ આમ મહોર મારી આપેલી; જેનો અનુભવ સૌ કોઈને થતો રહેલો.

તા. ૨૪-૧૨-૧૯૮૮ના રોજ મોમ્બાસાની સત્સંગ-સભામાં પ્રમુખસ્વામી મહારાજ બિરાજેલા. તે સમયે એક મુસ્લિમ વિધવા મહિલા માતબર રકમનું દાન કરવા આવી પહોંચ્યાં. તેમણે નક્કી કરેલું : 'ખુદાતાલા જેવા કોઈ ઓલિયા ફકીર મળે તો મારે આ રકમનું દાન તેઓને કરવું.' દૂરથી સ્વામીશ્રીના પ્રથમ દીદાર થતાં જ તેમનો અંતરાત્મા પોકારી ઊઠેલો કે 'આ જ ખુદાતાલા જેવા ફકીર છે,' અને તેઓ એ રકમ દાનમાં આપી ગયા.

ગુલાબની સુગંધ કે ગોળનું ગળપણ આસ્તિક-નાસ્તિક, સ્ત્રી-પુરુષ, સાક્ષર-નિરક્ષર, દેશી-પરદેશી, હિંદુ-મુસ્લિમ જેવા કોઈ ભેદને ગાંઠતું નથી. તે સૌને સરખું જ અનુભવાય છે, કારણ કે તેમાં સુગંધ અને ગળપણ સ્વાભાવિકપણે રહેલાં છે, ઇન્જેક્શન મારીને દાખલ કરેલાં નથી. એ જ રીતે પ્રમુખસ્વામી મહારાજમાં ભગવાનનો વાસ નૈસર્ગિક હતો. તેઓને ભગવાનનો સાક્ષાત્કાર સાધનાસિદ્ધ નહીં પણ સહજસિદ્ધ હતો. તેથી જ સૌને આવી પ્રતીતિ-અનુભૂતિ થતી રહેતી.

એક સુપ્રસિદ્ધ અખબારના પત્રકારે તા. ૨૮-૨-૧૯૮૫ના રોજ તેઓને પૂછેલું : 'આપને ભગવાનનો સર્વપ્રથમ અનુભવ ક્યારે થયો હતો ?'

'પહેલેથી જ એ અનુભૂતિ છે.' સ્વામીશ્રી તરત બોલેલા.

સન ૧૯૯૮માં પુલિત્ઝર પુરસ્કાર વિજેતા રોનાલ્ડ પટેલે તેઓને પૂછેલું : 'આપ જ્યારે બાયપાસ સર્જરી પછી ભાનમાં આવ્યા અને આપને ખ્યાલ આવ્યો કે આપ પૃથ્વી પર છો ત્યારે આપને સૌથી પહેલો વિચાર કયો સ્ફુર્યો હતો ?'

'ભગવાનનો.' પળનાય વિલંબ વિના સ્વામીશ્રીએ કહ્યું.

'સર્જરી બાદ ભાનમાં આવ્યા ત્યારે આપને એવો ખેદ ન થયો કે હું અહીં પાછો આવ્યો, પરંતુ ભગવાન પાસે પહોંચી ન શક્યો ?' રોનાલ્ડે પુનઃ પૂછ્યું.

'ના, ભગવાન અખંડ સાથે જ છે.' સ્વામીશ્રીએ જણાવેલું.

આમ, પરબ્રહ્મ જેમાં અખંડ નિવાસ કરીને રહે તેવા અનાદિ અને અનંત અક્ષરબ્રહ્મનું તેઓ સાક્ષાત્ સ્વરૂપ હતા.

આવા પ્રમુખસ્વામી મહારાજનાં ૯૪ વર્ષ, ૮ માસ અને ૬ દિવસનાં જીવન-કાર્યને આ ગ્રંથશ્રેણીમાં સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જો કે આ સંપૂર્ણ અપૂર્ણ પ્રયત્ન જ છે. અહીં જે લખાયું છે તે એટલો અનુભવ તો ચોક્કસ કરાવશે કે પ્રમુખસ્વામી મહારાજ વિશે ઘણું લખવાનું બાકી રહી ગયું છે. '...पूर्णात् पूर्णमुदच्यते... पूर्णमेवावशिष्यते।' પૂર્ણમાંથી પૂર્ણ ઉલેચીએ તોપણ પૂર્ણ જ બાકી રહે છે તેમ.

વ્યાસ-વાલ્મીકિ જેવા સિદ્ધહસ્ત કલમવીરો પણ ભગવાનનાં ચરિત્રોને વર્ણવવાની અસામર્થી જાહેર કરીને છૂટી પડતા હોય તો પ્રમુખસ્વામી મહારાજના જીવનને ન્યાય આપવાની આપણી લાયકાત કેટલી ? ભગવાન સ્વામિનારાયણનાં ચરિત્રોનું વર્ણન કરવા માટે જ્યારે સદ્. નિષ્કુળાનંદ સ્વામી બેઠા ત્યારે તેઓથી બોલાઈ જવાયું છે : *'જેમ છે તેમ યશ હરિના, કહેવા સામર્થિ મારી નથી...'*[૧૮] જેને વર્ણવતી વખતે સાક્ષાત્ સરસ્વતીના હાથ કંપી જાય ત્યાં સારસ્વતોની શું વાત-વિસાત ?

આ રીતે અજ્ઞાનથી સંપૂર્ણ સભાન અને અસામર્થ્યથી પૂરેપૂરા વાકેફ હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજના જીવનને અંજલિ આપવાનો પ્રયાસ અહીં થયો છે, કારણ કે જેમ અમૃતના દરિયાનું એક બુંદ પણ મર્ત્યલોકના માનવીને


૧૮. ભક્તચિંતામણિ, પ્રક. ૩.

અમર કરવા માટે પૂરતું છે, તેમ સંપૂર્ણ એવા સ્વામીશ્રીનું આ અપૂર્ણ આલેખન પણ અપૂર્ણ એવા માનવીને સંપૂર્ણ કરવા માટે પર્યાપ્ત છે. તે મૃત્યુનાં વમળો વચ્ચે જ આપણને મૃત્યુંજય બનાવે તેવું છે.

બીજું, પ્રમુખસ્વામી મહારાજના જીવન-પ્રસંગોમાં માનવમાત્રને પીડતી-પીલતી સમસ્યાઓનું શાશ્વત સમાધાન છે. કૅનેડાના પૂર્વ સૉલિસિટર જનરલ શ્રી બોબ કપ્લાને સ્વામીશ્રીને ઉદ્દેશીને યથાર્થ કહેલું, ‘આપ એટલા બધા પવિત્ર અને નિર્મળ છો કે જગત જો આપના જીવનમાંથી બોધપાઠ લે તો તે યુદ્ધ, ગુનાખોરી અને આત્મવિનાશમાંથી મુક્ત થઈ જાય. આપની પાસે જીવનના જટિલમાં જટિલ પ્રશ્નોના વાજબી જવાબો છે.’

હા, પ્રમુખસ્વામી મહારાજે જે કંઈ આચર્યું-ઉચ્ચર્યું તે સંજીવનીસમ છે. માનવીને મુક્તિ, સમાજને શાતા અને સૃષ્ટિને શાંતિ આપે તેવું છે. સત્યસિદ્ધાંતોની ધરીના આધારે જિવાયેલું તેઓનું જીવન આવનારા અનેક યુગો સુધી પ્રસ્તુત – અપ ટુ ડેટ(up-to-date) રહેનારું છે. તેથી જ ગ્રંથલેખનનો આ પ્રયાસ છે.

ત્રીજું, વીતેલાં વર્ષોના મહાન વૈજ્ઞાનિક તરીકે જે પંકાયા તે આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહેતા: ‘હું મારા મનને રોજ સો વાર યાદ દેવડાવું છું કે મારું આંતરિક અને બાહ્ય જીવન, હયાત અને દિવંગત એવા મનુષ્યોના પરિશ્રમને આભારી છે. માટે મારે પણ એ જ રીતે જીવવું જોઈએ કે જેથી મેં જે કંઈ મેળવ્યું છે અને મેળવી રહ્યો છું તેનું ઋણ અદા કરી શકું.’



આ ગ્રંથરચનાનો એક હેતુ અહીં જણાવી તેવી ઋણાભિવ્યક્તિ પણ છે. ઊછરતાં-ઊછળતાં શિશુઓ, ખૂલતા-ખીલતા યુવાનો કે પાકટ-બળકટ વડીલો – ત્રણેય પેઢીનાં સૌ હૈયાં આજે કબૂલી રહ્યાં છે કે તેઓના જીવનમાં જે શાંતિ છે, સંસ્કાર છે, સંવાદિતા છે, સ્થિરતા છે, સલામતી છે તે પ્રમુખસ્વામી મહારાજને આભારી છે. સૌનાં હૈયે ખળખળતી આ લાગણીને અહીં લિપિમાં ઢાળી છે, પ્રમુખસ્વામી મહારાજનું યત્કિંચિત્ ઋણ ચૂકવવાનાં શુભ આશયથી.

અંતે,

એક હાથ કેટલી કુશળતાથી કાર્યો કરી શકે,
એક કાન કેટલી શ્રદ્ધા-સહાનુભૂતિથી સાંભળી શકે,
એક આંખ કેટલી નિર્મળતાથી નિહાળી શકે,
એક મગજ કેટલું દૂરંદેશીપણું દાખવી શકે,
એક મન કેટલું શુભ ચિંતવી શકે,
એક હૃદય કેટલી ઉદાત્ત ભાવનાઓથી છલોછલ હોઈ શકે,
એક ચહેરો કેટલો પ્રસન્ન-પ્રફુલ્લિત રહી શકે,
એક શાંત વિભૂતિ કેટલી સક્રિયતા પ્રેરી શકે....

પ્રમુખસ્વામી મહારાજના સ્મરણમાત્રથી આવું તો ઘણું ઘણું યાદ આવી જાય એમ છે; પણ ખાસ તો એ યાદ આવે કે આપણી પાસે આવા પ્રમુખસ્વામી મહારાજ એક જ હતા. હા, એક અને માત્ર એક જ. एकमेवाद्वितीयं ब्रह्म।

એ એક અને અદ્વિતીય બ્રહ્મનાં અનેક સ્વરૂપો આ ગ્રંથમાં વિલસી રહ્યાં છે. ચાલો, તેનાં દર્શન કરી પાવન થઈએ.

(બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિસ્તૃત જીવનચરિત્રના પ્રથમ ભાગની મુદ્રિત પૂર્વભૂમિકા) ◆

**સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા**

## હવે આવી રહ્યું છે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર

છેલ્લા કેટલાય સમયથી જેની ઇંતેજારી રહી છે એ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર હવે આપની સમક્ષ આવી રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીની કલમે આ વિસ્તૃત જીવનચરિત્રની બૃહદ્ ગ્રંથમાળા રચાઇ રહી છે.

આપને જણાવતાં હર્ષ થાય છે કે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવે રાજકોટ ખાતે આ જીવનચરિત્રના પ્રથમ ભાગનું ઉદ્‌ઘાટન થશે. ત્યારબાદ સંસ્થાના શિખરબદ્ધ મંદિરોના સ્વામિનારાયણ અક્ષરપીઠના વિક્રય કેન્દ્રો દ્વારા તે ઉપલબ્ધ થશે.

આવો, આપણા સૌના પ્રાણપ્યારા ગુરુહરિનાં આ જીવનચરિત્રમાં અવગાહન કરીએ અને જીવનને ગુરુસ્મૃતિઓથી રમમાણ કરીએ...

**શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનાં પુસ્તક વિક્રયકેન્દ્રમાંથી તા. ૧૫-૧૨-૨૦૧૮ પછી ઉપલબ્ધ...**

### પૂજ્ય જ્ઞાનનિધિદાસ, અટલાદરા, ઉં.વ. ૪૭, અક્ષરવાસઃ તા. ૧૪-૧૧-૨૦૧૮



પૂર્વાશ્રમમાં રઢુના વતની પૂજ્ય જ્ઞાનનિધિદાસ સ્વામીએ સન ૧૯૯૫માં સારંગપુરમાં પુષ્પદોલોત્સવમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે દીક્ષા ગ્રહણ કરી હતી. સારંગપુરમાં પ્રારંભિક સંત તાલીમ લીધા બાદ તેઓએ પરમ પૂજ્ય સ્વામીશ્રીની આજ્ઞાથી ગોંડલ, બોચાસણ તેમજ ભરૂચ મંદિરમાં રહીને સરળતાથી સેવા કરી હતી. છેલ્લાં છ વર્ષથી તેઓ અટલાદરા મંદિરમાં રહીને સત્સંગપ્રવૃત્તિમાં સેવા કરી રહ્યા હતા. સેવા-ભક્તિ-આહ્નિકમાં ખૂબ જ શ્રદ્ધા ધરાવતા તેઓ સત્સંગ-વાંચનમાં અને સ્વામિનારાયણ મહામંત્રના લેખનમાં રત રહેતા. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે તેઓએ અટલાદરાથી ચાણસદ સુધીની પદયાત્રા ૩૭૫ વખત કરી હતી. સંતોની છપૈયાથી ચાણસદ સુધીની પદયાત્રામાં પણ તેઓ શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. છેલ્લા કેટલાક સમયથી તેમને શારીરિક તકલીફો થતાં નિદ્રા અનિયમિત થઈ ગઈ હતી. છતાં સેવા અને ભક્તિમાં તેમનો એટલો જ ઉત્સાહ. આજ્ઞા પ્રમાણે સરળતાપૂર્વક સેવામાં સહકાર આપવો એ એમનું અંગ હતું. ભક્તિમય સાધુજીવન જીવીને તેમણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. અચાનક હૃદયરોગના હુમલાથી તેઓ અક્ષરધામનિવાસી થયા છે. તેઓના અક્ષરવાસથી સંસ્થાને એક સેવાભાવી, સરળ, ભજની સાધુની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### ભક્તરાજ ડૉ. શ્રી વેણીભાઈ ગુલાબભાઈ પંચાલ, મુંબઈ, ઉં.વ. ૭૯, અક્ષરવાસઃ તા. ૧૦-૧૧-૨૦૧૮



મુંબઈમાં ન્યુરોસર્જરીના પ્રથમ બેચના નિષ્ણાત સર્જન બનેલા ડૉ. શ્રી વી. જી. પંચાલ મુંબઈના એક સંનિષ્ઠ ભક્તરાજ હતા. મુંબઈની કે.ઈ.એમ. હૉસ્પિટલ, સાયન હૉસ્પિટલમાં વર્ષો સુધી સેવા આપનાર તેઓએ તબીબી ક્ષેત્રે અનેક સિદ્ધિઓ મેળવી હતી. સંતો, નાના-મોટા હરિભક્તોની મહિમાપૂર્વક સેવા-સારવાર કરનાર આ ભક્તરાજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના પ્રીતિપાત્ર હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પણ ઘણી તબીબી સેવા તેઓએ કરી હતી. તબીબી વ્યવસાયની વ્યસ્તતા વચ્ચે પણ તેઓ ઘાટકોપર મંદિરે સવાર-સાંજ આરતી-કથાવાર્તામાં નિયમિત આવતા. વચનામૃતના ઊંડા અભ્યાસી, નિર્માની, સેવાભાવી, ભક્તિવાળા ભક્તરાજે પ્રમુખસ્વામી નેત્ર હૉસ્પિટલ, સાયનમાં પણ ટ્રસ્ટી તરીકે સેવા આપી છે. મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર ભક્તરાજની વિદાયથી મોટી ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

– સાધુ ભક્તિપ્રિયદાસ(કોઠારી સ્વામી)◆

### ભક્તરાજ શ્રી નાથાલાલ ઓધવજી પંચમિયા, નવસારી, ઉં.વ. ૯૨, અક્ષરવાસઃ તા. ૪-૧૧-૨૦૧૮



મૂળ બાબાપર વાંકિયાના વતની શ્રી નાથાલાલ પંચમિયાને વારસામાંથી જ સત્સંગનો યોગ થયો હતો. મુંબઈમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી હોવા છતાં સ્વભાવે અત્યંત સરળ, નિર્માની, સેવાભાવી તથા સ્વાવલંબી હતા. સન ૧૯૬૦માં ગોંડલમાં બદલી થતાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વિશેષ યોગમાં આવ્યા. ત્યારબાદ ધોરાજી બદલી થઈ અહીં પોતાના ઘરે રવિસભાની શરૂઆત કરીને ધોરાજીમાં સત્સંગ વિકાસનો ખૂબ દાખડો કર્યો. સન ૧૯૮૬માં નિવૃત્તિ બાદ ૯ વર્ષ સુધી મુંબઈના દાદર મંદિર ખાતે, ત્યારબાદ ૨૨ વર્ષ સુધી નવસારી મંદિર ખાતે વિવિધ સેવાઓ કરી હતી. પ્રાજ્ઞ-૩ની પરીક્ષા તેમણે ૧૩મા પ્રયત્ને ૯૦ વર્ષની ઉંમરે પાસ કરીને સત્પુરુષનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આમ, જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા-પરાયણ જીવન જીવી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની અઢળક પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

## અભિનંદન

બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી તારલાઓને અભિનંદન...

### ડૉ. પરિમલ રમણભાઈ પટેલ, રખિયાલ : એમ.ડી.માં ગોલ્ડ મેડલ



રખિયાલ સત્સંગમંડળના સંનિષ્ઠ સભ્ય ડૉ. પરિમલ પટેલે ગુજરાત યુનિવર્સિટીની બી.જે. મૅડિકલ કૉલેજ, અમદાવાદ દ્વારા લેવાયેલી એમ.ડી. વિદ્યાશાખાની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થતાં મુખ્યમંત્રીશ્રીએ તેઓને ગોલ્ડ મૅડલથી નવાજ્યા છે. તેઓશ્રીને હાર્દિક અભિનંદન. ◆

### શ્રી નીલેશકુમાર બી. પ્રજાપતિ, આણંદ : પીએચ.ડી. થયા



આણંદ ક્ષેત્રના કાર્યકર શ્રી નીલેશકુમારે કૉમ્પ્યૂટર એન્જિનિયરિંગ શાખામાં 'ડાયનેમિક લોકેશન એરિયા પ્લાનિંગ' વિષયમાં શોધ નિબંધ પ્રસ્તુત કરતાં તેઓને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. હાર્દિક અભિનંદન. ◆









## દેશ-વિદેશમાં ઠેર ઠેર ઊજવાયા અન્નકૂટોત્સવ


(૧) અમેરિકાની રાજધાની કેપિટલ હિલ ખાતે ડર્કસેન સેનેટમાં ૨૬થી વધુ સાંસદોની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. દ્વારા આયોજિત અન્નકૂટ-દિવાળીની અનોખી ઉજવણી પ્રસંગે સંબોધન કરતા ભારતીય રાજદૂત શ્રી નવતેજ સરન. (૨) બી.એ.પી.એસ. મંદિર લંડન ખાતે યોજાયેલ વિશ્વખ્યાત અન્નકૂટોત્સવનાં દર્શને આવેલા લંડનના મેયર શ્રી સાદિક ખાને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીના આશીર્વાદ મેળવ્યા હતા. (૩) ઑસ્ટ્રેલિયાના મેલબર્ન, બ્રિસ્બેન, સિડની અને પર્થ જેવાં પાટનગરોની પાર્લામેન્ટમાં બી.એ.પી.એસ. દ્વારા યોજાયેલા અન્નકૂટોત્સવ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પર્થ મહાનગરના સ્થાનિક પાર્લામેન્ટમાં અન્નકૂટોત્સવની એક ઝલક.

Swaminarayan Prakash Gujarati, December-2018, Published on 1-12-18. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.









## બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને અર્પણ
## શ્રી સ્વામિનારાયણ આરતી, મહાપૂજા અને સહજાનંદ નામાવલિ...

કાર્તિક વદ પ્રતિપદાનો દિન એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની શુદ્ધ અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે કરેલા પ્રસ્થાનનો દિન. આ પવિત્ર તિથિએ તા. ૨૪-૧૧-૨૦૧૮ના રોજ બોચાસણ ખાતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વિશિષ્ટ અવસર યોજાઈ ગયોઃ શ્રી સ્વામિનારાયણ આરતી, શ્રી સ્વામિનારાયણ મહાપૂજા અને શ્રી સહજાનંદ નામાવલિનો. શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ સમક્ષ મંદિરના મધ્ય મંડપ તળે બિરાજીને મહંત સ્વામી મહારાજ તથા સંસ્થાના વરિષ્ઠ સંતોએ આ નવરચિત વૈદિક મહાપૂજા અને નામાવલિ દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને પૂજીને શ્રી સ્વામિનારાયણ આરતીથી વધાવ્યા હતા. સંસ્કૃત શબ્દોથી રચાયેલી આ આરતી તમામ ભારતીય ભાષાઓમાં સમજી શકાય તેવી સુંદર શબ્દ રચના ધરાવે છે. આ પ્રસંગે મંદિરની પરિક્રમા કરતાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની શોભાયાત્રામાં મહંત સ્વામી મહારાજ તથા વરિષ્ઠ સંતો જોડાયા હતા.



**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**